શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ૐ અર્હમ્

બુદ્ધિ-ધર્મ-ભક્તિ પ્રેમ-સુબોધ લબ્ધિસૂરીભ્યો નમઃ

# ચંદ્રજયોત દ્રષ્ટાંત સંગ્રહ ભાગ ત્રીજો

સરળ સ્વભાવી મુનિરાજ શ્રી ચંદ્રશેખર વિજયજી મ.સા. (થરાવાળા)



જન્મ-સંવત ૨૦૦૨ કા. વ. ૧૦ * દીક્ષા સંવત ૨૦૨૫ ને. સુ ૭ થરા.

સંપાદક : પૂ. જ્યોતિર્વિદ પૂ. આ. લબ્ધિસૂરીશ્વરજી મ. સા. ના
શિષ્યરત્ન પ્રવચનકાર મુનિરાજ શ્રી
ચંદ્રશેખરવિજયજી મ. સા. (થરાવાળા)

પ્રકાશક : પાંચ પોળ જૈન સંઘ. કલ્યાણનગર, શાહપુર અમદાવાદ.
તથા ચંદ્રજ્યોત પ્રકાશન મંદીર-થરા. તા. કાંકરેજ(B. K.)

શ્રી સંભવનાથાય નમઃ

વૃદ્ધિ-ધર્મ-ભક્તિ-પ્રેમ-સુબોધ-લબ્ધિ સૂરિભ્યો નમઃ

# ચંદ્રજ્યોત દ્રષ્ટાંત સંગ્રહ

## ભાગ ત્રીજો

## તથા ત્રિલોચના અમૃતવાણી

વૈરાગ્યમૂર્તિ આગમપ્રજ્ઞ, વર્ધમાન સંસ્થા સ્થાપક ।
સત્ક્રિયાભિરૂચી પરમત્યાગી, વંદુ ભક્તિસૂરીશ્વરાઃ ॥ ૧ ॥

વાત્સલ્યમૂર્તિ દીર્ઘદૃષ્ટા, સર્વેજીવા હિતચિંતકાઃ ।
વચનસિદ્ધિ કરૂણામયી, વંદુ પ્રેમ સુબોધસૂરિવરાઃ ॥ ૨ ॥


— સંપદક —

**મુનિરાજ શ્રી ચંદ્રશેખર વિજયજી**
**મ. સાહેબ (થરાવાળા)**



— પ્રકાશક —

**પાંચ પોળ જૈન સંઘ શાહપુર, કલ્યાણનગર**
**અમદાવાદ-૪ તથા**

**ચંદ્રજયોત પ્રકાશન મંદીર-થરા (B. K.)**
**તાલુકો : કાંકરેજ**

મૂલ્ય રૂા. ૫-૦૦

પુસ્તક
ચંદ્રજ્યોત દૃષ્ટાંત
સંગ્રહ-ભાગ ત્રીજો

સંવત ૨૦૩૯
આસો સુદ ૧૦ રવીવાર

નકલ : એક હજાર

કિંમત : પાંચ રૂપિયા

પ્રાપ્તિસ્થાન :
ચંપકલાલ ચીમનલાલ શાહ
શાહ કોલોની, પેટ્રોલપંપ પાસે
શાહપુર દરવાજા બહાર
અમદાવાદ-૪

મુક્તિલાલ જેચંદલાલ શાહ
વૃંદાવન ટેરીન સેન્ટર
બેંકના મકાનમાં-બજાર દીઓદર (B K.)

સંપાદક પરિચય :
પૂ. આ. ભક્તિસૂરીશ્વરજી મ. સા.
(સમીવાળા) ના સમુદાયના
પૂ. જ્યોતિર્વિદ્ આ. લબ્ધિસૂરીશ્વરજી
મ. સા.ના શિષ્ય રત્ન પ્રવચનકાર મુનિરાજ
શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા. (થરાવાળા)

પ્રકાશક : પાંચપોળ જૈનસંઘ કલ્યાણનગર, શાહપુર, અમદાવાદ-૪
મુદ્રક : ચીનુભાઈ મોહનલાલ શાહ, (પાટણવાળા) મંગળ પારેખનો ખાંચો,
શાહપુર, અમદાવાદ-૧

# અનુક્રમણિકા


| | | પાન નં. |
|---|---|---|
| ૧. | પ્રકાશકીય નિવેદન | ૩ થી ૫ |
| ૨. | પૂ. આ. લબ્ધિસૂરીશ્વરજી મ. સા.ની જીવનઝરમર | ૬ થી ૭ |
| ૩. | દાતાઓની યાદી | ૮ |
| | ગુરૂદેવની જીવનજ્યોત | |
| ૪. | ચાર પ્રશ્નો પર—<br>રાજા અને પ્રધાનપુત્રવધુનું દૃષ્ટાંત નં.–૧ | ૧ થી ૧૩ |
| ૫. | ધર્મના પ્રત્યક્ષ પ્રભાવ પર—<br>લક્ષ્મીભાઈ અને ઉદયનું દૃષ્ટાંત નં.–૨ | ૧૪ થી ૧૮ |
| ૬. | સંસારની અસારતા પર—<br>શ્રીમંત શેઠનું દૃષ્ટાંત નં.–૩ | ૧૯ થી ૨૯ |
| ૭. | સ્વાદલાલસુ પર—સંન્યાસીનું દૃષ્ટાંત નં.–૪ | ૩૦ થી ૩૫ |
| ૮. | સંતાન પ્રત્યેના પ્રેમ પર—<br>રાજુ અને તેની માતાનું દૃષ્ટાંત નં.–૫ | ૩૬ થી ૪૫ |
| ૯. | સંગના રંગ પર—<br>વહુનું દૃષ્ટાંત નં.–૬ | ૪૬ થી ૪૮ |
| ૧૦. | રક્ષાબંધન પર—<br>ભાઈ અને બહેનનું દૃષ્ટાંત નં.–૭ | ૪૯ થી ૬૨ |
| ૧૧. | અભિમાનથી પતન પર—<br>વિશ્વજિત પંડિતનું દૃષ્ટાંત નં.–૮ | ૬૩ થી ૬૬ |
| ૧૨. | માતાનું વાત્સલ્ય પર—<br>દીકરાની ભૂલ દૃષ્ટાંત નં.–૯ | ૬૭ થી ૬૮ |
| ૧૩. | યુવાની દિવાની પર—<br>બાવાજીનું દૃષ્ટાંત નં.–૧૦ | ૬૯ થી ૭૧ |
| ૧૪. | ભાગ્યની બલિહારી પર—<br>તીડા જોષીનું દૃષ્ટાંત નં.–૧૧ | ૭૨ થી ૭૫ |
| ૧૫. | વાણીના સંયમથી લાભ પર—<br>સાસુ વહુનું દૃષ્ટાંત નં.–૧૨ | ૭૬ થી ૭૭ |
| ૧૬. | કુટેવ છોડવા પર—<br>સંત તૈમુર લંગડાનું દૃષ્ટાંત નં.–૧૩ | ૭૮ |
| ૧૭. | ધર્મની અડગતા પર—<br>રૂપસુંદરીનું દૃષ્ટાંત નં.–૧૪ | ૭૯ થી ૮૪ |
| ૧૮. | અગંધન કુળના સર્પ પર—<br>નગરશેઠના છોકરાનું દૃષ્ટાંત નં.–૧૫ | ૮૫ થી ૮૮ |

# પ્રકાશકીય નિવેદન

અમારા શ્રી સંઘના પ્રબલ પુણ્યોદયે શ્રી પાંચપોળ જૈન ઉપાશ્રય કલ્યાણ નગર શાહપુર અમદાવાદમાં વર્દ્ધમાન તપોપદેશક પૂ. સ્વ. ભક્તિસૂરીશ્વરજી મ. સા. (સમીવાળા)ના પટ્ટધર શંખેશ્વરમાં ૧૦૮ પાર્શ્વનાથ દેરીઓયુક્ત જિનાલયના પ્રેરક–વર્તમાન ગચ્છાધિપતિ પૂ. આ. પ્રેમસૂરીશ્વરજી મ. સા. વાત્સલ્યનિધિ પૂ. આ. સુબોધસુરીશ્વરજી મ. સા.ના શિષ્યરત્ન જ્યોતિર્વિદ્ શાસન પ્રભાવક પૂ. આ. લબ્ધિસુરીશ્વરજી મ. સા.ના શિષ્યરત્ન પ્રવચનકાર મુનિરાજ શ્રી ચન્દ્રશેખર વિજયજી મ. સા. (થરાવાળા) સંવત–૨૦૩૮ની સાલમાં પોતાની જન્મભૂમિ થરામાં અનેરી શાસન પ્રભાવનાપૂર્વક ચાતુર્માસ પૂર્ણ કરી ચંડીસરથી છરીપાળતા સંઘમાં જીરાવળા તીર્થની તથા ખીમતથી છરી પાળતા સંઘમાં જીરાવળા તીર્થની યાત્રા કરી, જુના ડીસા દીક્ષા મહોત્સવમાં સમી માસ્તર મોતીલાલભાઈના સો ઓળીના પારણા પ્રસંગે મહોત્સવમાં થરા ડાહીબેનના પાંચસો આયંબીલના પારણા પ્રસંગે લોલાડા ઉપાશ્રયના ઉદ્દ્ઘાટન મહોત્સવ પ્રસંગે પધારી પાલીતાણા સ્થિરતા કરીને ટાણાથી છરીપાળતા સંઘમાં પાલીતાણા પધારેલ પાંત્રીસ દિવસની સ્થિરતામાં ૨૮ યાત્રા કરેલ. વિજયનગર અમદાવાદમાં ચૈત્રી ઓળીની અપૂર્વ આરાધના કરાવેલ. વર્ધમાન તપની ૪૩ મી ઓળીનું પારણું શાસનપ્રભાવના પૂર્વક કરેલ. પાલનપુર–પાટણ દીક્ષા પ્રસંગે વૈશાખ માસમાં પધારી ધ્રાંગધ્રા અંજનશલાકા પ્રતિષ્ઠા પ્રસંગ પધારતા અમદાવાદ પાંચપોળ જૈનસંઘ–કલ્યાણનગર શાહના સંઘના ટ્રસ્ટી સેક્રેટરી શ્રી ચંપકલાલ ચીમનલાલ તથા રતીભાઈ મણીલાલ શાહ ચાતુર્માસ માટે વિનંતી કરવા પધારતાં. જામનગર–થરા–શિહોરી સુરતની વિનંતી હોવા છતાં શાહપુર સંઘની આગ્રહભરી વિનંતીથી પૂજ્ય વડીલોની નિશ્રામાં લાભાલાભને કારણે **અમદાવાદ શાહપુર સંઘની** ચાતુર્માસ માટે વિનંતી સ્વીકારેલ. ગોદાવરી પ્રતિષ્ઠા પ્રસંગે પધારી વીતરાગ સોસાયટી દેવકીનંદન થઈ વિજયનગર ઉપાશ્રયના ઉદ્દ્ઘાટન પ્રસંગે પધારી. ઝવેરી પાર્ક–નાગજીભૂદરની પોળ–કૃષ્ણનગર–નરોડા–હઠીભાઈની વાડી–મંગલ પારેખના ખાંચે થઈ.

સંઘની આગ્રહભરી વિનંતીથી સંવત ૨૦૩૯ની સાલમાં પ્રવચનકાર મુનિરાજશ્રી ચન્દ્રશેખર વિજયજી મ. સા. (થરાવાળા) તથા મુનિરાજશ્રી ચંદ્રસેન વિજયજી મ. (ડેલાવાળા) ચાતુર્માસ માટે અષાડ સુદ–૬ ના પ્રવેશ કરેલ. પૂજ્યશ્રી

નિયમીત શ્રાદ્ધવિધિ. વિક્રમ ચરિત્ર પર અનેરી રોચક શૈલીમાં પ્રવચન આપતા હોઈ વિશાલ હોલ ચિક્કાર ભરાઈ જતો દર રવિવારે "લક્ષ્મીનો મોહ," "લુલીબાઈની લીલા," "અહમ્ અને મમ," "પુણ્ય અને પાપની થીયેરી" સુખી થવાના સરળ ઉપાયો, સાચો સુખી કોણ, કલિયુગ કેવો ભયંકર છે, "ભાવના ભવ નાશિની," "જૈનં જયતિ શાસનં," "આપણે કયાં જઈ રહ્યા છીએ" આદિ વિષયો પર જાહેર પ્રવચન આપતાં, પૂજ્યશ્રીની પ્રેરણાથી બે વાર આયંબીલ સિદ્ધગિરીના છઠ્ઠ. શંખેશ્વર પાર્શ્વનાથના અભિગ્રહ ચંદનબાળાના અઠ્ઠમ ખીરનું એકાસણું સામુદાયિક સારી સંખ્યામાં વિશિષ્ઠ પ્રભાવનાઓ પૂર્વક થયેલ દેરાસરની સાલગીરી નિમિત્તે શ્રા. સુ૧૦-થી શ્રા. વ-૧ સુધી ભવ્ય મહોત્સવ ઉજવાયો.

કાયમી સળંગ અઠ્ઠમ ચાલુ રહેલ રૂા. ૫૪ શ્રીફળ સાકરથી તેમનું બહુમાન થતાં. પૂજ્યશ્રીની રોચક શૈલીનાં પ્રવચનોથી માનવ મહેરામણ ખૂબ ઉભરાતો. પર્યુષણ પર્વમાં તો જાણે અપૂર્વ ઉલ્લાસ વર્તાઈ રહ્યો. ૧૬, ૧૧, ૧૦, ૯, ૮ અને ચોસઠ પહોરી પૌષધની સંખ્યા. ૧૫૧ થયેલ. પૂજ્યશ્રીની વાણીનો જાણે જાદુ ન હોય. તેમ સુપનની બોલી-વરઘોડાની બોલી. જ્ઞાનખાતાની ઉપજ. દેરાસર ઉપાશ્રયની સાધારણની ઉપજ છેલ્લા ઘણાં વર્ષોમાં રેકર્ડરૂપ થયેલા સામુદાયિક અઠ્ઠાઈ મહોત્સવ આદિ તપશ્ચર્યા નિમિત્તે ચૈત્યપરિપાટી રથયાત્રાનો વરઘોડો. તપસ્વીઓના બહુમાન-શાંતિસ્નાત્ર સહ ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ ભા. સુ. ૧૦ થી ભા. વ. ૧ સુધી થયેલ. જાણે પર્યુષણ પર્વ જ ન હોય એવું મહોત્સવમાં લાગતું. દરરોજ પાઠશાળાના બાળકો સુંદર ભાવના ઉપાશ્રયમાં ભાવતા. રાત્રીજગા સારા થયેલ તપસ્વીઓનાં પારણાં તારાચંદ ભલાજી તરફથી તથા શાંતીસ્નાત્ર સોમચંદ બાલાભાઈ પરિવાર તરફથી થયેલ. ચંદ્રજયોત ગહુંલી સ્પર્ધા યોજેલ.

ભા. વ. ૧૧ થી વર્ધમાન તપના પાયા નંખાતા ૫૦ની સંખ્યામાં પાયા નંખાયેલ પૂજ્ય મુનિરાજશ્રી ચંદ્રશેખર વિજયજી મ. સા. (થરાવાળા) વર્ધમાન તપની ૪૪મી ઓળી ભા. સુ. ૮ થી શરૂ કરેલ. તથા મુનિ ચંદ્રસેન વિજયજી (ડેલાવાળા) વર્ધમાન તપનો પાયો નાંખેલ.

દર શનિ રવી બાળકોના જીવન ઘડતર-સંસ્કાર સિંચન માટે ધાર્મિક શિબિર સામાયિક પૂર્વક બે કલાક યોજાતી શિબીર બાદ બાળકોને અલ્પાહાર તથા પ્રભાવના અપાતી અવાર-નવાર પરીક્ષાઓ લેવાતી. આશ્ચર્યની વાત તો એ છે કે આ વર્ષે બાળકો અતિચાર-અજીતશાંતિ-વંદિત્તુ-શાંતિ-હાલરડુ-પર્યુ-

ષણની થોય આદિ શુદ્ધિપૂર્વક બોલતા અને પૂજ્યશ્રીની પ્રેરણાથી પ્રોત્સાહનાર્થે સારૂં ઈનામ અપાતું. ચંદ્રજ્યોત લેખિત નિબંધસ્પર્ધા યોજેલ.

પૂજ્યશ્રીએ નાની ઉંમરમાં સંયમજીવનની સુંદર તાલીમ પ્રાપ્ત કરેલ છે. વક્તૃત્વની કલા ખૂબ જ ખીલેલ છે પૂજ્યશ્રીનો આનંદી સ્વભાવ હસતું મુખ ક્રિયા કરવાનો ઉલ્લાસ સંયમ જીવનમાં અપ્રમત ભાવ તથા વ્યાખ્યાનની સુંદર કલા અમારા માટે યાવજ્જીવ યાદગાર રહેશે પૂજ્યશ્રીનો સરળ સ્વભાવ મીઠી વાણીને અમારો સંઘ કેવી રીતે ભૂલી શકે. ચંદ્રજ્યોત ભક્તામર લકી ડ્રો સ્પર્ધા યોજેલ.

અંતમાં પૂજ્યશ્રીનું શાહપુરનું ચાતુર્માસ સંઘને યશસ્વી યાદગાર રહેશે.

પૂજ્યશ્રીએ ચાતુર્માસ દરમ્યાન વ્યાખ્યાન જાહેર પ્રવચનમાં સુંદર શૈલીમાં કહેલી વાર્તાઓ અનેકને વાંચવામાં ઉપયોગી પડે અને જીવનને સુખી શાંતિમય બનાવી શકાય તેવી સંઘની વિનંતીથી આ પુસ્તક રૂપે બહાર પાડેલ છે.

આ પુસ્તક છાપવા માટે પાંચપોળ જૈન સંઘના જ્ઞાનખાતામાંથી સુંદર સહકાર પ્રાપ્ત થયેલ છે તેમજ સંઘના બીજા સહાય દાતાઓ એ સુંદર સહકાર આપેલ છે તે બદલ આભાર. સંવત ૨૦૪૦ ની સાલનાં પંચાગ વર્ધમાન તપના પાયા નાંખનાર તરફથી છપાયેલ. બુકલેટ પંચાગ છપાયેલ.

પુસ્તક ટૂંક સમયમાં ચીવટપૂર્વક સુંદર મુદ્રણપૂર્વક તૈયાર કરી અપાવનાર ચીનુભાઈ મોહનલાલ શાહ પાટણવાળાનો આ તકે સહકારને અમે કેમ ભૂલી શકીએ.

લિ. પાંચપોળ શ્વે. મૂ. પૂ. જૈનસંઘ અમદાવાદ

---

ત્રિલોચના અમૃતવાણી—મુનિશ્રી ચંદ્રશેખરવિજયજી મ. (થરાવાળા)

આજે જ્યાં જોઈએ ત્યાં અશાંત્તિ દેખાય છે. રાષ્ટ્ર રાષ્ટ્રમાં ઝઘડા, સાસુને વહુ, પિતાને પુત્ર, શેઠને નોકર, ભાઈ ભાઇ, દેરાણી–જેઠાણી જ્યાં જોઇએ ત્યાં ઝઘડા દેખાય છે. તેનું કારણ શું ? આ બધાએ વિનયને વિદાયગિરી આપી છે. જ્યાં વિનય નથી ત્યાં દુઃખ છે. અશાંતિ છે. જ્યાં વિનય છે ત્યાં સુખી છે. શાંતિ છે.

## શાસન પ્રભાવક-જ્યોતિર્વિદ પ. પૂ આચાર્ય દેવ વિજય લબ્ધિસૂરીશ્વરજી મ. સા. ની જીવન ઝરમર

"ગુરૂ દીવો ગુરૂ દેવતા, ગુરૂ વિણ ઘોર અંધકાર
જે ગુરૂવાણીથી વેગળા, તે રડવડીયા સંસાર"

પૂ. આચાર્યશ્રીનું સંસારી નામ લહેરચંદભાઈ, જન્મભૂમિ લવાણા પિતાનું નામ રાયચંદભાઈ માતા કંકુબાઈના પાંચ સંતાન, તેમાં ત્રણ પુત્રો બે પુત્રી તેમાં ત્રીજો નંબર લહેરચંદભાઈ. નામ તેવા જ ગુણો. હસમુખો સ્વભાવ, પ્રભાવી ચહેરો, સત્યના પ્રેમી, અનાગ્રહી, ઉમદાગુણોના કારણે તેમનું પ્રભાવવાળું વ્યક્તિત્વ.


માસી ચંચળબેન તેમને દીક્ષા લીધી નામ હેતશ્રી લહેરચંદભાઈને નવકાર મંત્રનો નિયમ આપ્યો એકવાર અનાયાસ ધર્મ આરાધના કરવા ઉજમફઈની ધર્મશાળમાં ગયા. પૂજ્ય પ્રેમવિજયજી મ. (હાલ આચાર્ય) પૂજ્ય સુબોધ-વિજયજી મ. સાથે સત્સંગ થયો. દીક્ષાની ભાવના જણાવી. ઘી ન ખાવાનો નિયમ લીધો. માતા-પિતાજીના પૂછ્યા વિના અમદાવાદ પહોંચ્યા. ગુરૂ મહારાજ સુબોધવિજયજી પાસે દીક્ષા નરોડામાં સંવત ૨૦૦૬ ની મહા સુદ ૩ ના લીધી. નામ પાડયું મુનિ લબ્ધિવિજયજી. પૂ. આ ભક્તિસૂરીશ્વરજી મ. સા. ના સમુદાયમાં અમૂલ્ય કોહીનુર જવાહીર બન્યા.

સુંદર સ્વાધ્યાય, સંયમ જીવનની ઉત્તમ તાલીમ પામતા સમુદાયના નાના મોટા સૌ સાધુના દિલ જીતી લીધા જીવનમાં તેમણે છઠ્ઠ-અઠ્ઠમ અઠ્ઠાઈ નવ ઉપવાસ આયંબીલની ઓળી-દર ચૌદશે ઉપવાસ આદિ ઉગ્ર તપશ્ચર્યા કરી જીવનને ઉજજવળ બનાવ્યું. પૂજ્યશ્રી સારા વકતા બન્યા. તેમની વાણીમાં મધુરતા શબ્દો-દલીલો-તર્ક-દાખલાઓ કથાઓથી ભરપૂર હોય છે તેમની વિરતાની અનેક જગ્યાએ પ્રશંસા થાય છે. પૂજ્યશ્રી ઉગ્રવિહારી છે.


જામનગર પૂ. આ. વિનયચંદ્રસૂરીશ્વરજી મ. સા. સંવત ૨૦૩૦ ના માગશર સુદ પાંચમના ગણિપદથી વિભૂષિત કર્યા.

પુનામાં પૂ. આ. પ્રેમસૂરીશ્વરજી મ. સા. પૂજ્યશ્રીને સંવત ૨૦૩૨ના મહા વદી ૧૪ ના પન્યાસ પદથી ફાગણ સુદ ૫ ના આચાર્ય પદથી વિભૂષિત બનાવ્યા.

## જ્યોતિર્વિદ્ પરમ શાસનપ્રભાવક પ.પૂ. આચાર્ય
## લબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ



જન્મ સંવત ૧૮૮૯ આસો સુદ ૬ પાટણ
દીક્ષા : સંવત ૨૦૦૬ મહા સુદ ૩ અમદાવાદ
ગણિપદ : સંવત ૨૦૩૦ માગશર સુદ ૫ જામનગર
પન્યાસપદ : સંવત ૨૦૧૪ મહા વદી ૧૪ પુના
આચાર્યપદ : સંવત ૨૦૧૪ ફાગણ સુદ ૫ પુના



પ્રવચનકાર – ઉગ્રવિહારી – તપસ્વી

**મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા.**

( થરાવાળા )

પૂજ્યશ્રી શાસ્ત્રની વફાદારી પૂર્વક અનેક શાસન પ્રભાવના કરી રહ્યા છે. થરા-અમદાવાદ-ખંભાત-ભાવનગર-રાધનપુર-ધ્રાંગધ્રા-પુના-મુંબઈ આદિ અનેક શાસનપ્રભાવના પૂર્વક અનેક ચાતુર્માસ કર્યા છે. અનેક જીવોના ધર્મના પ્રેરક બનેલ છે. પૂજ્યશ્રી જ્યોતિષ શાસ્ત્રના સારા જાણકાર છે.

દીક્ષા પચ્ચીશી દરમ્યાન છરીપાળતા સંઘ, ઉજમણા આદિ કરાવ્યાં છે. ઉપાશ્રય-આયંબીલ શાળા પાઠશાળાઓ સ્થાપી છે. ખંભાત-ધ્રાંગધ્રા-ભાવનગર કપડવંજ જિનભક્તિ મંડળો સ્થાપ્યાં છે.

પૂજ્યશ્રીના શિષ્યો :-પુણ્યવિજયજી મ. ચંદ્રશેખરવિજયજી મ. ( થરાવાળા) શીલગુણવિજયજી, વિમલભદ્રવિજય નવરત્નવિજય આદિ શિષ્યો સુંદર સંયમ જીવનની આરાધના કરી રહ્યા છે અને અનેક જીવોને ધર્મ પમાડી રહ્યા છે.

અંતમાં શાસનના અધિષ્ઠાયક દેવો પૂજ્યશ્રીને દીર્ઘ આયુષ્યજીવન બક્ષે અને અનેક શાસન પ્રભાવનાના કાર્યો કરવામાં સહાય કરે એજ અભ્યર્થના. ભૂલચુક મિચ્છામિદુક્કડં

અંતેવાસી તેઓશ્રીના શિષ્ય.

લિ. મુનિરાજ ચંદ્રશેખરવિજયજી મ. ની કોટીકોટી વંદના.

સંવત ૨૦૩૯ શુક્રવાર આ. સુ. ૮) પાંચપોળ ઉપાશ્રય, અમદાવાદ

## મિતાક્ષરી મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા. (થરાવાળા)ની જીવનજ્યોત

સંવત ૨૦૦૨ના કા. વ. ૧૦ ના થરાનગરમાં જેચંદભાઈના ધર્મપત્ની કેસરબેનને ત્યાં જન્મ થયો. વ્યવહારીક અભ્યાસ થરા રાધનપુરમાં કર્યો. ધાર્મિક જ્ઞાન પ્રકરણ-ભાષ્ય-કર્મગ્રંથ-સંગ્રહણી ક્ષેત્રસમાસ આદિ શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા મહેસાણામાં કર્યો. સંવત ૨૦૨૫ વૈ. સુ. ૭ થરામાં મુનિરાજશ્રી લબ્ધિવિજયજી મ. સા. પાસે મહોત્સવ પૂર્વક દીક્ષા અંગીકાર કરી શંખેશ્વરમાં વડી દીક્ષા. ૧૬-૯-૧૦ તથા અઠ્ઠાઈઓ વર્ધમાન તપની ૪૪ ઓળી, ચારમાસી, દોઢમાસી, બાવીસ ભગવાનનાં એકાસણાં, વર્ષીતપ, ઉપધાન, પાંત્રીસું આદિ ઉગ્રતપશ્ચર્યા સંસારીપણામાં તથા દીક્ષા લઈને કરી. કપડવંજ, રાધનપુર, અમદાવાદ, ભાવનગર, પોરબંદર, વેરાવળ, મુંબઈ, પુના, ડીસા, પાટણ, ખંભાત, ધ્રાંગધ્રાં થરા આદિ ગામોમાં શાસનપ્રભાવના પૂર્વક ચાતુર્માસ કર્યા બાળકોની શિબીર, ઉગ્રતપશ્ચર્યા ક્રિયામાં ચુસ્તતા ઉગ્રવિહારી, વ્યાખ્યાનની કલા આદિ ઉત્તમ ગુણો પોતાના જીવનમાં પ્રાપ્ત કર્યા છે.

## શાહપુર પાંચપોળ જૈનસંઘ શુભ દાતાઓ

રૂા.

૩૦૦૧ પાંચપોળ જૈનસંઘ કલ્યાણ-
નગર શાહપુર અમદાવાદ
૧૫૧ શાહ વિમળાબેન શાન્તીલાલ
કચરાભાઇ (વલાદવાળા)
શાહ કોલોની અમદાવાદ.
૫૧ શાહ ફકીરચંદ છોટાલાલ
૫૧ શાહ મણીલાલ દલસુખરામ
૫૧ શાહ માધવલાલ મણીલાલ
૫૧ શાહ માણેકલાલ કચરાભાઈ
૫૧ શાહ ચંપકલાલ ચીમનલાલ
૫૧ શાહ રતીલાલ ચુનીલાલ
૫૧ શાહ તારાચંદ ભલાજી
૫૧ શાહ નટવરલાલ ધરમચંદ
૫૧ શાહ બાબુલાલ શંકરચંદ
૫૧ શાહ રતીલાલ લલુભાઇ
૫૧ શાહ કાન્તીલાલ ચુનીલાલ

રૂા.

૫૧ શાહ અમૃતલાલ મંગળદાસ
૫૧ શાહ જયંતીલાલ કેશવલાલ
૫૧ શાહ અમૃતલાલ ચીમનલાલ
૫૧ શાહ બાબુલાલ અમૃતલાલ
૫૧ શાહ જયંતીલાલ કેશવલાલ
૫૧ શાહ રતીલાલ અમૃતલાલ
૫૧ શાહ નવિનચંદ્ર રસીકલાલ
૫૧ શાહ જીવરાજ કૃષ્ણાજી
૫૧ શાહ હરખાજી ભાપચંદજી
૫૧ શાહ હસ્તીમલ ઊકાજી
૫૧ શાહ નાથાજી રૂપાજી
૫૧ શાહ ખેતમલ વર્ધીચંદ
૫૧ શાહ નરેશકુમાર લક્ષ્મીચંદ
૫૧ શાહ લીલાબેન મફતલાલ
૫૧ શાહ મણિબેન બબલદાસ
૫૧ શાહ કેશવલાલ મલીચંદ

# ચંદ્રજયોત દ્રષ્ટાંત સંગ્રહ ભાગ-ત્રીજો

## ૧

## ચાર પ્રશ્નોપર રાજા અને પ્રધાન પુત્રવધુનું દ્રષ્ટાંત

પ્રવચનકાર-મુનિરાજશ્રી ચંદ્રશેખર વિજયજી મ. સા. (થરાવાળા)

એક રાજાનો પ્રધાન બુદ્ધિશાળી નમ્ર અને વિવેકી હતો. એના ઉપર રાજાના ચારેય હાથ હતા. પોતાની કાર્યકુશળતાથી એણે રાજાનું દિલ જીતી લીધું હતું. તેથી રાજાને એ પ્રધાન પોતાના શ્વાસ પ્રાણ જેવો વહાલો હતો. દરેક કાર્ય રાજા પ્રધાનને પૂછીને કરતા આથી રાજયમાં બીજા નાના મંત્રીઓ તથા અમલદારોને ખૂબ ઇર્ષ્યા આવવા લાગી.

મહારાજા તો જ્યારે ને ત્યારે પ્રધાનની પ્રશંસા કર્યા કરે છે. દરેક કાર્યમાં રાજા એને પૂછે આપણને તો કોઈ દિવસ કંઈ પૂછતા નથી. ઇર્ષ્યાના કારણે આ બધા પ્રધાનની વિરુદ્ધમાં રાજાના કાન ભંભેર્યા કરતા હતા. પણ રાજા કોઈની વાત સાંભળતા નહિ. એટલે બધા ઇર્ષ્યાળુઓએ ભેગા થઇને પ્રધાનને હલકો પાડવા માટે એક યોજના ઘડી ઇર્ષ્યાળુ માણસોમાંથી એક માણસે કયાંક એવું વાંચ્યું કે–

(૧) છે....છે....ને છે. (૨) નથી....નથી....ને નથી. (૩) નથી.... ને છે. (૪) છે ને નથી. તેઓ વિચાર કરવા લાગ્યા કે આનો અર્થ શું ? કોઇને એનો અર્થ સમજાયો નહિ. એટલે એમણે વિચાર કર્યો કે આપણા મહારાજાના પ્રધાન ખૂબ બુદ્ધિશાળી છે. એ આનો અર્થ સમજાવશે અને પ્રત્યક્ષ કરી બતાવશે આપણને આ ઠીક મળી ગયું.

એ લોકો રાજાની પાસે આવીને કહે છે સાહેબ ! આ ચાર મુદ્દા અમને કયાંકથી મળી આવ્યા છે પણ એનો અર્થ શું તે અમને

સમજાતું નથી. અમારે તો અર્થ સમજવો છે ને પ્રેકટીકલ–પ્રત્યક્ષ જોવું છે. અમે આપને તો આવું ન પૂછી શકીએ, પણ આપના પ્રધાનજી ખૂબ બુદ્ધિશાળી છે. ભલભલા આંટીઘૂંટીવાળા કોયડા સહેલાઈથી ઉકેલી શકે છે. તે અમારા આ ચાર કોયડા અમને પ્રેકટીકલ કરીને બતાવે તેમ કરો.

## "ઇર્ષ્યાળુ માણસોએ કરેલા પ્રપંચ"

પેલી ઇર્ષ્યાળુ કંપનીએ મહારાજાને એવી મીઠાશથી વાત કરી કે રાજાના મગજમાં વાત ઉતરી ગઇ ને મનમાં વિચાર કર્યો કે વાત બરાબર છે. હું પ્રધાનને વાત કરીશ બીજે દિવસે સભા ભરાઇ પ્રધાનજી સભામાં આવ્યા રાજાની બાજુમાં પોતાના આસને બેઠા પછી થોડી ઘણી રાજકાર્યની ચર્ચા કરીને રાજાએ પેલી વાત ઉપાડીને કહ્યું.

પ્રધાનજી તમારે આ ચાર બોલને પ્રેકટીકલ કરીને બતાવવાના છે. પ્રધાને કહ્યું સાહેબ કયા બોલ છે? એટલે રાજાએ કહ્યું. છે છે ને છે, નથી નથી ને નથી, નથી ને છે, છે ને નથી. આ ચાર બોલનો અર્થ શું છે તે પ્રેકટીકલ કરીને મને પ્રત્યક્ષ બતાવો. પ્રધાન અનુભવી ખૂબ હતો.

પણ તેમણે આવું કદી સાંભળ્યું ન હતું. એટલે વિચારમાં પડી ગયા કે આનો અર્થ શું? મને સમજાતું નથી છતાં હિંમત કરીને કહ્યું સાહેબ! આ કામ અઘરૂં છે. એનો અર્થ તો હું કદાચ તમને જલ્દી કહી દઉં પણ પ્રેકટીકલ કરીને બતાવવું કામ ખૂબ અઘરૂં છે. તેને માટે સમય જોઇએ માટે મને છ મહિનાની મુદત આપો. રાજાએ કહ્યું ભલે છ મહિનાની મુદત આપું છું પણ તમારે કરી બતાવવું તો પડશે જ.

જો પ્રેકટીકલ કરીને નહિ બતાવો તો હું તમારા આખા કુટુંબને કેદમાં પુરી દઇશ ને તમને તો મારી મરજી મુજબ શિક્ષા કરીશ. તમારા ઘરબાર–મિલ્કત બધું હું જપ્ત કરી લઇશ. આતો રાજા–

વાજાને વાંદરા રીઝે તો ગામ દઈદે ને ખીજે તો જીવ લઈ લે રાજાને પ્રધાન કેટલો વહાલો છે પણ અત્યારે કેવી પરિસ્થિતિ ઉભી થઈ!

પ્રધાને કહ્યું ભલે સાહેબ! હું બરાબર કરી બતાવીશ પ્રધાને હાતો પાડી દીધી પણ મનમાં મૂંઝવણ થવા લાગી કે આ શું? અને કેવી રીતે પ્રત્યક્ષ કરી બતાવવું? કદાચ એનો જવાબ તો હું ગમે તેમ આપી દઉં પણ પ્રેકટીકલ કરીને કેવી રીતે બતાવવું!

## "પ્રધાનને ચિંતામાં જોતી પુત્રવધુ"

પ્રધાન એને માટે ઘણી ઘણી શોધખોળ કરવા લાગ્યો પણ એનો કોઇ ઉપાય જડતો નથી. આ વાતને બે મહિના વીતી ગયા પણ કંઇ સમાધાન થતું નથી એટલે પ્રધાનજીની ચિંતા વધવા લાગી ઘેરથી રાજસભામાં જાય ને સાંજે ઘેર આવે. ખાય પીવે બોલે ચાલે પણ બધું જ કાર્ય ઉદાસીનતા પુર્વક કરે છે. પ્રધાનના પુત્રની વહુના મનમાં વિચાર થયો કે હમણાંથી મારા સસરાજી ખૂબ ઉદાસ રહે છે. એનું શું કારણ હશે? પુરૂં ખાતા પણ નથી. નક્કી કોઈ મોટી ચિંતામાં હશે! પણ સસરાને પુછાય કેવી રીતે? એ જમાનામાં મર્યાદા કેટલી હશે? કે વહુ કદી સસરાને આડી ન ઉતરે. એનો અવાજ પણ સસરા ન સાંભળી શકે. પણ આજે તો મર્યાદાએ હદ વટાવી છે.

આ પુત્રવધુ ખૂબ ચતુર હતી. પોતે સસરાજીને પુછવા ન ગઈ પણ એની સાસુને કહ્યું બા તમે માનો ન માનો પણ છેલ્લા બે મહિનાથી મારા સસરાજી કોઈ ઉપાધિમાં હોય તેમ લાગે છે. એમનું મુખ કેટલું ઉદાસ થઇ ગયું છે. ત્યારે સાસુએ કહ્યું બેટા! તું તો હજી નાની છે તને શું ખબર પડે? તારા સસરા રાજાના પ્રધાન છે. રાજ્યમાં તો અનેક પ્રકારની ઉપાધિઓ અવાર નવાર આવ્યા કરે.

એટલે કોઈ વાર એવું બની જાય ત્યારે ઉદાસ બની જાય બીજું કંઈ કારણ નથી. વહુએ કહ્યું બા! એવી બાબતમાં કંઈ આટલી બધી ચિંતા ન થાય. એતો એકાદ બે દિવસ માટે હોય પણ આટલા

દિવસ સુધી ન બને. ત્યારે સાસુએ કહ્યું વહુ ! તારી ભૂલ થાય છે. તું ખોટી ચિંતા ન કર. વહુએ કહ્યું બા ભલે તમને એમ લાગતું ન હોય પણ મને પરણીને આવ્યા એક વર્ષ થયું ત્યારથી હું જોઉં છું કે બાપુજી દરરોજ બહારથી આવતા ત્યારે આનંદ કિલ્લોલ કરતા આવતા સાથે કંઇને કંઇ લેતાં આવતા. અને ઘરમાં બધાની સાથે પ્રેમથી વાતચીત કરતા હતા. અને અત્યારે ઘરમાં આવે છે–જાય છે ખાયપીવે છે બધું કરે છે. પણ એમનું મન ઉદાસને ચિંતાતુર દેખાય છે. અત્યારે કંઇ હસતા–બોલતા નથી અને એમનો ખોરાક પણ અડધો થઇ ગયો છે.

## "સાસુને વિનંતી કરતી ચતુર વહુ"

સાસુએ કહ્યું બેટા એવું કંઇ નથી આપણે એવા રાજકાજમાં માથું ન મરાય પણ વહુ માનતી નથી એ તો કહે છે. બા તમે ભૂલ કરો છો. પતિના સુખમાં ને દુઃખમાં પત્નીએ ભાગીદાર બનવું જોઇએ. પતિ મૂંઝવણમાં હોય ત્યારે પત્નીએ મિત્ર જેવા બનીને પતિને સલાહ આપવી જોઇએ.

અને એમની મૂંઝવણ ચિંતા દૂર કરવા માટે જે બને તે આપણે કરવું જોઈએ માટે બા ! આપ પિતાજીને એકાંતમાં બેસાડીને પૂછો તો ખરા પણ સાસુએ વહુની વાત લક્ષમાં ન લીધી પ્રધાનજીની ચિંતા દિવસે દિવસે વધવા લાગી. એની ભૂખ ભાગી ગઇને ઉંઘ ઉડી ગઈ. શું કરવું અને કેવી રીતે બતાવવું ક્યાં જવું પણ ઘરમાં કોઇને વાત કરતા નથી. આમ કરતાં ચાર મહિના વીતી ગયા. હવે માત્ર બે મહિના બાકી રહ્યા છે.

પ્રધાનજીની મૂંઝવણ વધતી જવા લાગી. ફરીને વહુ સાસુને કહે છે બા ! આ મારા સસરાના મુખ સામું જોવાતું નથી. એમનું શરીર તો લાશ જેવું થઈ ગયું છે. જે વડલાની છાયામાં બેસીને આપણે લીલા લહેર કરીએ છીએ. તે વડલાના મૂળીયા અંદરથી સૂકાવા

લાગ્યા છે. જો મૂળિયાં તદ્દન સૂકાઈ જશે તો આ ડાળી અને પાંદડાં કોના આધારે લીલા રહેશે ?

આપણે સોનાના શિખર ઉપર બેઠા છીએ અને સુખ ભોગવી રહ્યા છીએ. પણ એ શિખરનો સ્તંભ તૂટી પડશે તો આપણા બધાનું શું થશે ? આપણા જીવનના મૂળિયા સમાન આધાર સ્થંભ સમાન પિતાજી જ્યાં સૂકાઇ રહ્યા છે ત્યાં આપણને ખાવું પીવું કેમ ગમે ! બા ! આટલી મારી વિનંતી સાંભળો ને તમે બાપુજીને પૂછો કે તમને શી ચિંતા છે ! ત્યારે સાસુજીએ મુખ મચકોડીને કહી દીધું વહુ તમે જ તમારા સસરાજીને પુછી લો હું નહિ પુછું.

## "વિવેકી વહુએ સસરાજીને કરેલી વિનંતી."

વહુએ જાણ્યું કે મારા સાસુજી પૂછે તેમ લાગતું નથી તો કાંઇ નહિ હવે હું જ પૂછી લઉં. બીજે દિવસે સાસુ અને સસરા બેઠા હતાં તે વખતે પુત્રવધુ ત્યાં જઇને નમ્રતા પૂર્વક સસરાને પૂછે છે કે બાપુજી હું એક વાત આપને પૂછું વહુ, ઘરની કુળદેવી સમાન પવિત્ર હતી. બોલે તો જાણે મોઢામાંથી અમી ઝરતું ન હોય ! એમ લાગે.

એના નમ્રતા ને બોલવાની મીઠાશ જોઈને સસરાજીએ વિચાર કર્યો કે કોઇ દિવસ નહિ ને આજે મને આ પુત્રવધુ શું પૂછવા માંગે છે? સસરાએ કહ્યું બેટા ! તમારે જ પૂછવું હોય તે મને ખુશીથી પૂછો એટલે વહુએ કહ્યું પિતાજી ! ક્ષમા કરજો. હું પુત્રવધુ થઈને આપની સામે ઉભી છું પણ મને પોતાની પુત્રી સમજજો.

પિતાજી આજે ચાર—ચાર મહિનાથી આપ શાંતિથી જમતા નથી. સુખે ઉંઘતા નથી. કંઇ બોલતા નથી ચાલતા નથી આપ ઘરમાં આવો છો ને રાજસભામાં જાવ છો. આપ બહુ જ કાર્ય કરો છો. પણ આપનું મન ઉદ્વિગ્ન રહ્યા કરે છે. આપનું મુખ ચિંતાતુર દેખાય છે. આનંદનું તો નામનિશાન નથી. પહેલાં તો આપ કેટલા પ્રેમથી આનંદથી બધાથી સારૂં બોલતા હતા.

રાજસભામાં કંઈક નવીન બન્યું હોય તે ઘેર આવીને કહેતા હતા. હમણાં તો આ બધું બંધ થઇ ગયું છે આનું કારણ શું ? આ સાંભળીને પ્રધાને કહ્યું, બેટા ! તમે તો હજુ છોકરા જેવા કહેવાઓ. તમને કહેવાથી શું ? મારા મન ઉપર જે ચિંતા છે તેને કોઇ દૂર કરી શકે તેમ નથી. આટલું બોલતાં પ્રધાનનું હૃદય ભરાઈ આવ્યું.

## "પૂત્રવધુએ આપેલી હિંમત"

પુત્રવધુએ કહ્યું. ઓ પિતાજી ! આપ એવું શા માટે માનો છો ! કે નાના છોકરાને કહેવાથી શું ? ઘણીવાર જે વડીલો ન કરી શકે તે નાના છોકરા પણ કરી શકે છે. પુરૂષો ઘણીવાર એમ માને છે કે અમે જ બધું કરી શકીએ છીએ. સ્ત્રીઓ શુ કરી શકે ? પણ તેવું ન માનશો ? ઘણીવાર નર જે ન કરી શકે તે નારી કરી શકે છે. નારીમાંથી નારાયણી બની શકે છે.

પ્રધાનની પુત્રવધુ કહે છે કે પિતાજી ! હું ભલે નાની છું પણ મને આપની ચિંતાનું કારણ કહો તો ખરા ત્યારે સસરાજી કહે છે કે વહુ બેટા સાંભળો આજે આપણે સુખના સાગરમાં સ્નાન કરી રહ્યા છીએ. આ સુખના સાગર બે મહીના પછી સૂકાઈ જવાનો છે અત્યારે આપણે બધા આ સુંદર મહેલમાં રહીએ છીએ તે મહેલ છોડીને જેલમાં વસવાનો પ્રસંગ આવશે. પુત્રવધુએ પુછયું પિતાજી ! આપ શા માટે એમ કહો છો એનું કારણ શું છે !

પ્રધાને કહ્યું કે રાજા સાહેબે ! મને ચાર પ્રશ્નો પુછયા છે. પ્રશ્નોના જવાબ પ્રેકટીલ કરીને આપવાના છે તેમાં શું કરવું એની મને તો સમજ પડતી નથી. રાજાએ છ મહિનાની મુદ્દત આપી છે તેમાં ચાર મહિના તો પુરા થઈ ગયા. ફક્ત બે જ મહિના બાકી છે પુત્રવધુએ કહ્યું– પિતાજી ! તમે ચિંતા ન કરો પ્રશ્ન શું છે. એ તમે મને કહો.

પ્રધાને કહ્યું–દીકરી એ પ્રશ્નમાં શું કહેવા માંગે છે તેજ મને ખબર પડતી નથી. મારા જેવા અનુભવી માણસની બુદ્ધિ કામ કરતી નથી. તો પછી તમે કેવી રીતે જવાબ આપી શકશો. પણ પુત્રવધુએ તો હઠ પકડી કે મને કહો ને કહો એટલે પ્રધાન કહ્યું છે છે ને છે, નથી નથી ને નથી, નથી ને છે, છે ને નથી આ ચાર પ્રશ્નોના પ્રેક-ટીકલથી જવાબ દેવાના છે.

તેથી હું ચાર મહિનાથી બાઘા જેવો થઈને ફરું છું બેટા ! મારી મતિ મુંઝાઇ ગઇ છે. ત્યારે પુત્રવધૂએ હસીને કહ્યું પિતાજી ! આમ આટલી બધી ચિંતા શું કરો છો ? આતો અમારૂં નાના છોકરાનું કામ છે. મને તો આવા પ્રશ્નોનો બહુ શોખ છે. પ્રધાને કહ્યું દીકરી ! આ કંઇ મોઢે જવાબ આપવાના નથી. પ્રેકટીકલ કરીને બતાવવાનું છે ભલે પિતાજી ! ચિંતા નહિ કરો હુ રાજાની સામે પ્રેકટીકલ કરીને બતાવીશ.

મારા માતા પિતાએ મને કરીયાવરમાં દાગીના અને કપડાંતો ઘણાં આપ્યા છે. ભેગા ધર્મનાં સુસંસ્કારો પણ કરીયાવરમાં આપ્યા છે. અમે ભાઇ બહેનો નાના હતા. ત્યારે અમારા માતપિતા અમને આવા પ્રશ્નો ખૂબ સમજાવતાં હતાં. એટલે મનેતો ચિંતા થતી જ નથી.

આ દીકરીના માતા–પિતા કરોડપતિ હતા ને સાથે ધર્મીષ્ઠ પણ હતા એટલે સારા સંસ્કાર આપ્યા હતા કે તારા સાસરે તું પ્રેમથી રહેજે સાસુ સસરાનો વિનય કરજે કદાચ તને કંઈ કહે તો સહન કરજે પણ સામું ન બોલતી સાસુ સસરા અને પતિના સુખમાં જેમ સદભાગી બને તેમ તેમના દુખમાં પણ તું સહભાગી બનજે.

**"પુત્રવધુના જવાબથી પ્રધાનને થયેલી શાંતિ."**

પ્રધાને કહ્યું બેટા તમે કેવી રીતે જવાબ પ્રશ્નના આપશો. પહેલાં આપણા ઘરમાં જ અમને બધાને પ્રેકટીકલ કરીને બતાવો

તો મને શાંતિ થાય. વહુએ કહ્યું પિતાજી ! તમે બેફિકર રહો. તમે રાજાને કહી દેજો કે હું પ્રેકટીકલથી તમારા પ્રશ્નોના જવાબ આપીશ. પછી હું બધું સંભાળી લઇશ. પ્રધાને કહ્યું તમે કરીને ન બતાવો ત્યાં સુધી મને શ્રદ્ધા કયાંથી રહે તમે એક પ્રશ્નનો જવાબ તો આપો.

વહુ ખુબ હોંશિયાર હતી. એટલે મનમાં વિચાર કર્યો કે જો હું આ લોકોને અહીં બતાવી દઇશ. તો એનું કંઇ મહત્વ નહિ રહે. એની શ્રદ્ધા નહિ વધે. જેમ વણિકના દીકરાને નવકારમંત્ર આપો તો કાંઈ કિમત નહિ પણ ઈતર કોમના માણસોને નવકારમંત્ર એ મહાન મંત્ર લાગે છે. એના ઉપર એને અથાગ શ્રદ્ધા હોય છે ત્યારે વાણીયાના દીકરાના મનમાં તો એમ થાય કે આ નવકારમંત્રમાં શું છે ! આ તો મારા નાના છોકરાને પણ આવડે છે. પોતાને તો શ્રદ્ધા નહિ ને બીજાની પણ શ્રદ્ધા તોડી નાંખે.

## "પિયર જઈને કરેલી તૈયારી"

પ્રધાનની પુત્રવધુએ કહ્યું બાપુજી ! તમે ચિંતા ન કરશો.... હું રાજસભામાં તમને બતાવીશ અહીં નહિ બતાવું પણ હવે મને થોડા દિવસ મારા પિયર જવાની આજ્ઞા આપો. હું આઠ દિવસમાં પાછી આવી જઈશ. સાસુ સસરાએ વહુને જવાની રજા આપી. આ પુત્રવધુના પિતાજી એટલા બધા સુખી અને સજ્જન હતા કે એમની આખા નગરમાં ખૂબ પ્રતિષ્ઠા હતી. સામાજિક ક્ષેત્રમાં એ આગેવાન હતા ને ધાર્મિક ક્ષેત્રમાં પણ આગેવાન હતા. એમની વતી ખુદ નગરના મહારાજા પણ માન્ય કરતા એવા એ પવિત્ર અને સજ્જન પુરૂષ હતા.

દીકરી અચાનક આવી તેથી માતા–પિતાએ પૂછયું બેટા તું એકાએક કેમ આવી ? દીકરીએ માતા–પિતાને બધી વાત કરી કે મારા સસરાજીને રાજાએ ચાર પ્રશ્નો પૂછયા છે. તેનો જવાબ પ્રેકટીકલ કરીને આપવાનો છે. જવાબ નહિ આપે તો મારા સસરાને

ભયંકર શિક્ષા થશે ને આખા કુટુંબને જેલમાં જવું પડશે તો પિતાજી પ્રશ્નનો જવાબ તો આપની કૃપાથી હું સારી રીતે આપી શકીશ. પણ એ માટે મારે આપના સહકારની જરૂર પડશે. પિતાએ ને પુત્રીએ શું કરવું તે અંદરખાને નક્કી કરી લીધું.

આઠ દિવસ પિયર રહીને પ્રધાનની પુત્રવધુ સાસરે આવી ગઈ ને સસરાને કહ્યું પિતાજી મારે ચાર કબાટ જોઈએ છે બેટા! તમે કબાટને શું કરશો? પિતાજી પ્રેકટીકલ માટે મારે કબાટની જરૂર છે. પ્રધાને પુત્રવધૂના કહેવા પ્રમાણે પાછળના ભાગમાં હવા આવવા માટે ઝીણાં ઝીણાં કાણાં પડાવી કબાટ તૈયાર કરાવ્યા.

જે દિવસે પ્રશ્નોના જવાબ આપવાના છે. તેના આગલા દિવસે રાતના એ ચાર કબાટ રાજસભામાં બરાબર મધ્યમમાં ગોઠવી દેવામાં આવ્યા. એને એના પિતાજીને આવવાના સમાચાર આપ્યા હતા. તે પ્રમાણે આવી ગયા. એ બધી વાત પ્રધાનજીથી તેને ગુપ્ત રાખી હતી. ગુપ્ત રાતે એણે કબાટમાં જે કંઇ કરવાનું હતું તે બધું કરી લીધું.

રાજાએ આગલા દિવસે આખા નગરમાં ઢંઢેરોપીટાવ્યો હતો કે પ્રધાનજી મારા ચાર પ્રશ્નોના જવાબ સભા વચ્ચે પ્રેકટીકલ કરીને આપવાના છે એટલે આખું ગામ જોવા ઉમટયું. સૌના મનમાં એમ હતું કે છે છે ને છે, નથી નથી ને નથી આ બધા પ્રશ્નોના જવાબ કેવી રીતે આપશે? તમાશાને કંઈ તેડું હોય. આખી રાજસભા પ્રેકટીકલ પ્રશ્ન જોવા માટે ઠઠ ભરાઈ ગઈ. આખા ગામમાં કોઇ ઘેર રહ્યું નહિ હોય. સૌ જોવા માટે આતુરતાથી બેઠા હતા.

## "સભામાં સૌને આવેલી અધીરાઈ છે."

સમય જતાં રાજા–પ્રધાન બધા આવ્યા. રાજાએ કહ્યું, પ્રધાનજી! મારા પ્રશ્નોના જવાબ આપો. પ્રધાન વિચાર કરતો હતો કે આ વહુએ, ચાર મોટા કબાટ સભામાં ઊભા કરાવ્યા છે એમાં શું રાખ્યું હશે? અને એ હવે શું જવાબ આપશે? જ્યાં મહારાજાએ પ્રધાનને જવાબ આપવાનું કહ્યું કે

પુત્રવધૂ ઊભી થઈ ગઈ ને કહ્યું હે મારા માતા-પિતા તુલ્ય મહારાજા ! આ પ્રશ્ન તો મારા સસરાજી માટે સામાન્ય છે એમના દીકરા પણ એનો જવાબ પ્રેકટીકલ કરીને આપી શકે તેમ છે. અમારા ઘરમાં તો બધાને આવડે છે તો મારી ઇચ્છા એવી છે કે હું જ એનો જવાબ આપું.

અમે નાના આવું કામ સંભાળી શકીએ તેમ હોઇએ તો વડીલોને શા માટે તકલીફ આપવી જોઈએ ! મને આવા પ્રશ્નોના જવાબ આપવાનો શોખ છે માટે મને જવાબ આપવા દો મારી ભૂલ થશે તો મારા સસરાજી સુધારી લેશે. રાજાએ કહ્યું ભલે તમે જવાબ આપો. લોકોને અધીરાઈ આવી છે કે આ પ્રશ્નોના જવાબ શું હશે ?

સભામાં લોકોને જોવાની અધીરાઈ આવી છે. ચાર કબાટ લાવીને મૂકાવ્યા છે તેમાં શું કરામત હશે.

## "આશ્ચર્ય પૂર્વક સૌની દૃષ્ટિ પુત્રવધુ ઉપર"

ચતુર પુત્રવધૂએ કબાટ ઉપર પહેલેથી બોર્ડ લગાવ્યા હતા. તેમાં પહેલા કબાટ ઉપર છે છે ને છેનું બોર્ડ હતું લોકો કબાટ સામું જોઇ રહ્યા છે કે આમાં શું ભર્યું હશે ? સૌના આશ્ચર્ય વચ્ચે પ્રધાનની પુત્રવધૂએ પહેલા કબાટનું બારણું ખોલ્યું તો તેમાંથી સારા વસ્ત્રાલંકારોથી સજ્જ થયેલો એક પુરૂષ બહાર નીકળ્યો.

પુત્રવધૂએ મહારાજાને કહ્યું સાહેબ ! આપ આને પૂછો કે તે જન્મ ધરીને કદી દુઃખ જોયું છે ખરું ? તમને છે છે ને છેનો જવાબ પ્રેકટીકલથી મળશે. આ પુરૂષ બીજો કોઇ ન હતો પણ પ્રધાનની પુત્રવધૂનો બાપ હતો. એમને રાજા ને કહ્યું. સાહેબ મેં જન્મ ધરીને કદી દુઃખ જાયું નથી.

દુઃખ શું કહેવાય એ જ મને ખબર નથી. રાજાએ પૂછયું એનું કારણ શું ? પુત્રવધૂએ કહ્યું સાહેબ ! એમણે પૂર્વભવમાં ખૂબ દાન પુણ્ય કર્યા છે. દાન દેતાં પાછું વાળીને જોયું નથી સાધુ સંતોની

ખૂબ સેવા કરી છે. અને તપ પણ ખૂબ કર્યો છે એટલે પુણ્યની ટાંકી ભરીને આવ્યા છે. તેથી પૂર્વભવમાં એમની પાસે ઘણું હતું પૂર્વે આપીને આવ્યા છે એટલે આ ભવમાં એમને ઘણું મળ્યું છે. આ ભવમાં પણ સન્માર્ગે ધન વાપરતાં પાછું વાળીને જોતા નથી.

એટલે આવતા ભવમાં પણ એમને મળવાનું છે બીજ વાવ્યું છે. તો ફળ મળવાનું છે. એ તો નિઃશંક વાત છે ને ? એટલે એનો અર્થ છે છે ને છે આ આપના પ્રશ્નનો પ્રેકટીકલ જવાબ છે. આખી સભાને અને રાજાને ખૂબ સંતોષ થયો. પહેલા કબાટમાંથી આવો પુરૂષ નીકળ્યો એટલે લોકોના મનમાં થયું કે આ બીજા કબાટમાંથી કોણ નીકળશે ?

એમાં કોને પૂર્યો હશે? બીજા કબાટ ઉપર લખ્યું છે નથી નથી ને નથી. બીજા પ્રશ્નનો જવાબ માટે બીજું કબાટ ખોલ્યું તો હાથમાં માટીનું શકોરૂં લઈ ને ભીખ માંગનારો એક ભિખારી નીકળ્યો. એ બોલે છે. આપો માબાપ. આપો માબાપ હું ચાર દિવસનો ભૂખ્યો છું.

હે શ્રીમંતો તમે મારી ગરીબની પુકાર સાંભળો મને એક પૈસો આપશો તો તમને ભગવાન દશ લાખ રૂપીયા આપશે તમો મારો પોકાર સાંભળશો તો ભગવાન તમારો પોકાર સાંભળશે લોકો વિચારમાં પડી ગયા કે આ નથી નથી ને નથી એનો અર્થ કેવી રીતે બતાવે છે! સહુના આશ્ચર્ય વચ્ચે પુત્રવધૂએ રાજાને કહ્યું સાહેબ ! આને પૂછો કે તારી જિંદગીમાં કદી સુખ જોયું છે !

રાજાએ પૂછયું એટલે ગરીબે કહ્યું સાહેબ ! મેં કદી સુખ જોયું જ નથી. મારા જબ્બર પાપકર્મના ઉદયે સ્વપ્નમાં પણ સુખના દર્શન કર્યાં. નથી. આટલી ઉંમર થઇ પણ ભીખ માંગીને ખાઉં છું. ત્યાં પુત્રવધૂએ કહ્યું સાહેબ પૂર્વભવમાં એની પાસે કાંઇ ન હતું એટલે એણે દાન–પુણ્ય કર્યાં નથી તેથી આ ભવમાં એને મળ્યું નથી એટલે દાન–પુણ્ય કરી શકતો નથી તેથી આવતા ભવમાં પણ તેને મળવાનું નથી.

એટલે એનો અર્થ છે. "નથી નથી ને નથી." આ આપના બીજા પ્રશ્નનો પ્રેકટીકલ જવાબ બીજા પ્રશ્નના જવાબ સાંભળીને હવે લોકો ત્રીજા પ્રશ્નનનો જવાબ સાંભળવા માટે અધીરા બની ગયા કે આ એમાં તો બરાબર બતાવ્યું પણ હવે ત્રીજામાં કેવી રીતે બતાવશે?

"બે પ્રશ્નો જાણ્યા પછી ત્રીજા પ્રશ્ન માટે આવેલી પ્રજાજનોને અધીરાઈ ત્રીજા કબાટ ઉપર લખ્યું છે. નથી ને છે. પુત્રવધૂએ ત્રીજો કબાટ ખોલ્યો. તો એમાંથી એક સંન્યાસી બહાર નીકળ્યા એમને જૈન સાધુનો પરિચય થતાં કંચન-કામિનીનો ત્યાગ કર્યો હતો પોતાની જાતે ભિક્ષા માગી કરીને ખાતા હતા. આવા પવિત્ર સંત હતા.

પુત્રવધુએ કહ્યું સાહેબ! આ સંતને પૂછો કે તમારી પાસે કંઈ છે? સંતે કહ્યું કે મહારાજા અમે તો ફકીર કહેવાઇએ અમને પૈસા ન ખપે. રહેવા માટે ઘાસની કુટીર છે. તેમાં બેસીને ભગવાનનું ભજન કરૂ છું. પહેરવા માટે બે ભગવા કપડા રાખું છું. મને કોઇ જાતની ફિકર ચિંતા નથી. આવો હું મસ્ત સંત છું. મારી પાસે કંઇ જ નથી છતાં તમારા બધાથી હું મહાન સુખી છું.

તમારી આખી સભામાં કોઈને પૂછો કે તે મારા જેવો સુખી છે? હા જેને કંચન કામિનીનો મોહ છૂટયો નથી તે દુઃખી છે બાકી સાચા સંત જેવા કોઇ સુખી નથી. પુત્રવધૂએ સાહેબ જુઓ આ સંતપાસે અત્યારે રાતી પાઇ નથી. તેમણે સંપત્તિનો આ ભવમાં ત્યાગ કર્યો છે. તો આવતા ભવમાં ઘણું મળવાનું છે. એટલે આનું નામ "નથી છે." આ આપના ત્રીજા પ્રશ્નનો પ્રેકટીકલ જવાબ છે. આ રીતે ત્રણ પ્રશ્નો હલ થઇ ગયા હવે એક પ્રશ્ન બાકી છે.

ચોથા કબાટ ઉપર લખ્યું છે 'છે ને નથી' ચોથો કબાટ જ્યાં ખોલ્યો ત્યાં અંદરથી સારા વસ્ત્રાભૂષણો પહેરેલો એક શ્રીમંત માણસ નીકળ્યો. પુત્રવધૂએ કહ્યું સાહેબ આને તમે પુછો કે તારી પાસે ધન કેટલું છે? તે તારૂં ધન કયારે વાપર્યું છે? દુઃખમાં મદદરૂપ કોઈને થયો છે ખરો? કબાટમાંથી નીકળેલા માણસે કહ્યું સાહેબ! મારી

પાસે કરોડોની સંપત્તિ છે પણ કોણ જાણે કેમ હું વાપરી શકતો નથી ?

પ્રધાનની પુત્રવધૂએ સમજાવ્યું કે ઘણું ધન હોવા છતાં પોતે ખાતો નથી ને બીજાને ખાવા દેતો નથી એટલે પરભવમાં એને ક્યાંથી મળવાનું છે? માટે સાહેબ "છે ને નથી" ટૂંકમાં આ ભવમાં ઘણું "છે. પણ પરભવમાં કાંઈ મળવાનું નથી આ રીતે આપનો ચોથો પ્રશ્ન છે ને નથી" એનો આ પ્રેકટીકલ જવાબ.

આ ચારે પ્રશ્નનો પ્રેકટીકલ જવાબ મળવાથી રાજા તો ખુશખુશ થઈ ગયા અને ખુશ થઇને પુત્રવધૂના ગળામાં નવસેરો કિંમતી રત્નોનો હાર પહેરાવી દીધોને કહ્યું બેટા તું આજથી મારી પુત્રી છે. તું પ્રધાનના ઘરની પુત્રવધૂ નહિ પણ એક દેવી છે આજે તે મારી આંખ ખોલી છે. આ જવાબ આપ્યા પછી આખી નગરીમાં ચાર પ્રશ્નોના જવાબ વ્યાપક બની ગયા ને લોકો પોતાની શક્તિ પ્રમાણે દાન-પુણ્ય વધુ કરવા લાગ્યા. ઘરઘરમાં પ્રધાનની પુત્રવધૂની પ્રશંસા થવા લાગી કે બહેન નાની છે પણ એની બુદ્ધિ તો મોટી છે પણ ઈર્ષાળું કંપનીને પ્રધાનનું કાસળ કાઢવું હતું. પણ તેના બદલે રાજ્ય તરફથી પ્રધાનનું અને તેના કુટુંબનું ઉલ્ટું માન વધ્યું. આ ચાર પુરૂષોને કબાટમાં પુરવાને આ બધું કરવું તે સામાન્ય કામ ન હતું. પણ આ પુત્રવધૂના પિતા બહુ મોટા માણસ હતા. તે ખૂબ પવિત્ર હતા એટલે આ કામ પુત્રવધૂ કરી શકી.

પિતાની સહાયથી પોતાના સસરાજીને ચિંતામાંથી મુકત કર્યાને કુટુંબની ઈજ્જત વધારી પ્રધાને પણ ઘેર જઈને પોતાની પુત્રવધૂની મુક્ત કંઠે પ્રશંસા કરતા ધન્યવાદ આપ્યા. બેટા ! તે તો આજે મને મોટી મુશીબતમાંથી ઉગાર્યો છે. તે મારી ઇજ્જત સાચવી છે. ધન્ય તારી જનેતાને ! પુત્રવધૂએ કહ્યું પિતાજી ! મેં તો આમાં કંઈ જ કર્યું નથી આતો આપ વડીલોની કૃપા અને આશીર્વાદ છે.

# ધર્મના પ્રત્યક્ષ પ્રભાવ પર લક્ષ્મીબાઈ અને ઉદયનું દ્રષ્ટાંત

# ૨

સિદ્ધપુર પાટણમાં જ્યારે સિદ્ધરાજનું રાજ્ય હતું ત્યારની વાત છે. પર્યુષણ પર્વના દિવસો હતા. સંત વ્યાખ્યાન આપતા હતા. સંતો પણ સમયને અનુસરીને વ્યાખ્યાન આપે પાટણ જેવું મોટું શહેર છે. એટલે વ્યાખ્યાન સાંભળવા માટે હજારોની સંખ્યામાં માનવમેદની ઉભરાય છે. મોટા ઘરના શ્રીમંતો પણ પર્વના દિવસોમાં વ્યાખ્યાનમાં આવે છે ત્યાં શું બને છે? મેવાડના ઉદેપુરનો એક યુવાન તેના પાપકર્મના ઉદયથી ખૂબ ગરીબ બની ગયો હતો.

તે એટલો બધો ગરીબ કે જેને ખાવાના પણ સાંસા પડી ગયા હતા. એનું નામ ઉદય હતું. નોકરી માટે તે આખા ગામમાં ખૂબ રખડયો પણ તેને કોઇ નોકરી રાખતું નથી. તમે તમારા પુણ્યોદયથી સંપત્તિ પામ્યા છો પણ તેમાં તમારો એકનો જ હક્ક નથી. તમને જે મળ્યું છે તેનો સંવિભાગ કરો. કોઇપણ સ્વધર્મીની ખબર લો કે મારો સ્વધર્મી કઇ હાલતમાં છે? આ ગરીબ યુવાન ઉદેપુરની ગલીગલીમાં ઘૂમ્યો પણ કાંઇ આશ્રય ન મળવાથી પોતાના ઘેર પાછો આવ્યો. ત્યારે તેની પત્ની કહે છે તમને કમાવવાની ત્રેવડ ન હતી તો પરણ્યા શા માટે?

આ નાના બાળકોને શું ખવડાવું? જો રળવું ન હોય તો મારા ઘરમાં નહિ. તને ગળે ફાંસો ખાતાં આવડે છે કે નહિ કૂવો હવાડો જોયો છે કે નહિ? જુઓ આ સંસાર, આજ સુધી જેના પ્રત્યે

અત્યંત રાગ હતો. જે ખમ્મા સ્વામીનાથ કહીને બોલાવતી હતી તે પત્નીના આ કટુવચનો તેની છાતીમાં તીરની જેમ લાગી ગયા આ યુવાન જૈન હતો. સમજુ હતો એટલે એના મનમાં એમ થયું કે જો હું અહીં રહીશ તો રોજ આવા શબ્દો સાંભળવાથી મારા મનમાં કષાય આવી જશે અને તેથી મને આપઘાત કરવાનું મન થશે. ભગવાને તો કહ્યું છે કે—

અકામ મરણે મરવાથી જીવનો સંસાર વધે છે માટે એવા મરણે મરી ભવભ્રમણ વધારવું નથી એટલે કંઇપણ બોલ્યા વિના ઉદય પોતાના ઘરમાંથી બહાર નીકળી ગયો. એણે નિર્ણય કર્યો કે જો ધન કમાઉં તો જ આ ઘરમાં પગ મૂકું આખી દુનિયા સ્વાર્થની જ સગી છે. એની પાસે ગાડીભાડાના પણ પૈસા ન હતા એટલે પગપાળા ચાલતો એ પાટણમાં આવે છે ઉદયે વિચાર કર્યો કે આ ગામમાં મારૂં કોઇ ઓળખીતું નથી સગુંવ્હાલું નથી અને કદાચ હોય તો પણ મને ગરીબ હાલતમાં કોણ રાખે ? સૌ સુખમાં સગા થાય પણ જો દુઃખમાં કોઈ સગુ હોય તો મારા સાધુમહારાજ અને બીજો મારો ધર્મ છે. માટે જો ગામમાં ઉપાશ્રય હોય તો હું ત્યાં જાઉં. ત્યાંથી મને કોઇ કાઢી મૂકશે નહિ. એમ વિચાર કરી ઉપાશ્રયની તપાસ કરીને ઉપાશ્રય માં આવ્યો. પર્યુષણ પર્વના આગલા દિવસે બપોરથી ઉપાશ્રયમાં આવીને એક ખૂણામાં સામાયિક લઇને બેસી ગયો. સાંજે પ્રતિક્રમણ પણ કર્યું અને પોતાનો સમય ધર્મકરણીમાં વીતાવ્યો.

બીજે દિવસે વ્યાખ્યાન બેઠું છે હજારોની સંખ્યામાં માનવમેદની ભરાઈ છે આ ગરીબ યુવાનને જોઇને શ્રાવકો કહે છે કે અરે ! ભિખારી જેવો માણસ અહીં કયાં ઘૂસી ગયો કાઢો એને એમ કહી બાવડું પકડી બહાર કાઢવા મંડયા ત્યારે દયાના સાગર એવા સાધુ મહારાજ કહે છે ભાઈ! એ તમારૂં શું બગાડે છે ? એતો ગઇ કાલનો આવ્યો છે અને સામાયિક પ્રતિક્રમણ આદિ ધર્મ કરણી કરે છે અહીંથી શા માટે એને કાઢી મૂકો છો ! અહીં તો સર્વનો સમાન હક્ક છે.

મહારાજના કહેવાથી બધા શેઠીયાઓ તો ચાલ્યા ગયા. પણ કોઇના દિલમાં દયા ન આવી કે આ આપણો સ્વધર્મી, બંધુ છે. એના કર્મોદયથી બિચારો ગરીબ બની ગયો છે. એ અજાણ્યો છે તો લાવ એને પૂછીએ કે ભાઈ તું કયાંથી આવ્યો? ને તને શું દુઃખ છે! ત્રણ દિવસ આ યુવાન ઉદય ભૂખ્યોને તરસ્યો ઉપાશ્રયમાં પડયો રહ્યો પણ એની કોઇએ ખબર ન લીધી ત્યારે ભૂખના દુઃખથી પીડાયેલો એ ઉપાશ્રયના બારણા પાસે બેઠો છે.

આ ઉદય ઉપાશ્રયના બારણા આગળ બેઠો હતો એટલામાં એક શ્રીમંત શેઠાણી લક્ષ્મી નામની બાઇ વ્યાખ્યાન સાંભળવા આવી. બાઈનું નામ લક્ષ્મી હતું જેવા નામ તેવા તેનામાં ગુણ હતા. પ્રેમ ભર્યા શબ્દોથી એણે પુછયું વીરા તું કોણ છે? તું અહી ઉપાશ્રયના બારણામાં જ કેમ બેઠો છે? તારે શું દુઃખ છે? વીરા એટલા પ્રેમ ભર્યા શબ્દોથી જાણે એનું અડધું દુઃખ તો ચાલ્યું ગયું એના મનમાં આનંદ થયો. ઉદય કહે છે. બહેન હું ઉદેપુરનો એક ગરીબ જૈન છું મારી આ પરિસ્થિતિ છે. બહેન મારે પૈસા ટકા કાંઇ નથી જોઇતું મને કંઈક કામ આપો તો હું મારૂં ગુજરાન ચલાવીશ મારે વગર મહેનતનું ધન નથી જોઈતું લક્ષ્મીબાઈ ખૂબ શ્રીમંત શેઠાણી હતી. હીરાથી ઝગમગતી હતી. પણ તેનામાં અભિમાન ન હતું તે કહે છે ભાઇ! અત્યારે ગુરૂદેવનું વ્યાખ્યાન ચાલે છે. હું કલાક સાંભળીને આવું છું તું અહી બેસજે પછી તને મારે ઘેર લઇ જઇશ. લક્ષ્મીબાઇ વ્યાખ્યાન સાંભળીને તરત આવે છે. તું અહીં બેસજે. એ યુવાનની વાત સાંભળીને એનું હૃદય પીગળી ગયું હતું. આજે સ્વધર્મીની બંધુની સેવા કરવાનો મહાન લાભ મળ્યો છે.

એનો એના દિલમાં આનંદ હતો. જલ્દી આવીને તે કહે છે ભાઇ ચાલો મારે ઘેર ત્યારે ઉદય કહે છે બહેન! મને તમારે ઘેર આવતાં શરમ આવે છે. ત્યારે લક્ષ્મીબાઇ કહે છે વીરા! તારા જેવા સ્વધર્મી બંધુઓ મારા ભાઇઓ છે. તારે સંકોચ રાખવાનું કોઇ

કારણ નથી એમ કહીને ખૂબ આગ્રહ પૂર્વક તેને પોતાને ઘેર લઇ ગઇ. તેને સ્નાન કરાવી સારા કપડા પહેરાવી જેમ અઠ્ઠમના તપસ્વીને પારણું કરાવે તે રીતે એને જમાડયો ત્રણત્રણ દિવસના ભૂખ્યા માણસને આટલી સગવડતા આપે તેને અંતરના કેવા આશિષ મળે ?

તેમાં પણ અંતરના ઉમંગથી જે આવા દીન–દુઃખીની સેવા કરે છે. તેને મહાન લાભ મળે છે બધું કર્યા પછી લક્ષ્મીબાઇ કહે છે ભાઈ! તારી કહાણી સાંભળી મારૂં હૃદય પીગળી ગયું છે. મને તારી ખૂબ દયા આવે છે. હવે હું તારૂં જિંદગીનું દારિદ્ર ટાળી દઇશ. એમ કહી આ ઉદયને તેણે પોતાની પેઢી ઉપર નોકરી અપાવી. અને એને ખૂબ સારી શિખામણ આપી કે જો ભાઈ! તારા કર્મના ઉદયથી તારી આ દશા થઈ છે. પણ કોઇ દિવસ કોઇ ઉપકારીનો ઉપકાર ભૂલશો નહિ ને કદી વિશ્વાસઘાત કરવો નહિ. વિશ્વાસઘાત એ મોટામાં મોટું પાપ છે.

બહેનની શિખામણ તેણે હૃદયમાં ઉતારી અને બહેનને કહ્યું કે મારે રોજ સામાયિક પ્રતિક્રમણ અને ચૌવિહાર કરવાનો નિયમ છે માટે શેઠને કહેજો કે મને એટલો ટાઇમ નોકરીમાંથી છૂટી આપે ત્યારે બહેન કહે છે ભાઈ! એ તો ઘણા આનંદની વાત છે તું તારે તારાથી થાય તેટલી ધર્મક્રિયા કરજે. એમાં તને કોઈ રોકશે નહિ. આટલા દુઃખમાં પણ ઉદયે તેની ધર્મ પ્રત્યેની શ્રદ્ધા ન છોડી. ધર્મ માણસને કયાં સહાય કરે છે? ઘણા કહે છે ધર્મ પ્રત્યક્ષ કયાં દેખાય છે? ધર્મ તમને પ્રત્યક્ષ ન દેખાતો હોય તો પણ પરોક્ષ રહીને સહાય અવશ્ય કરે છે.

જેમ વૃક્ષનાં મૂળીયાં બહાર દેખાતાં નથી પણ જમીનમાં રહીને વૃક્ષને સહાય કરે છે. દુઃખમાં એ તમને બચાવે છે. માટે ધર્મને કદી ભૂલશો નહિ. અહીં પેલો યુવાન ઉદય જ્યારથી શેઠની પેઢી ઉપર આવ્યો ત્યારથી કુદરતી શેઠનો વહેપાર વધ્યો એટલે શેઠે ખુશ થઇને

તેનો પગાર વધારી આપ્યો. આ ઉદય શેઠની પેઢી ઉપર ખૂબ પ્રમાણિકતાથી કામ કરે છે. થોડા સમયમાં તો એ શેઠનો ખૂબ વિશ્વાસુ માણસ બની ગયો. એની પ્રમાણિકતા ને કાર્ય કરવાની કુશળતા જોઈ શેઠે એને ભાગીદાર બનાવ્યો ને પરિણામે તે એક મોટો શ્રીમંત બની ગયો.

એણે એટલી બધી ન્યાય ને પ્રમાણિકતા નીતિ પુર્વક વહેવાર કર્યો, દાન પણ ખૂબ કર્યું. જેથી એની પ્રમાણિકતાના ગામમાં ખૂબ વખાણ થયા. એની સદાચારની સુવાસ છેક રાજ્યમાં પહોંચી ગઈ. રાજ્યમાં પણ એનું ખૂબ માન વધી ગયું. છેવટે એને રાજા પાટણનો મહામંત્રી બનાવે છે. આ બધો ધર્મ પ્રત્યેની શ્રદ્ધાનો પ્રભાવ છે. ઉદયને આટલો મોટો બનાવવામાં ઉપકાર લક્ષ્મીબાઈનો છે. ધર્મની શ્રદ્ધાએ અસ્ત પામેલા ઉદયનો ભાગ્યોદય કરાવ્યો.

એવો મહામંત્રી બન્યા પછી ઉદય પત્નીને પાટણ તેડાવે છે. ગમે તેવો મંત્રી બન્યો પણ જીવનના અંત સુધી ધર્મને છોડયો નહિ. તમે લક્ષ્મીબાઈ જેવા બનજો. આ ધર્મના ધોરી દિવસોમાં દાન શિયળ તપ અને ભાવ એ ચાર દરવાજામાંથી એકમાં તો અવશ્ય પ્રવેશ કરજો. તો જ તમે પર્વની આરાધના સાચી કરી ગણાશે.

## ત્રિલોચના અમૃતવાણી

સાધુઓ તો ભગવાને પ્રગટાવેલાં દીપકમાં ફક્ત તેલ પૂરવાનું કામ કરવાનું છે, એટલે શાસ્ત્રને આધીન રહીને ઉપદેશ આપવાનો છે. પણ લોકોને રાજી કરવા માટે નહિ જેમ કોર્ટમાં કાયદા સિવાય ચાલે નહિ. વહેપારીને ચોપડા વિના તેમ સાધુને શાસ્ત્ર વિના ચાલે નહિ. જે સંસારનો ત્યાગ કરીને જિનેશ્વરના શાસનને અર્પણ થયા છે.

# સંસારની અસારતા પર શ્રીમંત શેઠનું દ્રષ્ટાંત

**3**

એક શ્રીમંત શ્રેષ્ઠી છે. તેમને વૈભવ વિલાસની કમીના નથી. એવા શ્રેષ્ઠીને ઘેર સૌંદર્યવાન કન્યા પરણીને આવી સંસારના મોહમાં પાગલ બનેલી કન્યા હરખાય છે કે અહો અહીંતો સ્વર્ગના સુખ છે. લીલા લહેર છે. અને પતિ પણ દેવરૂપ જેવા રૂપાળા છે પતિ–પત્ની બંનેના જીવનમાં મોજશોખ ઉડાડવા ભોગ ભોગવવા એ એમના જીવનનું લક્ષ હતું. ધર્મ શું અને કર્મ શું એનું એમને જ્ઞાન ન હતું.

પતિ કે પત્ની બેમાંથી એક જો ધર્મ સમજતા હોય તો એક બીજાને સમજાવે પણ આતો બંને મોહમાં પાગલ હતા કોણ કોને સમજાવે? શેઠ સંસારમાં ગળાબૂડ ખૂંચેલા હતા. પણ પુણ્યોદયે એક વખત એમને 'કોઇ આત્માર્થી' સંત ભેટી ગયા એમને સંતે સમજાવ્યું શેઠ આ સંસાર એકાંત દુઃખથી ભરેલો છે.

હે શેઠ! તમે જેમાં મોહ પામી રહ્યા છો તે તમારૂં જીવન અને રૂપ બધું વિજળીના ચમકારા જેવું ચંચળ છે આ લક્ષ્મીનો પણ શું ભરોસો છે. આજે છે ને કાલે ચાલી જાય. યુવાની પણ એક દિવસ નષ્ટ થઇ જશે. ને વૃદ્ધાવસ્થા આવી જશે કર્મ કોઈને છોડતા નથી આવું સમજીને જીવનમાં કંઇક ધર્મની આરાધના કરો.

આ શેઠ સંસારના રંગમાં રંગાયેલા હતા. મોહમાં ભાન ભૂલ્યા હતા પણ સંતની વાત તેમના ગળે ઉતરી ગઈ તેમનો સૂતેલો આત્મા જાગૃત થયો અને તે ધર્મના માર્ગે વળી ગયા દરરોજ સંત સમાગમ

કરવો સામાયિક પ્રતિક્રમણ શીખવું અને કરવું. તેમ તેમને લાગ્યું. આથી શેઠ દશતિથિ, ઉપવાસ આરાધના દાન વિગેરે ખૂબ કરવા લાગ્યા.

## "શેઠાણીના વિચારમાં વિષનો પ્રવેશ"

શેઠના જીવનની દિશા બદલાઇ ગઇ જાણીને સંસાર સુખની પ્યાસી શેઠાણી પણ મનમાં વિચારવા લાગી કે શેઠ તો દિવસે દિવસે ધર્મના ઢીંગલા થતા જાય છે હવે મારા સંસારની વાડી સૂકાવા લાગી મને શું સુખ ? આથી શેઠાણી રાતદિવસ ઝુરવા લાગી. ઘણી વાર રડતી ત્યારે શેઠ એને ધર્મ તરફ વાળવા ખૂબ પ્રયત્ન કરતા પણ ભારે કર્મી જીવને ધર્મની વાતો કયાંથી રૂચે !

એક તરફ શેઠની ધર્મમાં શ્રદ્ધા દઢ બની. ત્યારે બીજી તરફ શેઠના અશુભ કર્મનો ઉદય થયો. પુણ્યનો સિતારો અસ્ત થયો. ચારે તરફથી વહેપારમાં ખોટ આવી માલ ભરેલા વહાણ ગુમ થયા ચારે બાજુથી નુકશાન થતાં સ્થિતિ બદલાઈ ગઈ, ક્રોડપતિ શેઠ ગરીબ થઈ ગયા. કર્મે એની સ્થિતિ બદલાણી પણ ધર્મ પ્રત્યેની એની શ્રદ્ધા દઢ રહી

આજે ઘણા માણસો ધર્મના માર્ગે ચઢે અને દુઃખ આવે તો બોલે કે પહેલા ધર્મ નહોતો કરતો ત્યારે સુખી હતો ને હવે ધર્મ કરવા લાગ્યો દુઃખી થઈ ગયો માટે હવે ધર્મ નથી કરવો આવા જીવો પણ પડયા છે. પણ આ શેઠ ખૂબ શ્રદ્ધાવાન છે ધર્મ કરનારને કદી દુઃખ આવતું નથી દુઃખતો પોતાના કર્મોથી આવે છે કોઇપણ ભવના કર્મો જીવને સતાવે છે.

શેઠની શ્રદ્ધા તો દુઃખમાં પણ મજબૂત છે ઉદારતા અને માનવતાની મહેકથી શેઠનું જીવન પવિત્ર છે કર્મરાજાએ એવી દશા કરીકે ખાવાના સાંસા પડયા શેઠ મહેનત મજુરી કરવા લાગ્યા હવે શેઠાણીના રંગરાગ પૂરા કરવાની મુશ્કેલી પડે છે.

શેઠાણી તો રોજ ઉઠીને કહે કે મારે આ જોઈએ તે જોઈએ. શેઠ કહે હવે હું લાવી શકું તેમ નથી જે છે તેમાં સંતોષ માનો ત્યારે શેઠની સામે ગમે તેવા શબ્દો કહેવા લાગે કે જો તમારે મને આવું દુઃખ આપવું હતું તો પરણ્યા શા માટે? પહેલેથી ખબર ન્હોતી? કંઈક ખાનદાન સ્ત્રીઓ પોતાના સંયોગ પ્રમાણે ઘર ચલાવે છે ને આબરૂ વધારે છે શેઠના કર્મોદયે શેઠાણી બગડયા.

## "સ્વાર્થ સરે ત્યાં સુધી સગપણ"

સંસાર સુખની પ્યાસી શેઠાણી મનમાં વિચાર કરવા લાગી કે એક તો શેઠ ધર્મીષ્ઠ બની ગયા છે. એટલે મારી ઇચ્છાઓ પુરી થતી નથી. બીજું પૈસાથી પણ ખલાસ થયા. એટલે મારૂં બધું સુખ ચાલ્યું ગયું છે. તો આવા પતિની શી જરૂર છે! જેમ ડાંગરમાંથી ચોખા કાઢયા બાદ ફોતરા તો ફેંકી દેવાના જ હોય ને! તેમ હવે જે પતિ સુખ ન આપે તે ફોતરા જેવો જ ગણાય ને!

હું એને ત્યજી દઉં આવો વિચાર કરીને શેઠાણીએ ધીમે ધીમે શેઠ પ્રત્યેથી પ્રેમ ઓછો કર્યો. એના દેહમાં ભોગની આગ ભડકે બળતી હતી. એટલે તે બીજાના પ્રેમમાં પડી. આગળની સતી સ્ત્રીઓ જીવન-માંથી બધું જતું કરતી પણ પોતાનું ચારિત્ર તો જવા દેતી નહિ. ચારિત્ર માટે કાયા કુરબાન કરી દેતી પણ આ તો ભોગની ભિખારણ હતી. એને ચારિત્રની પડી ન હતી.

ધીમે ધીમે શેઠ પ્રત્યેનો પ્રેમ તદ્દન ઓછો કરી નાખ્યો શેઠે એને પોતાની અર્ધાંગના માની હતી. જેની પાછળ એક વખત તે પાગલ બન્યા હતા. તે શેઠાણી શેઠ સામું પણ જોતી નથી શેઠાણીનું વર્તન જોઈને શેઠને વહેમ પડયો કે આ શેઠાણી આમ કેમ કરે છે?

## 'શેઠાણીએ શેઠને બહારગામ મોકલવાની કરેલી બનાવટ'

આ તરફ શેઠાણીને એનો પતિ સંસાર સુખમાં આડખીલ રૂપ લાગ્યો. એ હશે ત્યાં સુધી મારૂ સુખ હું નહિ ભોગવી શકું આથી

તેણે વિચાર કર્યો કે શેઠને બહારગામ મોકલી દઉં એટલે ધીમે રહીને કહે છે. નાથ ? આપણા પાપકર્મોનો ઉદય છે એટલે બધી સંપતિ ચાલી ગઈ. ને તમે કાળી મજુરી કરો છો પણ કંઈ મળતું નથી. જો તમે બહારગામ કમાવા જાવ તો આપણે બે પૈસે સુખી થઇએ. ત્યારે શેઠે કહ્યું શેઠાણી આમ કેમ કહો છો.

હું મહેનત મજુરી કરીને પેટ પુરતું કમાઉ છું. શેઠાણી કહે છે બહાર ગામ જાવ તો આટલી મહેનત ન કરવી પડે શેઠ કહે ભલેને આપણે રોટલાને દાળ ખાઇશું. પણ ભેગા તો રહી શકીએ ને ? અત્યારે મારા પાપકર્મોનો ઉદય છે. પણ મને શ્રદ્ધા છે કે જરૂર મારા શુભ કર્મનો ઉદય થશે. ને જે મારા પૈસા દબાવીને બેઠા છે. તે બધા મને સામેથી બોલાવશે ને આપશે.

થોડા વખતમાં દુઃખના દિવસો ચાલ્યા જશે. માટે તમે શાંતિ રાખો ત્યારે શેઠાણીએ કહ્યું નાથ ? કિસ્મતની કોને ખબર છે ? ઘણી વખત એવું બને છે કે માણસના ભાગ્ય બહારગામ ખીલે છે શેઠે કહ્યું બધી વાત ઠીક છે. પણ તું મને બહારગામ જવા માટે આટલો બધો આગ્રહ શા માટે કરે છે.

શેઠાણી કહે છે. મારૂ મન કહે છે કે તમે બહારગામ જાવ તો સારૂં શેઠાણીએ બહારગામ જવા માટે ખૂબ આગ્રહ કર્યો ત્યારે શેઠના મનમાં થયું કે સૌ સૌના ભાવો જે હોય તે ભલે હોય પણ જ્યારે એણે મને બહારગામ જ મોકલવો છે તો જાઉં.

### "શેઠાણીએ કરેલું કારસ્તાન"

શેઠે બહારગામ જવાનું નક્કી કર્યું. શેઠાણીતો રાહ જોઈતી હતી. "ક્યારે જાય આ ખોખું ને ઘર થાય ચોખું" મનમાં તો ખૂબ રાજી થઈ પણ ઉપરથી પ્રેમ બતાવતી કહે છે નાથ ! તમને રસ્તામાં ખાવા ભાતું તો જોઈએને ! તો હું ચુરમાના લાડુ બનાવી દઉં.

શેઠ કહે ભલે પત્ની બહારગામ જવા માટે આટલો આગ્રહ કરે છે એટલે શેઠને વહેમ તો હતો પણ સમજી ગયા કે સંસાર અસાર છે એમાં રાગ રાખવા જેવો નથી. મારે તો મારા આત્માનું કલ્યાણ કેમ થાય તે જોવું છે શેઠે દુઃખમાં પણ સુખ શોધ્યું ને વિષમાં અમૃત શોધ્યું ને જવા તૈયાર થયા શેઠાણીએ ભારે ઝેર નાંખીને ઘીથી લચ પચતા ચાર લાડવા બનાવ્યા એણે વિચાર કર્યો કે એક લાડવો ખાઈને નહિ મરે તો બીજો ને બીજો ખાધે નહિ મરે તો ત્રીજો ખાશે તો મરી જાશે ને છેવટે ચોથો ખાશે પછી તો જીવતા રહેશે જ નહિ.

આ શેઠની રગે રગે ધર્મની શ્રદ્ધા હતી એને ખબર ન હતી કે લાડવામાં ઝેર નાંખ્યું છે. શેઠ રોજ એકાસણા કરતા હતા એટલે શેઠાણી કહે છે હે નાથ ! અહીંથી એકાસણું કરીને જાઓ તો ચિંતા નહિ. શેઠે કહ્યું ના સવારમાં વહેલો ઠંડા પ્રહરે નીકળી જઈશ. પણ શેઠાણીએ કહ્યું ના હું એકાસણું કરાવીનેજ જવા દઈશ. પાછી પ્રેમ તો એવો બતાવે છે કે જાણે સતી ન હોય !

આ શેઠના પ્રત્યે પ્રેમ નથી પણ એના પેટમાં દગો છે ને એકાસણું કર્યા વિના જાય ને જો ચાર પાંચ માઈલમાં જઈને લાડવા ખાય તો મરી જાય ને પ્રકરણ ઉભું થાય તે કરતાં એકાસણું કરીને જાય તો બીજે દિવસે બપોરે ખાશે ત્યાં તે દશ–પંદર માઈલ દૂર જતાં રહેશે પછી કંઈ ચિંતા નહિ.

એ એના પોઈન્ટમાં રમતી હતી. શેઠે કહ્યું કે ભલે ત્યારે એકાસણું કરાવ્યું થોડીવાર આરામ કરીને શેઠ પેલા ચાર લાડવાની પોટલી અને એક દોરી લોટો લઈને નવકાર મંત્રનું સ્મરણ કરી. ઘરમાંથી વિદાય થયા. શેઠાણીને થયું હાશ હવે ઘરમાંથી નડતર ગયું હું શાંતિથી સુખ ભોગવીશ.

## "શેઠની વહારે આવેલો ધર્મ"

આ તરફ શેઠ નવકારમંત્રનું સ્મરણ કરતાં કરતા પાંચેક માઈલ ચાલ્યા ત્યાં સાંજ પડી એટલે એક ઝાડ નીચે બેસીને સામાયિક

પ્રતિક્રમણ કર્યાં ને પછી સૂઈ ગયા બીજે દિવસે સામાયિક પ્રતિક્રમણ કરીને ચાલવા માંડયુ બીજા પાંચ માઈલ ચાલ્યા એટલે ખૂબ ભૂખ લાગી. થાક પણ ખૂબ લાગ્યો હતો ચાલતાં ચાલતાં એક કૂવો આવ્યો.

એ જોઈને શેઠે વિચાર કર્યો કે આ જગ્યા સારી છે બાજુમાં વૃક્ષ પણ છે. તો હું પાણી કાઢીને અહીં બેસીને એકાસણું કરી લઉં. આવો વિચાર કરીને શેઠે કુવામાંથી પાણી કાઢયું હાથ–પગ ધોયા ને ઝાડ નીચે બેસીને લાડવાની પોટલી છોડી મનમાં વિચાર કર્યો કે બે લાડવા આજે ખાઇ જઉં ને બે કાલે ખાઈશ આવો વિચાર કરીને બે લાડવા કાઢયા.

મનમાં ચિંતવણા કરે છે કે મને કોઈ સંતનો યોગ મળી જાય તો કેવું સારૂં. વહોરાવીને લ્હાવો લઉં. કારણ કે ઉનું પાણી નથી તેથી એકાસણાને બદલે એક ટંક ખાઇશ પચ્ચખાણ કરીશ. પણ આ વગડામાં યોગ કયાંથી મળે ? ધર્મ ઉપર અજબ શ્રદ્ધા હતી એટલે ખાતા પહેલાં નવકારમંત્રનું સ્મરણ કર્યું. પાંચ મિનીટ નવકારમંત્રનું સ્મરણ કરી લાડવો ખાવાની તૈયારી કરે છે. ત્યાં વીસ પચ્ચીસ કૂતરા શેઠની આજુબાજુ ફરી વળ્યા.

લાડવાનું બટકું લઇને મોઢામાં મૂકવા જાય છે ત્યાં કૂતરા તેના હાથમાંથી તરાપ મારીને લઇ લેવા જાય છે. શેઠના મનમાં થયું કે આ કૂતરા ભૂખ્યા થયા લાગે છે એને બટકુ આપવા જાય છે. પણ એ ખાતા નથી ને શેઠને ખાવા દેતા નથી શેઠતો કૂતરાને કાઢવા કેટલા વાના કરે છે. પણ એકે કૂતરૂં ત્યાંથી ખસતું નથી શેઠ લાડવો મોંમાં મૂકવા જાય છે. ત્યાં તરાપ મારે છે. કોઈ હિસાબે કૂતરા શેઠના મોઢામાં લાડવો જવા દેતા નથી.

શેઠ વિચાર કરે છે કે હમણાં તો એકેય કૂતરૂ નહોતું ને આટલા બધા કયાંથી આવ્યા ? આ કૂતરા ખાતા નથી ને મને ખાવા દેતા નથી. ઠીક ત્યારે આજે હું ઉપવાસ કરી લઉં. જયાં ઉપવાસના પચ્ચખાણ કર્યા ત્યાં બધા કૂતરા અલોપ થઈ ગયા. શેઠ વિચાર કરે

છે કે આ બધું શું ! છેવટે લાડવા બાંધી શેઠ આગળ ગયા રસ્તામાં રાત પડતા સૂઈ ગયા.

પાછા ચાલ્યા ત્યાં એક તળાવ આવ્યું. એટલે શેઠે વિચાર કર્યો કે આજે આ તળાવની પાળે બેસીને એક ટંકનું ખાઈ લઉં જ્યાં લાડવો હાથમાં લીધો ત્યાં કા....કા....કરતાં ઘણા કાગડા શેઠની આસ-પાસ આવીને બેસી ગયા શેઠ લાડવો મોઢામાં મૂકવા જાય છે ત્યાં કાગડા ચાંચ મારીને લાડવો પડાવી નાંખે છે. શેઠને થયું કે આ શું ?

હું જમવા બેસું ત્યાં આ કાગડા ક્યાંથી આવ્યા ? ભૂખ ખૂબ લાગી છે. પણ ખાઇ શકતા નથી. તેમજ લાડવો મૂકે છે તો કાગડા ખાતા નથી. શેઠે વિચાર કર્યો કે આજે પણ મારે ખાવું નથી. ઉપ-વાસ કરૂં શેઠે છઠ્ઠના પચ્ચખાણ કર્યા. એટલે કાગડા બધા અદૃશ્ય થઈ ગયા ત્યારે શેઠના મનમાં વિચાર થયો કે લાડવામાં કંઇક છે. છેવટે શેઠ રાત્રે જંગલમાં રોકાઇને સવારે કોઇ એક ગામના પાદરમાં આવ્યા. ત્યાં એક ધર્મશાળા જોઈ એટલે મનમાં વિચાર કર્યો કે આ ધર્મશાળાના ઓટલે બેસીને પારણું કરૂં.

શેઠ બિચારા હાથ પગ ધોઇ પાણી લાવીને ઓટલે છઠ્ઠનુ પારણું કરવા બેસે છે. ત્યાં પટાવાળો આવીને કહે છે હે ભિખારા અહીં શા માટે બેઠા છે ? તો કહે છે. ભાઇ ? ખાવા બેઠો છું ત્યારે પટાવાળો રૂઆબ કરીને કહે છે. ઉઠ, ઉભો થા અહીંથી આ તારે ખાવા બેસ-વાની જગ્યા નથી. એમ કરીને ઉઠાડયા.

બીજે જઇને બેઠા તો ત્યાંથી પણ ઉઠાડયા. આમત્રણ ચાર જગ્યાએ ગયા પણ તેમને કોઇએ બેસવા ન દીધા ત્યારે શેઠે વિચાર કર્યો કે મને આજે પણ કોઈ લાડવા ખાવા દેતું નથી તો મારે હવે ખાવા નથી એમ કહીને અઠ્ઠમના પચ્ચખાણ કર્યાં.

## "મૃત્યુના પંજામાંથી શેઠનો થયેલો છૂટકારો"

શેઠે વિચાર કર્યો કે ક્યાં જાઉં. અહીં તો કોઈ બેસવા દેતું નથી. ત્રણ ત્રણ દિવસના ઉપવાસ થયા. હવે ચાલવાની શક્તિ નથી.

લાવ ધીમે ધીમે શ્મશાનમાં પહોંચી જાઉં. ત્યાં મને કોઇ ઉઠાડશે નહિ. શેઠ તો શ્મશાનમાં પહોંચી ગયા. ત્યાં એક ઝાડ ’નીચે જઇ બંગલામાં સૂતા હોય તેમ આરામથી સૂઈ ગયા. ઘસઘસાટ ઉંઘ આવી ગઇ.

મધરાત થઇ એટલે ત્યાં ચાર ચોરો ચોરી કરીને માલના પોટલા લઇને આવ્યા ને શેઠ જે ઝાડ નીચે સૂતા હતા ત્યાં આવ્યા. ચોરો કહે છે. આપણે માલનો ભાગ પાડીએ ત્યારે એક ચોરે કહ્યું. અહીં એક માણસ સૂતો છે. ત્યારે બીજાએ કહ્યું ભલે સૂતો, એતો મુડદાલ જેવો લાગે છે. એના મુખ ઉપર માખી ઉડાડવાની પણ ત્રેવડ નથી. નિર્ભય રહો અને ભાગપાડો, ભાગપાડવા બેસતા પહેલાં એક ચોર કહે છે. આ સુતો છે એના માથે પણ પોટલી પડી છે તે પણ ભેગી લઈ લઈએ.

જેમજેમ મનુષ્યને લાભ મળતો. જાય છે. તેમ લોભ વધતો જાય છે. આ ચોરો ચોરી કરીને ઘણું ધન લાવ્યા હતા પણ એક નાનકડી પોટલી જોઈને મન લલચાઇ ગયું માણસને ગમે તેટલું મલે પણ સંતોષ થતો નથી, અગ્નિમાં ઘી નાંખો તો અગ્નિ વધતી જ જાય છે. તેમ તૃષ્ણાવત્ મનુષ્યને જેમ મળે તેમ લોભ વધતો જાય છે.

ચોરો લાખોનો માલ લાવ્યા પણ સંતોષ ન થયો. ને પેલા શેઠની પોટલી લઇ આવ્યા. પોટલી છોડી તો ડબ્બામાં ચાર લાડવા હતા. આ જોઈને ચોરો કહે છે અલ્યા આ ઘીના લચપતા લાડું કેવા મજાના છે આપણે લાડવા ખાઇએ પછી ભાગ પાડીએ આપણે ચાર છીએ જો લાડવા પણ ચાર છે એકેક ખાઈ લઈએ.

ત્યારે એક ચોર કહે છે એ બિચારો ભૂખ્યો સૂતો હશે. માટે બે રાખો ને બે ખાઈએ. ત્યારે એક કહે છે એ તો ગમે તે ખાશે. આપણે ખાઈ લો ને પણ પેલો ચોર કહે છે ના. છેવટે એકતો રાખો ત્યારે એકે કહ્યું કુદરતે આપણે ચાર છીએ ને લાડવા પણ ચાર છે એટલે ચારે જણા એકેક લાડવો ખાઇ ગયા.

ભારે ઝેર નાંખ્યું છે એટલે લાડવો પેટમાં ગયો ને ૦। કલાકમાં નસે નસો તૂટવા લાગી તેથી ચોરો વિચાર કરે છે કે નક્કી લાડવામાં ઝેર છે જો કોઈ ઉપાય થાય તો ઝેર નીકળી જાય તેમ વિચારી ઉભા થયા કે પડયા ને તરત તેમના પ્રાણ ચાલ્યા ગયા. અહાહા........ લાડવાનો મોહ કર્યો તો પ્રાણ ગુમાવ્યાને ?

જે અતિ લોભ કરે છે. તેની આવી દશા થાય છે આવી દશા જો ન થવા દેવી હોય તો સમજીને સંતોષના ઘરમાં આવી જાવ. પેલા શેઠ સવાર પડતાં જાગ્યા ને જોયું તો બે ચાર જણાંને સૂતેલા જોયા. એમના મનમાં થયું કે આ ચાર જણાના શરીર લીલા કાચ જેવા થઈ ગયા છે. અહો આ તો ઝેર ચઢયું છે ત્યાં પોતાના લાડવાની પોટલી ન જોઈ. એટલે શેઠ પરિસ્થિતિ સમજી ગયા. નક્કી આ લોકો મારા લાડવા ખાઈ ગયા હશે.

લાડવામાં મારી પત્નીએ ઝેર નાંખ્યું હશે. મને મારી નાંખવા માટેજ એણે આ કાવતરું કર્યું છે અરેરે.......મેં એકલાએ લાડવા ખાધા હોત તો હું એકલો મરી જાત પણ આ બિચારા ચારે ચાર જણ મરી ગયા. મારા નિમિત્તે એમનું મોત થયું. શેઠ ખૂબ પશ્ચાત્તાપ કરવા લાગ્યા.

ધર્મિષ્ઠ આત્મા કેવો વિચાર કરે છે. હાશ ? હું બચી ગયો તેમ ન વિચાર્યું શેઠને એ પણ ભાન થયું કે મને મારા ધર્મેજ બચાવ્યો છે. હું ત્રણ ત્રણ વખત લાડવા ખાવા બેઠો પણ મને ખાવા ન દીધા. એમાં કોઇ દેવતાઈ સંકેત હોવો જોઇએ ઘણાં કહે છે કે ધર્મ શું કરવાનો ? ધર્મનું પ્રત્યક્ષ ફળ અમને બતાવો ? ભાઈ ધર્મનું ફળ પ્રત્યક્ષ ન દેખાય પણ સમય આવ્યે કરેલો ધર્મ આપણું રક્ષણ કરે છે.

ચોરોના પોટલા પડેલા હતા. અહીં શેઠ સિવાય બીજું કોઈ હતું નહિ. શેઠ ધારત તો બધું લઈ લેત પણ તેમ નહિ કરતા

ચારેમાંથી થોડા થોડા કિંમતી રત્નો લીધા. તે પણ અનિચ્છાએ લીધા પોટલા તો ત્યાં જ પડી રહ્યા. શેઠ થોડું ઝવેરાત લઈને ચાલતા થયા. બીજા ધનની સામે દૃષ્ટિ પણ ન કરી.

આ સમયે આજનો માનવી શું કરે ? બધું સ્હેજે મલ્યું છે. તેમ માનત શેઠ ઝવેરાતમાંથી બે કિંમતી હીરા વેચીને પૈસા મેળવી લીધા. હવે શેઠને પૈસાની જરૂર ન હતી કે એમને ઘેર પણ જવું ન હતું પણ પત્નીને જાણ કરવી હતી. એટલે પૈસામાંથી સારા કપડા દાગીના બધું લાવ્યા. તે મોટા રસાલા સાથે પોતાના ગામના પાદરે આવ્યા. શેઠે વિચાર કર્યો કે જલ્દી પ્રચાર કરવો હોય તો કુવાનોકાંઠો સારો ન્યૂઝ પેપરની જરૂર ન પડે.

## 'શેઠે ખોલાવેલી શેઠાણીની દૃષ્ટિ'

શેઠે કૂવાની સામે એક તંબૂ તાણ્યો સુંદર વસ્ત્રો પહેર્યા. ઘણા માણસો અને નોકર ચાકરો શેઠને ખમ્મા ખમ્મા કરે છે શેઠ મખમલની ગાદીએ બેસીને જે કોઇ આવે તેને છૂટે હાથે દાન આપે છે કૂવે જે બહેનો આવે તે બધા જોવા આવે છે.

કોણ રાજા આવ્યો છે ? જે આવે છે તેને શેઠ ખોબો પૈસા આપે છે ! આથી આ વાત શેઠાણીને પહોંચી. લોકો અંદરો અંદર વાતો કરવા લાગ્યા કે આતો અઠવાડીયા પહેલાં કમાવા ગયા હતા. તે જ શેઠ છે શું આઠ દિવસમાં આટલું બધું ધન કમાઇને આવ્યા શેઠાણી વિચારે છે કે એ આવે તેવું મેં રાખ્યું નથી ને કયાંથી આવ્યા ?

બધા લોકો કહેવા લાગ્યા તેથી શેઠાણી જોવા માટે આવી અને ચમકી અહો મેં તો એમને ઝેર નાંખીને લાડવા આપ્યા હતા તે શું ખાધા નહિ હોય, અને આઠ દિવસમાં આટલું બધું કમાઇને આવ્યા. મેં તો ખોખુ કાઢીને ઘર ચોખ્ખું કર્યું ને આતો પાછું ખોખું આવ્યું.

શેઠનો ઠાઠમાઠ જોતાં લાગ્યું કે ઘણું લાવ્યા છે એટલે રડતી! રડતી કહે છે નાથ ! મેં આપને બહારગામ મોકલ્યા પણ પછી મને બહુ પસ્તાવો થયો. મેં તો આઠ દિવસ આપના વિયોગમાં ઝુરીઝુરીને કાઢયા છે નાથ આઠ દિવસ તો મારા આઠ ભવ જેવા ગયા છે. નાથ ? ઘેર પધારો શેઠે કહ્યું શેઠાણી હું બધું જાણું છું શેઠે મર્મકારી ભાષામાં કહી દીધું કે તમે તો મને એવી લાંબી વાટે મોકલ્યો હતો કે હું પાછો આવું જ નહિ. સૂતેલો પછી ઉઠું નહિ તમારો મારા ઉપર કેટલો ને કેવો પ્રેમ છે તેનું માપ નીકળી ગયું. મને તો મારા ધર્મે બચાવ્યો છે. હવે મારે ઘેર આવવાનું કોઇ જ પ્રયોજન નથી. હું તો મારા ગુરૂ પાસે જઇને દીક્ષા લેવાનો છું. હું તો તને એકવાર ભાન કરાવવા આવ્યો છું કે આ સંસાર દુઃખમય છે દુઃખનું મૂળ છે ને દુઃખની પરંપરા છે.

આ વાત મને બરાબર સમજાઇ ગઇ છે. એટલે હું દીક્ષા લેવાનો છું શેઠે દીક્ષાનો નિર્ણય કર્યો એટલે ઉઘરાણીવાળા જે પૈસા નહોતા આપતા તેમનો સામેથી કાગળ આવ્યો કે શેઠ તમારી ઉઘરાણીના પૈસા લઇ જાવ. વહાણ ગુમ થયા હતા તેના સમાચાર આવ્યા કે આપના માલથી ભરેલા વહાણ ગુમ થયા હતા તે મળી ગયા છે આમ સામેથી કહેવા આવ્યા.

શેઠે વિચાર કર્યો કે હવે મારે સંસારમાં રહેવું નથી મારે દીક્ષા લેવી છે. ગમે તેટલી સંપત્તિ હોય મારે શી જરૂર છે શેઠને જે સંપત્તિ મળી તેમાંથી શેઠાણી જિંદગીભર ખાય તેટલું રાખીને દીક્ષા મહોત્સવમાં બધી વાપરી. શેઠાણી નિષ્ઠુર બન્યા પણ શેઠ એવા નિષ્ઠુર ન બન્યા. અને મહોત્સવ પૂર્વક શેઠે દીક્ષા લીધી.

# ૪

# સ્વાદ લાલસુ સંન્યાસીનું દ્રષ્ટાંત

એક સંન્યાસી બાવા જંગલમાં જઇને જ્ઞાન ધ્યાનમાં મસ્ત રહેતા હતા. એમને જગતની પડી ન હતી. એ અલિપ્ત ભાવે રહેતા હતા. નિર્મળ ધ્યાન અને બ્રહ્મચર્યના તેજ તેમના લલાટે ઝળકી રહ્યા હતા. ઘણા લોકો આ મહાત્માના દર્શન કરવા માટે આવતા હતા. પણ આ અવધૂત તો આત્માની મસ્તીમાં મસ્ત રહેતા હતા. લોકો એમની પાસે આવીને સારી સારી ચીજો એમના ચરણમાં ધરતા.

પણ આ મહાત્મા કાંઈ ચીજ લેતા નહિ કારણ કે એ કોઈ જાતના સંસારીના પ્રલોભનમાં પડતા ન હતા. જે કોઇ આવે તેમને દયા દાન અને પરોપકારનો ઉપદેશ આપતા આવા નિર્મોહી અને નિસ્પૃહી મહાત્માની કીર્તિનો ધ્વજ ચારે તરફ લહરાઈ રહ્યો હતો. આ મહાત્મા ઉપર લોકોને ખૂબ શ્રદ્ધા થઇ અને ગામમા વાત ચાલી કે મહાત્મા ખૂબ શક્તિધારી છે.

એમના આશીર્વાદથી બધી સંપત્તિ પ્રાપ્ત થાય છે એટલે સંસારના સુખના ભિખારીઓ રોજ મહાત્મા પાસે જવા લાગ્યા. મહાત્મા સૌને ધર્મ સમજાવતા પણ તમારો સંસાર સુખી થાય એવા આશીર્વાદ આપતા ન હતા.

એક વખત એક ધનાઢ્ય મહાત્માની પાસે આવ્યો ને તેમના ચરણમાં માથું મૂકીને બોલ્યો મહાત્મા આપના આશીર્વાદથી તો લોકો

ન્યાલ થઈ ગયા છે. આપની કીર્તિ સાંભળીને હું આપની પાસે આવ્યો છું તો આપ મારી એક આશા પૂરી થાય એવા આશીર્વાદ મને આપો. સંતે કહ્યું મારા જેવા ત્યાગી બનવું હોય તો મારા આશીર્વાદ છે બોલ બનવું છે.

સંત પેલા શેઠને કહે છે ભાઇ હું કોઇ કીમિયાગર નથી મારી પાસે કોઈ જાદુ નથી. મારામાં કોઇને કંઈ આપવાની શક્તિ નથી હું તો પ્રભુનો દાસ છું ને એનું ધ્યાન ધરૂં છું. જે નિર્મોહી બની ગયા હોય તેના મુખમાં આવા શબ્દો હોય. પેલા શેઠ કહે છે ના ગુરૂદેવ ? આપ એવું ન બોલો. આપતો મહાન શક્તિધારી છો. જે ધારો તે કરી શકો તેમ છો.

આપના પુણ્યપ્રતાપે મારે ત્યાં બધું જ છે. કોઈ સુખની કમી નથી માત્ર શેર માટીની ખોટ છે. સંતાન વિના સંપત્તિ સુની લાગે છે. માટે આપ મારા માથે હાથ મૂકીને આશીર્વાદ આપો કે આપની કૃપાથી મારા ઘેર પારણું બંધાય. મહાત્મા કહે ભાઈ ત્યાગી એવા કાર્ય ન કરે. ત્યાગીનો ધર્મ સંસારનો નથી સંતે ઘણું સમજાવ્યું પણ શેઠ ના ઉઠયા ત્યારે છેવટે કહે છે દાન પુણ્ય કરો પરોપકારના કાર્ય કરો પુણ્ય પ્રબળ હશે તો સારા વાના થશે.

મહાત્મા આ લપમાંથી છૂટવા માટે આટલું કહીને ધ્યાનમાં બેસી ગયા. એમને કયાં કોઈની પરવા હતી એમને ભૂખ લાગે ત્યારે લુખો સુકો રોટલો ભિક્ષામાં લાવીને ખાઇ લેતા. ને ધ્યાનમાં બેસી જતા શેઠને હર્ષનો પાર ન રહ્યો. એમણે માની લીધું કે મને સંતના આશીર્વાદ મળી ગયા. સંતના વચન ઉપર શ્રદ્ધા થઇ ગઇ એટલે શેઠે તો ખૂબ–દાન–પુણ્ય કરવા માંડયું. ધર્મધ્યાન કરવા લાગ્યા. પુણ્યની બલીહારી છે.

પુણ્યથી ઘણીવાર ન ધારેલા કાર્યો સફળ થઇ જાય છે. અને પાપનો ઉદય થાય તો ધારેલું ધૂળ ભેગું થઇ જાય છે મહારાજના કહમાં પછી શેઠને ઘેર એક વર્ષે પારણું બંધાયું શેઠ શેઠાણી તો

રાજીરાજી થઇ ગયા ને પુત્ર જન્મની ખુશાલીમાં આખું ગામ જમાડવાનું નક્કી કર્યું.

શેઠે વિચાર કર્યો કે જે મહાત્માના અશીર્વાદથી મારે ઘેર પારણું બંધાયું છે. તેમને હું સૌથી પહેલાં આમંત્રણ આપવા જાઉં છું. શેઠ મહાત્મા પાસે આવી ને ચરણમાં ઝૂકીને બોલ્યા હે ગુરૂદેવ આપના આશીર્વાદથી મારે ઘેર કલ્પવૃક્ષ ફળ્યું છે મારે ઘેર પુત્ર રત્નની પ્રાપ્તિ થઈ છે. તેની ખુશાલીમાં આવતી કાલે આખું ગામ જમવાનું છે તો કૃપા કરીને આપ મારૂં આંગણું પાવન કરો.

## "શેઠનું આમંત્રણ નહિ સ્વીકારતા સંત"

મહાત્માએ કહ્યું ભાઈ એ તો તમારા પુણ્યોદયે પુત્રની પ્રાપ્તિ થઇ છે. મારા આશીર્વાદ એમાં નિમિત્તભૂત નથી એમાં મારો ઉપકાર માનવાની જરૂર નથી. સંતો જેટલા આત્મ સાધનામાં લીન રહે તેટલું સારૂં છે અને હું ભિક્ષા સિવાય ગામમાં આવતો નથી ને મિષ્ટાન્ન તો હું કદી ખાતો નથી. મેં જિંદગીમાં મિષ્ટાન્ન ચાખ્યું નથી.

જો ચારિત્ર વિશુદ્ધ પાળવું હોય તો સૌથી પહેલા રસેન્દ્રિયને વશ કરવી જોઇએ. માટે હું આપના આમંત્રણનો સ્વીકાર કરી શકું તેમ નથી. આટલું કહીને સંતતો એમના ધ્યાનમાં બેસી ગયા શેઠ ને તો સંત ઉપર ખૂબ શ્રદ્ધા છે ! એમના મનમાં એમ થયું કે જેમના પ્રતાપે પુત્ર થયો. એની ખુશાલીના જમણનો એક કણ જો સંતના મુખમાં જાય તો મારૂં અન્ન પવિત્ર થાય.

સંતે ના પાડી તેથી શેઠના દિલમાં દુઃખ થયું શેઠ પાછા આવ્યા. બીજે દિવસે જમવા લોકો આવ્યા. પાંચ પ્રકારના પકવાન અને બધી રસોઇ તૈયાર છે. આનંદનો પાર નથી પણ એક સંત ન પધાર્યા એવું શેઠના દિલમાં દુઃખ છે શેઠે વિચાર કર્યો કે ભલે મહાત્મા ન પધાર્યા પણ હું બીજું કંઇ નહિ આ પાંચ પ્રકારના પકવાન સોનાના થાળમાં મોકલાવું સ્હેજ ચાખશે, તો પણ મને આનંદ થશે.

એમ માનીને સોનાના થાળમાં મિષ્ટાન્ન ભરીને એક નોકરને થાળ લઇને મહાત્મા પાસે મોકલ્યો. નોકર થાળ લઈને મહાત્માની કુટિરમાં આવીને કહે છે મહારાજ! શેઠે આપને માટે આ મીઠાઈ મોકલી છે સંતે કહ્યું ભાઇ! મેં તારા શેઠને કાલે જ ના પાડી હતી કે હું મીઠાઈ ખાતો નથી છતાં મીઠાઇ શા માટે મોકલાવી? શું તારો શેઠ સંતોને પતીત કરવા માંગે છે? નોકરે કહ્યું સાહેબ! શેઠને આપના ઉપર અત્યંત પ્રેમ છે. ઘણા ભોલા છે. માટે આપ આ થાળમાંથી મીઠાઇ આરોગીને શેઠને પાવન કરો. સંતે કહ્યું ભાઇ, તું સમજ મારે તારી મીઠાઈ ખાવી નથી. તું અહીંથી ઉઠાવ. તો પણ નોકર માન્યો નહિ. એટલે મહાત્માનો મિજાજ ગયો તે ક્રોધે ભરાઇને કહે છે મેં મારા બ્રહ્મચર્યનું પાલન કરવા જિંદગીમાં કદી મીઠાઈ ખાધી નથી.

એવી કાયાને શું તારો શેઠ અભડાવવા માંગે છે? આટલું બોલીને સંતે મીઠાઇના થાળને જોરથી લાત મારી એટલે થાળ દૂર જઈને પડયો. ને બધી મીઠાઈ ધૂળમાં રગદોળાઇ ગઈ. ધૂળમાં પડેલી મીઠાઇ નોકરે વીણીને થાળમાં ભરીને શેઠ પાસે આવ્યો ને બધી વાત કરી.

### "ઘ્રાણેન્દ્રિયે કરેલું જોર"

આ બાજુ ધૂળમાં એક ટુકડો પડી રહ્યો હતો. તેમાંથી સુગંધ આવવા લાગી. સંતના મનમાં થયું કે આવી સુગંધ શેની આવે છે; સંતે કદી મીઠાઇ ખાધી ન હતી. સુગંધ કયાંથી આવે છે. તે તપાસ કરતાં પેલો મીઠાઇનો ટુકડો જોયો તેથી લાગ્યું કે આમાંથી આવી સરસ સુગંધ આવે છે. એટલે મહાત્માએ મીઠાઇનો ટુકડો હાથમાં લીધો.

ઘ્રાણેન્દ્રિયે રસેન્દ્રિયને સતેજ બનાવી મહાત્માની લૂલી લબકારા મારવા લાગી. એટલે મીઠાઇનો ટુકડો મોઢામાં મૂકયો કે દાઢે મીઠાઇનો સ્વાદ લાગી ગયો આ ઇન્દ્રિયો વિષયની કેવી લોલુપ છે! જે મહાત્મા ઘડી પહેલાં મીઠાઈ ન ખાવા માટે આગ્રહ રાખતાં હતાં શેઠે મોકલાવેલો મીઠાઇનો થાળ ધૂળમાં ફગાવી દીધો હતો.

જિંદગીભર મીઠાઈનો સ્વાદ ચાખ્યો ન હતો ને ચાખ્યો ત્યારે પસ્તાવો થવા લાગ્યો કે અહો શેઠે તો થાળ ભરીને મીઠાઈ મોકલાવી

પણ મેં મૂર્ખાએ તેને ફગાવી દીધી કેવી સ્વાદિષ્ટ મીઠાઈ છે શું એની સુગંધ છે. ફરીથી મીઠાઈ ક્યારે ખાવા મળશે ? શેઠે તો મને એમને ઘેર જમવા માટે કાલાવાલા કર્યા પણ મેં તો ચોખ્ખી ના પાડી દીધી ને નોકરનું પણ અપમાન કર્યું. હવે મારાથી શેઠને ઘેર કેવી રીતે જવાય ?

**"ચકડોળે ચઢેલું સંતનું ચિત્ત"**

એક ટુકડા મીઠાઇના સ્વાદે સંતનું ચિત્ત ચકડોળે ચઢયું ધ્યાન કરવા બેઠા તો ધ્યાનમાં પણ મીઠાઈના જ વિચારો આવવા લાગ્યા કે આવી સરસ મીઠાઈ હવે ક્યાં મળશે ? શું એનો મધુરો સ્વાદ ! મીઠાઇના સ્વાદનો નાદ સંતના હૃદયમાં રણભેરી બજાવવા લાગ્યો. એટલે સંત ઉભા થયા. જો ભગવા વસ્ત્રો પહેરીને જાય તો લોકો ઓળખી જાય. તેથી ભગવાં વસ્ત્રો ઉતારીને સંતે ભિખારીના કપડા પહેર્યા અને મીઠાઇની ભીખ માંગવા માટે શેઠને ત્યાં પહોંચી ગયા. એક રસેન્દ્રિયના સ્વાદે આત્માની મસ્તીમાં ઝૂલતા સંતને ભિખારી બનાવી દીધા. શેઠને ત્યાં બધા માણસો જમી રહ્યા. પછી જે કંઈ વધ્યું હતું તે ભિખારીઓને વહેંચતા હતા. શેઠનાં આંગણામાં ભિખારીનું મોટું ટોળું ઉભું હતું.

એમાં ભિખારીના વેશમાં આવેલા સન્યાસી ભળી ગયા. બધા ભિખારીને આપતાં આપતાં સંન્યાસીનો વારો આવ્યો. સાંજ પડી જવાથી અંધારૂં થવા આવ્યું હતું તેજ વખતે શેઠ ફાનસ લઇને કોઇ કામે બહાર આવ્યા ભિખારીના વેશમાં રહેલા સન્યાસીના મનમાં થયું કે શેઠ મને ઓળખી જશે એ બીકે સન્યાસી જરા પાછા હઠયા.

તો જમણવારના એંઠવાડનું પાણી ભરવા માટે એક મોટો ખાડો બનાવ્યો હતો. તેમાં આ સંત પડી ગયા. એટલે અવાજ થયો. બધાના મનમાં થયું કે કોઇ પડી ગયું. તેથી બધા દોડયા. અને ભિખારીને એંઠવાડના પાણીમાંથી બહાર કાઢયો.

**"સંતને આવેલી લજ્જા"**

એનું મોઢું જોઇને શેઠ પારખી ગયા. ને બોલ્યા ગુરૂદેવ ! આપ અત્યારે અહીં કયાંથી ? મારા ધનભાગ્ય કે આપ અહીં પધાર્યા.

આપે મને કહેવડાવ્યું હોત તો હું ભારે ઠાઠ માઠથી સ્વાગત કરીને આપને લઈ આવત. આ સાંભળીને સંતતો શરમાઈ ગયા. ને ભાન થઇ ગયું કે એક રસેન્દ્રિયના સ્વાદ ખાતર મીઠાઇના ટુકડા માટે મારી આ દશા થઈ.

મને સંતમાંથી ભિખારી બનાવ્યો સંતે બધાની સમક્ષમાં શેઠને કહ્યું. "આ જીભે જ મારી આવી માઠી દશા કરી છે." મીઠાઇના ટુકડા એ તો સત્વના ટુકડા કરી નાખ્યા. આટલા માટે અનુભવીઓ પણ કહે છે કે "જીભ જીતી તેણે જગ જીત્યું" તમે બધા જીભને જીતજો નહિ જીતો તો આવી દશા થશે જીભના સ્વાદ માટે આત્મ મસ્તીમાં મસ્ત રહેનારા મને ભિખારીનો વેશ પહેરાવ્યો. અને આ એંઠવાડની ખાઇમાં પટકયો સંત તો પાછા ઠેકાણે આવી ગયા. ને પોતાને સ્થાને ચાલ્યા ગયા.

## ત્રિલોચના અમૃતવાણી

કોર્ટમાં કેસ જીતવો હોય તો વકીલની સલાહ લેવા જાવ છો. મકાનનો પ્લાન બનાવવો હોય તો એન્જીનીયરની સલાહ લેવા જાવ છો, અને રોગ લાગુ પડયો હોય તો તેને નાબૂદ કરવા માટે તે રોગના નિષ્ણાત ડોકટર પાસે જાવ છો બધાને પૈસા આપવા પડે છે.

મારૂં શરીર સાજું હશે તો બધું છે પણ કાંઇ એવો વિચાર આવે છે કે મારો આત્મા અનંતકાળથી માંદો પડેલો છે. એ સાજો હશે તો બધું છે ડોકટર બધા ફેમીલી રાખ્યા છે. પણ ગુરૂ ફેમીલી રાખ્યા છે ખરા? જ્યાં સુધી સદ્‌ગુરૂ શોધ્યા નથી ત્યાં સુધી ભવરોગ નાબૂદ નહિ થાય.

દુઃખ પર પ્રેમ કરી જાણે એ સાધુપણું દીપાવી શકે
દુઃખ ઉપર પ્રેમ કેળવવા મથે એજ શ્રાવક બની શકે

# સંતાન પ્રત્યેના પ્રેમ પર રાજુ અને તેની માતાનું દૃષ્ટાંત

## ૫

આ સંસાર એક વિચિત્ર નાટક છે. જેમ એક મનુષ્ય ક્યારેક રંકનું પાત્ર ભજવે છે. તો ક્યારેક રાજાનું પાત્ર ભજવે છે તેમ આ જીવ પણ વિવિધ ગતિઓમાં જઈ વિવિધ પ્રકારના નાટક ભજવે છે વર્ષો પહેલાં બનેલી ઘટના એક વૃદ્ધ માતાપિતા ને એક પુત્ર છે. માતા-પિતા ખુબ સંસ્કારી છે. એમનો એકનો એક પુત્ર તે ખૂબ હોંશિયાર હતો માતા-પિતાને આંખની કીકી જેવો વહાલો હતો દીકરો સારો થાય ભણે ગણેને મોટો થાય અને નામ કાઢે એવી એના માતાપિતાની મહેચ્છા હતી દીકરાનું નામ રાજુ હતું. બાપ કહેતો કે હું તો ભણ્યો ગણ્યો નથી પણ આપણે રાજુને ખુબ ભણાવીશું.

પુત્રો મોટા થાય ત્યારે ગમે તેવા પાકે પણ માતા-પિતાને પોતાનો દિકરો કેટલો વહાલો હોય છે. અને તે કેવા મોટા અરમાનો કરે છે. મારો રાજુ મોટો કલેક્ટર બનશે માતા હર્ષઘેલી બની એના પતિને કહેતી કે અરે તમે જોજો તો ખરા મારો રાજુ તો મોટો કલેક્ટર થશે ને દુઃખના દિવસો કાલે ચાલ્યા જશે. એની માતા લાડથી દીકરાને રાજા કહેતી.

એના કેવા મનસુબા છે? રાજા જેવો બનાવવો છે એટલે નામ રાજુ રાખ્યું. દીકરાને લાડ લડાવતાં પતિ પત્ની દુઃખના દિવસો હસતાં હસતાં વ્યતીત કરતા હતાં. દુઃખના દિવસોમાં પણ દીકરાને ખૂબ ખંતથી ભણાવે છે. બાપ મજુરી કરે છે ને માતા ભરતગુંથણ કરે છે. પાપડ બનાવે, એમ અનેક પ્રકારનાં કામ કરીને પૈસા મેળવે છે. દીકરાને ભણાવવાના ફીના પૈસા પુસ્તકો વિગેરે તો જોઈએ જને?

આટલા દુઃખમાં પણ મહેનત વધુ કરીને મા અઠવાડીયામાં એક દિવસ દીકરાને સારૂં ખવડાવતી કોઇ દિવસ મેસૂબ તો કોઈ દિવસ ટોપરા-પાક કરી આપતી. આ રાજુને ટોપરાપાક ખૂબ ભાવતો એની માતા ટોપરાપાક બનાવે ત્યારે એ નાચી ઉઠતો મા-બાપને દીકરા પ્રત્યે કેટલો પ્રેમ છે. આનંદમાં ને આનંદમાં રાજુ મેટ્રીક પાસ થઈ ગયો હવે તેના ગામમાં આગળ ભણવાની વ્યવસ્થા નથી આગળ ભણવા માટે મુંબઈ જેવા મોટા શહેરમાં જવું પડે. પણ પૈસા વિના કયાંથી મોકલાય? એક બાજુ દીકરાને ખૂબ ભણાવવો છે બીજી બાજુ પૈસા નથી. છતાં માતાનું દિલ છે. ખૂબ ઉમંગ છે.

## "દુઃખના દિવસો તો કાલે ચાલ્યા જશે"

માતા કહે છે. ગમે તેમ કરીશું પેટે પાટા બાંધીશું એક ટંક જમીશું પણ મારા રાજુને ભણાવવો છે. એને મુંબઇ મોકલીએ કોલેજમાં દાખલ કરીએ. જે કંઈ પાસે હતું તો વેચીને દીકરાને મુંબઇ ભણવા મોકલે છે. ખૂબ સારી શિખામણ આપી ભારે હૈયે મા-બાપે દીકરાને વિદાય કર્યો મા-બાપ એક જ ટાઇમ લૂખો રોટલોને શાક ખાય છે કાળી મજુરી કરે છે. ને દીકરાને દર મહિને પૈસા મોકલે છે. દીકરો પણ અભ્યાસ સરસ કરે છે. થોડા વખતમાં રાજુ ત્યાં નોકરી કરે છે ને મા-બાપને દર અઠવાડીયે પત્ર લખે છે. એક પત્રમાં લખ્યું પૂજ્ય માતાજી પિતાજી તમે મારા માટે ઘણું કષ્ટ વેઠયુ છે મારા પાછળ લોહીના પાણી કર્યા છે તમે પૈસા મોકલશો નહિ. મને નોકરી મળી છે તેમાંથી હું મારો ખર્ચ કાઢી લઇશ. કોલેજમાં પણ એ સૌને ખૂબ પ્રિય બની ગયો.

દિવાળીની રજામાં બાપે એને ઘેર આવવા લખ્યું પણ આર્થિક ભીડના કારણે રાજુ ઘેર ન ગયો. રજાના દિવસો દરમ્યાન તે એક શ્રીમંતની સુંદર છોકરી સાથે પ્રેમમાં પડી ગયો. આ તરફ મા બાપ દીકરો કોલેજમાં પ્રથમ નંબરે પાસ થાય તે માટે પ્રભુ પ્રાર્થના કરતા હતાં. રાજુ પ્રતિદિન આ છોકરીના સ્નેહપાશમાં જકડાતો જતો હતો.

## "ભોગ જીવનની લાલસાએ ભાવજીવનને વેરવિખેર કરી નાંખ્યુ"

હવે દીકરાનો અઠવાડીયે પત્ર આવતો હતો તેને બદલે મહિને આવવા લાગ્યો એક પ્રેમ થતાં બીજો પ્રેમ વિદાય લે છે. આ રાજુ એવો સંસ્કારી છોકરો હતો જ્યારે માતા-પિતાની પાસે હતો ત્યારે રોજ સવારમાં ઉઠી માતા-પિતાને પગે લાગતો ચરણ ધોઈને પીતો હતો તે મા-બાપ ને ભૂલવા લાગ્યો મા-બાપની પ્રાર્થના ફળી.

રાજુ "બી. એ"માં આખી યુનિવર્સિટીમાં પ્રથમ આવ્યો. છોકરીના પિતાએ "આઈ. સી. એસ" ના અભ્યાસ માટે પોતાના ખર્ચે ઇગ્લેન્ડ મોકલવા તૈયારી બતાવી ત્યારે છોકરીએ કહ્યું કે લગ્ન કરીને જ ઇગ્લેન્ડ જાવ તો? રાજુને ઇચ્છા થઈ કે બા-બાપુજીને મળી આવું. પણ પાછો ન આવવા દેતો? લગ્ન માટે સંમત ન થાય તો? આ વિચારે મા-બાપ આશીર્વાદ લેવાની ભાવનાને ઠોકર મારીને લગ્નગ્રંથીથી જોડાઈ ગયો. ઘેર મા-બાપ ચાતકની માફક રાહ જોતાં રહ્યાં ને રાજુ પત્ની અને સસરાની શુભેચ્છા મેળવી ઇગ્લેંડ જતો રહ્યો. જતાં પહેલાં મા-બાપનો પ્રેમ યાદ આવ્યો ખરો.

પણ ભોગ જીવનની લાલસાએ ભાવજીવનને વેરવિખેર કરી નાંખ્યું. આ તરફ માતા દીકરા માટે ઝૂરતી અને ડુસ્કે-ડુસ્કે રડતી હતી ને ડાહ્યો બાપ તેને આશ્વાસન આપતો હતો અભ્યાસમાં મગ્ન થયેલો રાજુ સમય કાઢીને છોકરીને પત્ર લખતો હતો પણ માતા-પિતાનો પ્રેમ તો સાવ વીસરી જ ગયો પણ માતા પિતાનું મન તો આશિષના અભિષેક કર્યા કરતું. એના બળ વડે રાજુ આઇ. સી. એસ પણ થયો ને હિન્દુસ્તાન આવ્યો ત્યારે તેનું ખૂબ સન્માન થયું ને છાપામાં ફોટો આવ્યો ને રાજુ કલેકટર બની ગયો. દીકરાને કલેકટર બનાવવાના અરમાન મા-બાપના પૂરા થયા પણ દીકરો એમનો ન રહ્યો. કોઇ પાડોશીએ રાજુના મા-બાપને ફોટો બતાવીને કહ્યું કે તમારો રાજુ નાસિકનો કલેકટર થઇ ગયો છે ત્યારે મા-બાપને હસવું કે રડવું એ જ સમજાયું નહિ.

જે મા-બાપે બબ્બે ત્રણ ત્રણ દિવસના ઉપવાસ કરી ભણાવ્યો. તે જ આપણને ભૂલી ગયો? બાપને ખુબ દુઃખ થયું પણ માતા તો

કહે છે. મારો રાજુ કલેકટર થયો. પણ એનો પત્ર નથી આવતો માટે નક્કી કંઇ એક્ષીડન્ટ થયો હશે. શું થયું હશે? ચાલો આપણે એને મળી આવીએ. બાપા તો મૌન રહ્યા પણ માતા તો આગળ બોલી કે દીકરો આપણ ને ભૂલી જાય એટલે શું આપણે તેને ભૂલી જવાનો? પુત્ર કપુત્ર થાય પણ માવતરે કમાવતર ન થવાય. માનું હૃદય કેવું છે. માતાએ તો હઠ પકડી મારે તો રાજુને જોવો છે. અંતે બંનેએ વિચાર કર્યો કે દીકરો નાસીકનો કલેકટર છે.

તો આપણે પાછલી જિંદગી નાસીકમાં વીતાવીશુ ઘર બાર વેચી મુંબઇ થઈ નાસીક આવ્યા. અને એક ધર્મશાળામાં ઉતર્યા. પછી બાપ પૂછતો પૂછતો કલેકટરના બંગલે આવ્યો. ગામડીયા માણસને જોઇ પહેરેગીર કહે છે. અંદર ક્યાં જાય છે. ઉભો રહે. તો કહે છે. હું કલેકટર સાહેબનો બાપ છું. મારે તેમને મળવું છે. મને જવા દો આ રકઝક ચાલે છે.

તે વખતે કલેકટર સાહેબ બારીમાં બાજી રમી રહ્યા હતા. જોયું કે પોતાનો બાપ છે. ઓળખ્યો પણ હવે આવા ગામડીયાને બાપ કહેતાં શરમ આવી. પત્નીને પણ જો કહીશ કે આ મારો પિતા છે. તો ઘરમાં રાખવા તૈયાર થશે નહિ. એટલે બારીમાંથી જ પટાવાળાને ઇશારો કર્યો એટલે તેણે રાજુના બાપને લાત મારી અને કહ્યું કે ચાલ્યો જા સાહેબનો બાપ થવા નીકળ્યો છે? બે ગુલાંટ ખાઇ ગયેલા બાપની નજર ઉંચી જતાં બાપ દીકરાની નજર એક થઇ. છતાં પિતાના પગ પકડીને માફી માંગવાને બદલે બારી બંધ કરી દીધી. બાપ હજુ પણ જવાનો પ્રયત્ન કરે છે. ત્યાં માથામાં જોરથી પટાવાળા એ લાઠી મારીને લોહી નીકળ્યું. બાપને ખૂબ આઘાત લાગ્યો. પોતાનું ફાળીયું માથે વીંટાળી તે ધર્મશાળામાં આવ્યો, પુત્રઘેલી મા રાહ જોઇને બેઠી છે. પતિને આવતાંવેંત પૂછે છે કેમ મારો લાલ મળ્યો? સારો તો છે ને? અરેરે. તું લાલ લાલ કરે છે પણ લાલને મળવા જતાં લાલે લાલ કઢાવ્યું. તારો લાલ બારીમાં બેઠો હતો એના નોકરોએ મને ડાંગ મારી અમારી બંનેની નજર એક થઈ પણ નીચે ન ઉતર્યો અને બારી બંધ

કરી દીધી. જે દીકરાને છાતી પર સુવાડી લાડ લડાવી મોટો કર્યો એણે જ લાત મરાવી. માતા કહે શું બોલો છો? દીકરો આટલો બધો બદલાઈ ગયો! જુલ્મ થઇ ગયો. અસહ્ય આઘાતમાં બાપે ત્રીજે દિવસે પ્રાણ છોડી દીધો. રે....બાપા! કેટલી આશા લઈને આવ્યા હશે ને તે મારાજ બારણે હડધૂત થયા?

આ બાજુ બારી બંધ કર્યા પછી કલેકટરને ખૂબ પસ્તાવો થયો અરેરે....ભૂંડા તારા આંગણે આવેલા બાપને તેં આ રીતે જાકારો આપ્યો? તારા કરતાં તો કૂતરો પણ સારો કે બટકું રોટલો નાંખનારની આખી રાત ચોકી કરે છે. એ જ મા–બાપના મોંનો કોળિયો છીનવાને મોટો થયો. એનો આ જ બદલો આપ્યો? ધિક્કાર છે તારા કલેકટર પણાને? એણે પિતાને કાગળ લખ્યો પણ પત્રપાછો આવ્યો. બાપનું શું થયું હશે? તેમને કયાં શોધું? એને ખૂબ દુઃખ થયું.

**"સંસારની ઘટના"**–બાપનો સ્વર્ગવાસ થવાથી માતાને ખૂબ આઘાત લાગ્યો. પોતે નિરાધાર બની ધર્મશાળામાં રહેવા લાગી છ મહિના વીતી ગયા પછી એને વિચાર થયો. લાવને હું જાઉં તો ખરી? એના બાપની તો આ દશા કરી પણ હું એની જનેતા છું. કદાચ એને મારી સાથે લેણું હોય ને ઓળખે તો ઠીક છે

રાજુની માતા એના બંગલા પાસે ગઇ. પહેરેગીરને કહે છે. ભાઇ તારા સાહેબને પૂછી જોને કોઈ નોકરડીની જરૂર હોય તો મારે કામ કરવા રહેવું છે. મારે પગાર નથી જોઈ તો હું બધું જ કામ કરીશ. ખાવા પીવાનું મળશે તો બસ છે. પટાવળાએ ઉપર જઇ વાત કરી સાહેબ કહે છે. ભલે બોલાવો.

'બાઓ નાનો છે. પત્ની ને કહે છે તને ગમે તો રાખી લઇએ પત્નીએ હા પાડી ને માજી નોકરડી બનીને દીકરાના ઘરમાં રહે છે.

**"અહાહા! સાસુ તે જ નોકરડી બની!"**

રાજુની પત્નીને કહે છે બેટા! તમારે કંઈ કામ કરવાનું નહિ, રસોઇ પાણી બધું જ હું કરીશ. તમારે બાબાને રાખવાનો આ માજી તો બધું કામ કરે છે. વહુને દીકરાની જેમ રાખે છે.

રાજુને દીકરાની જેમ રાખે છે. બહારથી આવે ને રાજુને જોઈ એનું દિલ હચમચી ઉઠે છે. અરર....દીકરા બાપની તેં આ દશા કરી? પણ એ ઉભરો અંદર શમાની લેતી. વહુ તો એમજ કહેતી જાણે મારી મા છે. રાજુને પણ એમ થાય કે આ જાણે મારી મા ન હોય? પણ ભેદ ખુલતો નથી. એક દિવસ એવું બન્યું કે રાજુનો બાબો પાંચ વર્ષનો થાય છે. એટલામાં રમતો રમતો તે ક્યાંય આડે રસ્તે ચડી ગયો. થોડી- વારે ન આવ્યો. એટલે કલેક્ટર અને તેની પત્ની બાબાને શોધવા આકાશ પાતાળ એક કરે છે. પણ બાબો જડતો નથી. ત્યારે રાજુની પત્ની ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગી. આ સમયે માજી કહે છે.

બેટા! શા માટે રડે છે? બાબો તો હમણાં જડશે પણ મને એમ લાગે છે કે તમે કોઇનો દીકરો ઝુંટવી લીધો હશે. એટલે જ તારો દીકરો ઝુંટવાઈ ગયો છે. તારા સાસુ સસરાને શોધી આશીષ મેળવી લે. બાબો જરૂર મળશે. વાત તો સાચી છે. મેં પરણીને સાસુ સસરાના આશીર્વાદ કદી લીધા છે?

જેવો મારો દીકરો એવો જ એ પણ એની માનો દીકરો જ છે ને? માજીતો બે શબ્દો કહીને દીકરાને શોધવા નીકળ્યા. તો એક બાઈ આંગળીએ બાબાને વળગાડી ચાલી આવે છે. પૂછે છે બહેન આ કોનો બાબો છે? ક્યારનો યે રડે છે? હું તેના મા–બાપને શોધું છું. માજી આ તો મારા દીકરાનો દીકરો છે. વહાલથી તેડી લે છે. બાબો પણ માજીને જોઇને વળગી પડયો. તેને લઇ માજી ઘેર આવ્યા. લે બેટા બાબો આવી ગયો. રાજુ અને તેની પત્નીને જીવમાં જીવ આવ્યો. થોડા વખત પછી એક વખતે રાજુને સખ્ત માથું દુઃખે છે તે વખતે નોકરડી કહે છે દીકરા તને ટોપરાપાક બનાવી આપું તું ખા તારૂં માથું ઉતરી જશે.

## "ટોપરાપાક નામ સાંભળતાં રાજુની આંખમાં આંસુ"

ટોપરાપાક નામ સાંભળીને રાજુ ચમકયો. જાણે આ અવાજમાં માતાનો પ્રેમભર્યો ન હોય! મને મારી મા ટોપરાપાક બનાવી ખૂબ આપતી માજીએ ટોપરાપાક બનાવ્યો. રાજુએ મોમાં બટકું મૂક્યું

મારી જનેતા બનાવતી એવોજ આનો સ્વાદ છે. શું આ વૃદ્ધા મારી માતા જ હશે ? ટોપરાપાક ખવડાવ્યા પછી માજી કહે છે. બેટા લાવ માથું દબાવી આપું. માથું દબાવે છે. ત્યાં પણ મા યાદ આવી. અહો મને નાનપણમાં માથું દુ:ખતું ત્યારે મારી માતા મને આવી રીતે જ દાબી આપતી. માતાનું સ્મરણ તાજું થયું. રાજુની આંખમાં આંસુ આવી ગયા. છાતીમાં ડૂમો ભરાઈ આવ્યો. માતાની યાદ એને ખૂબ સતાવવા લાગી. માતા દીકરાના ઘરમાં આવી નોકરડી બનીને રહી છે તે ખૂબ પ્રેમપૂર્વક રાજુની વહુની સેવા પણ કરે છે પણ ઘરમાં કોઈને ગંધ નથી આવવા દેતા કે હું તમારી મા છું એતો એમ સમજતા કે મેં પૂર્વ ભવમાં એવા કર્મ કર્યા હશે કે જે મારે ભોગવવા પડે છે. એમાં કોઈનો દોષ નથી, આ સ્થિતિમાં આનંદ માને છે. આ તરફ ડોશીમાને જુવે ને દીકરાને મા યાદ આવે પણ પૂછવાની હિંમત ચાલતી નથી.

અને માતાને ઓળખી શકતો પણ નથી. કારણ કે જ્યારે રાજુને ભણવા મોકલ્યો ત્યારે માતા સૌભાગ્યવંતી હતી. શરીર પણ સારૂં હતું. અત્યારે શરીર અશક્ત બની ગયું છે. જ્ઞાતિએ અમીન પટેલ હતાં. એટલે એમની જ્ઞાતિના રિવાજ પ્રમાણે માથે મુંડન કરાવેલું છે. એટલે ચહેરો ફરી જાય તે સ્વાભાવિક છે. દીકરો માતાને ઓળખી શકતો નથી. એક દિવસ રાજુ જમવા બેઠો છે. પત્ની પીરસે છે ને માડી ગરમ ગરમ રોટલી બનાવે છે, આ વખતે કલેકટર સાહેબ એમની પત્નીને પૂછે છે કે આ નોકરડી તને કેવી લાગે છે ? એ તને સારી રીતે સાચવે છે ને ! ત્યારે પત્ની કહે છે. અરે ! નોકરડી કહેતાં મારી જીભ ઉપડતી નથી મારી જનેતા કરતાં પણ મને સવાઈ સાચવે છે. બાબાને તો હૈયા ઉપર રાખે છે. એના હું જેટલા ગુણ ગાઉં તેટલા ઓછા છે. આ માતાએ પણ વિવેકના વશીકરણથી દીકરા વહુનું મન જીતી લીધું છે કલેકટર કહે છે. તું એને કંઈ પગાર આપે છે કે નહિ ? પત્ની કહે છે. મેં એમને ઘણું કહ્યું પણ એ પગાર લેવાની ના પાડે છે. એ એમ કહે છે ! મને ખાવાનું મળે છે. પહેરવા માટે કપડા

મળે છે. રહેવા આવું સરસ ઘર છે. પછી શું જોઈએ! ત્યારે રાજુ પૂછે છે એ ક્યાંના છે! તેં એનું નામ ઠામ કે ગામ પૂછ્યું છે? હા મેં ઘણીવાર પૂછ્યું પણ એમનું નામ કહેતા નથી. એમ કહે છે. અમે ગરીબ મજુર માણસ અમારે વળી ગામ નામઠામ કેવા? નામ દેતા નથી. આ તરફથી કલેકટરની મુંઝવણના વધતી જાય છે.

## "રાજુનો પશ્ચાતાપ"

એના મનમાં તર્કો અને વિતર્કો થાય છે. "અરે હું કેવો પાપી! જે બાપે પેટે પાટા બાંધી ભણાવ્યો. એમને હું મળવા ન ગયો ત્યારે એને સામેથી મળવા આવ્યા છતાં મેં માન દેવાને બદલે એમને ડાંગ મરાવી નજરે જોયાં છતાં છોડાવ્યા નહિ. એ દૃશ્ય એની નજર સમક્ષ તરવરે છે. સત્તાના નશામાં મેં કેવી ક્રૂરતા વાપરી હું કેવો અધમ! કેવો પાપી!

## "હાલરડાના નાદે અંતરમાં આંદોલન જગાડયું."

રાજુના અંતરમાં પશ્ચાત્તાપની ગજબ તાકાત છે. અહીં રાજુના મનમાં મંથન ચાલ્યા કરતું હતું એક દિવસ રાજુની પત્ની બહાર ગઇ છે. ને બાબાને મીઠું હાલરડું ગાઇ રહી છે રાજુ ઓફીસેથી ઘેર આવે છે. બારણામાં પગ મૂકતાં હાલરડું સાંભળી થંભી ગયો. અરે! આ અવાજ કોનો છે? હું નાનો હતો ત્યારે મને ઉંઘાડવા મારી માતા એવું જ હાલરડું ગાતી હતી. જાણે મારી માતા જ ન હોય! મન કાબૂમાં ન રહ્યું. તે બીજા રૂમમાં જઈ પલંગમાં સૂઈ ગયો. વિચારમાં માથું દુઃખવા લાગ્યું. અંતર વલોવાઇ જાય છે કંઇ ચેન પડતું નથી બાબાને ઉંઘાડી માતા રાજુ પાસે ગઇ. અને પૂછે છે બેટા! શું થાય છે? માતા કંઇ નહિ પણ એક વાત પૂછું? હે માતા! તમે કયા ગામના ને તમારૂં નામ શું છે? ખૂબ પૂછે છે. ત્યારે માજી પોતાના ગામનું નામ આપે છે. તો કહે છે. એ તો મારી માતૃભૂમિ એ ગામમાં રહેતા ફલાણાભાઇ ને બહેનને તમે ઓળખો છો? માજી કહે છે ખૂબ સારી રીતે એ બહેન તો મારી બહેનપણી થાય છે. બહુ પ્રેમ હોય તો લોકો એમ કહે છે કે અમારો જીવ એક છે. પણ ખોળિયું જુદુ છે.

પણ અમારે તો એટલો પ્રેમ જીવને ખોળિયું બંને એક જ છે. બધી વાત જાણી લીધી બસ હવે તો માત-પિતાની શોધ કરૂં ,જ. કલેકટર પોતાની ગાડી લઇને રવાના થયો.

પોતાની માતૃભૂમિમાં આવ્યો. જ્યાં પોતાનું ઘર હતું. ત્યાં જઇ બારણું ખખડાવ્યું તો અંદરથી માણસો બહાર આવ્યા. એમને પૂછે છે ફલાણાભાઇ અહીં રહેતા હતા તે કયાં ગયા ? તો કહે છે એમનો દીકરો કલેકટર થયો છે. એવા ખબર સાંભળી પુત્રને મળવા ખૂબ આતુર બનેલ. પુત્ર આજે આવશે કાલે આવશે એ આશામાં દિવસ ગુજારતા હતા. પણ પુત્રના મિલનને બદલે પત્ર પણ ન આવ્યો. પુત્રને મળવા માટે ઘરબાર વેચીને તેઓ નાશીક ગયા છે. આ સમાચાર સાંભળી હૈયું ભરાઇ આવ્યું બાપને માર મરાવી કાઢી મૂકયો પછી તપાસ કરેલી પણ પત્તો લાગ્યો નથી ઘરે આવી ઓફીસે ગયો પણ ચેન ન પડયું ઘરે આવી પાછો પલંગમાં સૂતો આ વખતે માતા આવીને માથું દાબે છે, ને મા યાદ આવે છે. પત્ની બહાર ગઇ છે. કલેકટર પૂછે છે મા ! તમે આવા સંસ્કારી ને સદ્‌ગુણી છો તમારે દીકરો છે કે નહિ ? માજી કહે છે દીકરા ! આ બધું મારૂં જ છે ને ! તું મારો દીકરો જ છે ને ! ના મા સાચું બોલ. તારૂં બોલવું ચાલવું ને માથું દબાવાની રીત બધું જ મારી મા કરતી તેમજ તું કરે છે. ધારી ધારીને સામું જુવે છે માનું હૈયું પણ ભરાઈ જાય છે ને આંખમાંથી આંસુનું ટીપું રાજુના ગાલ ઉપર પડયું ને અંતરમાં એવું આંદોલન શરૂ થયું નક્કી આજ મારી મા છે પલંગમાંથી ઉભો થયો માતાના પગ પકડી પૂછે છે બોલ તું કોણ છે ?

ખરેખર મને લાગે છે કે મારા પિતાજીને માર ખવડાવેલ તારા વેશ ઉપરથી લાગે છે. કે મારા બાપુજી ફાની દુનિયા છોડી ચાલ્યા ગયા છે ને તું મારા ઘેર નોકરડી બનીને રહી છે. માએ દીકરાને છાતી સાથે ચાંપી દીધો. બાપ માટે રાજુ ખૂબ પશ્ચાત્તાપ કરે છે. માતાએ જાણ્યું કે દીકરાએ ભૂલ તો કરી પણ એના દિલમાં પશ્ચાતાપ છે. બેટા બનવાનું હતું તે બની ગયું ધીરજ રાખ.

અહો ! હજારો વાર ધિક્કાર છે આ પાપીને, બાપને માર્યો ને માતા પાસે નોકરડીના કામ કરાવ્યા ! પુત્ર પાપનો પશ્ચાતાપ કરે છે. ત્યાં પત્ની આવી. પતિની વાત ઉપરથી તે સમજી ગઈ કે ઘરમાં નોકરડી થઈને રહ્યાં છે. તે મારા સાસુ છે તરત જ ચરણમાં પડી ગઈ.

"બા ! મેં તમને ન ઓળખ્યા. મેં તમારી પાસે કપડાં ધોવડાવ્યાં, રસોઇ કરાવી, બાબાને સાફસૂફ કરવાનું કામ કરાવ્યું, હું કેવી અભાગી ! સાસુની સેવા ન કરી ઉપરથી કામ કરાવ્યું. બંનેની આંખમાં પશ્ચાતાપના આંસુ છે. માજી બંનેને શાંત કરે છે પછી પૂછે છે બા ! મારા બાપુજીને શું થઇ ગયું છે ? બેટા ! શી વાત કરૂં !

એ તને મળવા આવ્યા ને શું બન્યું એ તો તું જાણે છે. એમના કપાળમાં ઘા પડી ગયો ને આમ બનવાથી એમના કાળજામાં પણ ઘા પડી ગયો. તારા વર્તનથી સખ્ત આઘાત લાગ્યો ને ત્રીજે દિવસે તેઓ આ ફાની દુનિયા છોડી ચાલ્યા ગયા દીકરા ! આપણે તો મળ્યા પણ એ આત્મા તો શાંતિ ન પામી શકયો. ને માતાના શબ્દોએ રાજુનું હૃદય વીંધાઇ ગયું હવે વધુ શબ્દ ઝીલવા એનું હૃદય સમર્થ નથી.

## ત્રિલોચના અમૃતવાણી

- લક્ષ્મી–સ્ત્રી અને પરિવારના શરણે જવું એ દેડકાનું શરણ સ્વીકારવા જેવું છે અને દેવ–ગુરૂ–ધર્મના શરણે જવું એ ગરૂડના શરણ સ્વીકારવા જેવું છે.
- પ્રભુની આજ્ઞા વરરાજાના સ્થાને છે અને દ્રવ્ય–ક્ષેત્ર–કાળભાવ સાજન–માજનના સ્થાને છે.

**આધુનિક યુગમાં માન્યતા :–**

મોટર મારી માવડી, હોટર મારૂ મોસાળ
સિનેમા મારૂ સાસરીયું, ડોકટર મારા દીનદયાળ
સમ્યગ્ દ્રષ્ટિ જીવડો, કરે કુંટુબ પ્રતિપાળ
અંતરથી ન્યારો રહે, જેમ ધાવ ખેલાવત બાળ.

# સંગના રંગ પર વહુનું દ્રષ્ટાંત

6

## 'ભલમનસાઇનો થયેલો દુરૂપયોગ'

એક વિધવા બહેન ખુબ ધર્મીષ્ઠ અને ભલી ભોળી હતી એને એક જ દીકરો અને વહુ હતા. દીકરો પવિત્ર અને વિનયવંત હતો. અને માડીના પુણ્ય પ્રતાપે વહુ પણ સાસુના પગ ધોઈને પીવે એવી પવિત્ર મળી હતી. કોઈપણ કાર્ય કરે અગર કયાંય જાય તો સાસુને પૂછયા વિના પગલું ભરતી ન હતી. એટલે સાસુને મન શી વાત વહુ અને વહુને મન શી વાત સાસુજી બધા આનંદથી રહેતાં.

સાસુ તો બે વખત ઘેર જમવા આવતા બાકી આખો દિવસ ઉપાશ્રયમાં રહીને ધર્મક્રિયા કરતા હતા. આ વહુની બહેનપણીઓ કહે છે કે ચાલને આપણે ફરવા જઈએ ત્યારે આ સદ્દ્ગુણી વહુ કહે છે મારા સાસુને પૂછયું નથી એટલે હું નહિ આવું. ત્યારે બહેનપણી કહે છે. બાઇ ! તારે તો નવાઈના સાસુજી છે આ વળી બંધન શું ?

સ્હેજ કયાંય જવું હોય તો પૂછયા વિના જવાય નહીં. મને તો આવું બંધન ન ગમે. ત્યારે વહુએ કહ્યું બહેન ! તું આવું ન બોલીશ મારા સાસુ તો સાસુ જ છે. આવી તો મારી માતા પણ નથી. એ કદી મને રૂકાવટ કરતા નથી પણ પૂછયા વિના મારાથી ન અવાય. પાડોશણ બહેનપણી તો રોજ એને એક જ વાત કર્યા કરે એટલે કાચા કાનની વહુ ચઢી ગઇ ને એના મનમાં વાત ઠસી ગઈ. હવે આ સાસુ ઘરમાં ન જોઇએ. સાસુજીનું શલ્ય ઘરમાંથી કાઢવા માટે શું કરવું તે નક્કી કરી લીધું.

## "પરના સંગે ચઢતાં બગડેલી વહુ"

બીજે દિવસે સાસુજી ઉપાશ્રયમાં ગયા ને પતિ દુકાને ગયો સાસુજીને આવવાનો સમય થયો એટલે વહુજી તો બરાબર વિચિત્રતાથી બેઠા હતા. માથાના વાળ છૂટા મૂકીને ધુણવા લાગી સાસુ પૂછે છે તું કોણ છે ? ત્યારે એ તો વડવાઓના નામ લેવા લાગી. એટલે સાસુના મનમાં થયું કે મારી વહુને ભારે વળગાડ વળગ્યો લાગે છે. તરત જ દીકરાને બોલાવ્યો ને બધી વાત કરી.

દીકરાએ પત્નીના સામે નજર કરી તો એને લાગ્યું કે આ તો બનાવટી વળગાડ છે. કારણ કે દીકરાને પણ ધર્મમાં ખૂબ શ્રદ્ધા હતી. સંતના મુખેથી એણે સાંભળ્યું હતું કે દેવની કીકી સ્થિર રહે. જો કોઈ વ્યંતર દેવનો ઉપદ્રવ હોય તો એની કીકી સ્થિર રહે અને આતો કીકી હાલે છે. માટે કોઈ ઢોંગ છે. એટલે એની પત્નીને એક ઓરડામાં લઈ જઈને કહ્યું કે તારે શું જોઈએ છે ? તો કહે છે કે મારે એનો જીવ લેવો છે. પણ તમારી દયા આવે છે. તમને એના વિના ગમશે ? ત્યારે કહે છે ગમશે તો નહિ પણ શું થાય ! તો એમ કરો તમારી દયાને ખાતર હું બીજું માંગું છું કે તમારી માતાના માથેથી ચોટલો ઉતારી માથે ચૂનો અને મોઢે મેશ ચોપડીને મારી પાસે આવીને એનો ચોટલો આપે ને મને પગે લાગે તો હું જાઉં. છોકરો કહે છે, તમારી ભૂલ નથી થતી ને ? મારી માનો ચોટલો ? કે એની માનો ચોટલો ? ત્યારે કહે છે. ના....ના...એની માનો નહિ તમારી માનો. પુત્ર કહે છે મારી માતા તો વૃદ્ધ થઈ ગઈ છે. ને એના વાળ ધોળા થઇ ગયા છે. પણ એની માતાનો ચોટલો તો કાળો ભમ્મર જેવો છે એ માંગવો હતો ને !

## ચતુર પુત્રની ચતુરાઈ

પત્ની કહે છે. ભલે સફેદ હોય મારે તમારી માનો ચોટલો જોઈએ. તો કહે ભલે આપું છું. એમ કહીને ઓરડાને તાળું મારીને ભાઈ તો સાસરે ઉપડયા. સાસરૂ બે માઇલ દૂર હતું ત્યાં જઈને ચોકમાં પડતું મૂકયું એટલે સાસુજી દોડતાં આવ્યાં ને કહે છે જમાઈ રાજ ! અત્યારે રાત્રે અચાનક કેમ આવવાનું બન્યું ? મારી દીકરી તો મઝામાં છે ને ? એટલે જમાઇએ મોઢું ઢીલું કરીને કહ્યું બા ! તમારી

દીકરી મઝામાં હોત તો જોઈતું તું શું ? તેથી પૂછે છે હું મારી દીકરીને કંઈ થયું તો નથી ને ? જમાઇએ કહ્યું તમારી દીકરીને વળગાડ વળગ્યો છે. મેં ઘણા ઉપચારો કર્યા પણ જતો નથી ખુબ પૂછ્યું ત્યારે તે એક ચીજ માંગે છે. સાસુએ કહ્યું જે માંગે તે આપી દો. એણે જે માગ્યું છે તે હું આપી શકું તેમ નથી તમારી પાસેથી લેવા આવ્યો છું. શું માગે છે ? જમાઈ ઠાવકું મોઢું રાખીને કહે છે. કહેતાં મારી જીભ ઉપડતી નથી પણ તમારી દીકરીને બચાવવા ખાતર કહું છું. એણે કહ્યું કે એની માતાનો ચોટલો ઉતારીનેએના માથે ચુનો ને મોંઢે મેશ લગાડીને આપો. અજવાળુ થતાં પહેલાં સાસુ અને જમાઇ ઘોડા પર બેસીને આવી પહોચ્યાં. જમાઈએ કહ્યું બા ! તમે તમારી દીકરીને હેત કરવા અત્યારે વળગી ન પડતાં અત્યારે તો મેં તમને જેમ કહ્યું છે તેમ બોલીને દૂર ખસી જજો વળગાડ જાય પછી જેટલા તમારે હેત કરવા હોય તેટલા કરજો. બંને જણ અંદર ગયા. એની માએ એના ખોળામાં વાળ મૂકીને કહ્યું લે....ભા....લે આ ચોટલો ને તું જે હોય તે વિદાય થઈ જા. ત્યારે વહુ શું બોલી "દેખો રંડીકા ખેલ....મુખ કાળાને શિર ધોળા કૈસી બાજી બની." એનો ધણી ખુણામાં હતો તે છલંગ મારીને એની પાસે આવ્યો અને જોરથી બોલ્યો 'દેખ બંદેકા ખેલ, મા મેરી કે તેરી' તું કહે છે ને કે દેખો રંડીકા ખેલ તો હવે જોઇલે આ બંદે કા ખેલ. આ મા મારી છે કે તારી ? કોનું માથું મુંડાવ્યું ? તું રંડી છું તો હું કોઈ રાંડવો નથી મેં હાથમાં બંગડીઓ નથી પહેરી સમજી ને ? એની પત્ની આંખ ખોલીને જુએ તો સાસુ નથી પણ એની મા છે. અરેરે....સાસુનું માથું મુંડાવા જતાં આ તો માતાનું માથું મુંડાઇ ગયું અને સુનમૂન થઈ ગઇ. પતિ કહે છે આ તમારી માની સાથે પિયર સિધાવો. આ ઘરમાં તમારૂં કામ નથી. પત્નીની આંખ ખુલી ગઇ. પારકાના સંગે ચઢી તો મારી આ દશા થઈને ? પતિના પગમાં પડીને માફી માગી.

નાથ ! હું પારકાની શિખામણે ચઢી ગઈ તેથી આવું કામ કર્યું હવે કદી આવું નહિ કરૂં. પતિ સજ્જન હતો એટલે બધું ભૂલીને આનંદથી રહેવાં લાગ્યા.

# રક્ષાબંધન પર ભાઈ અને બેનનું દ્રષ્ટાંત

# ૧

એક ખાનદાન કુટુંબ હતું શેઠ તો ઘણા શ્રીમંત અને સમૃદ્ધ હતા. તેમના પુણ્યોદયે પત્ની પણ ખાનદાન મળી હતી, તેમને એક દીકરો અને બે દીકરીઓ હતી. દીકરાનું નામ રમેશ હતું મોટી દીકરી દક્ષાને પરણાવીને સાસરે મોકલી. એના પછી નાની દીકરી રમીલા દોઢ વર્ષની હતી. સૌ આનંદથી રહેતા હતા. પણ આ સંસાર કેવો છે. માનવના પુણ્યનો સૂર્ય ક્યારે અસ્ત થશે, તે કહી શકાતું નથી. આ શેઠના પુણ્યનું પાંદડું ફર્યું.

વહેપાર ધંધામાં બધે ખોટ....ખોટ ને ખોટ ચારે તરફથી ઘેરાઇ ગયા. છેવટે બધી મૂડી સાફ થઇ ગઇ. એમના કપડા દાગીના બધું વેચાઇ ગયું. મહેનત મજુરી કરીને ખાવા લાગ્યા. માણસ પહેલાં ગરીબ હોય ને પછી શ્રીમંત બને એને બહુ વાંધો નથી આવતો પણ શ્રીમંતાઇમાંથી ગરીબ બનતાં માણસને બહુ દુઃખ થાય છે.

કારણ કે પહેલા શ્રીમંત હતો ત્યારે બહું સુખ ભોગવ્યું ને પછી દુઃખ આવે તે સહન કરવું બહુ આકરૂં લાગે છે અને બીજી બાજુ ખાનદાન માણસો હોય એટલે પહેલાંની જેમ ઇજ્જત આબરૂ સાચવતાં ચિંતાનો કીડો એને કોરી ખાતો હોય છે. આ શેઠની પણ આવી પરિસ્થિતિ થઈ. એક વખતનો શ્રીમંત આજે રંક જેવો બની ગયો આજ સુધી શેઠને શેઠજી શેઠજી કરનારાઓ હવે શેઠના સામું પણ જોતા નથી.

સગા વહાલાઓ પણ સાથ દેતા નથી. આ પરિસ્થિતિ થતાં શેઠના હ્રદયમાં કારમો આઘાત લાગ્યો. ગરીબાઈ તો તણખલા કરતાં

પણ હલકી છે. ગરીબને બેલી આ દુનિયામાં ધર્મ સિવાય કોઈ નથી શેઠની સ્થિતિ સાવ ઘસાઈ ગઈ. એટલે શેઠને ખુબ આઘાત લાગ્યો. અહો ! હું એક વખત હજારોને પાળનારો. મારે આંગણેથી કોઇ ભૂખ્યો ન જાય. તેના બદલે હું આજે આવો કંગાલ બની ગયો.

મારે કોઈની પાસે હાથ ધરવાનો વખત આવ્યો. દુઃખી પરિસ્થિતિમાં ત્રણ વર્ષ તો પસાર કર્યા. આ શેઠ ખુબ ઘસાઈ ગયા, તેથી હૃદયમાં જબ્બર આઘાત લાગ્યો. ચિંતામાં ને ચિંતામાં રાત-દિવસ પસાર કરતા હતા. એક દિવસ શેઠનું હાર્ટ બેસી ગયું. શેઠાણીને તો વિજળી તૂટી પડે તેવો કારમો આઘાત લાગ્યો.

હવે હું શું કરીશ ? મારૂ આ દુનિયામાં કોણ ? આ બબ્બે બાળકોને કેવી રીતે ઉછેરીશ ? ગમે તેવી ગરીબાઈ આવે પણ જો ઘરમાં પુરૂષ હોય તો છાશને રોટલો ખવડાવે પણ હવે કોણ ખવડાવશે ? માથેથી છત્ર ચાલ્યું જતાં શેઠાણી દુઃખી દુઃખી થઇ ગયા. પણ હિંમત રાખ્યા વિના છુટકો ન હતો.

## "બાળકોને ઉછેરવા દુઃખો વેઠતી માતા."

ગરીબાઈના કારમા દુઃખો વેઠીને માતા દીકરા દીકરીને ઉછેરવા લાગી. પોતે ધનથી તો સાવ સાફ થઈ ગયા હતા. પણ ખાનદાન બાઈ ઉપરથી મોઢું હસતું રાખીને ઘર સંસાર ચલાવતી હતી. ઘરમાં બેસીને પાપડ વણવા. ભરત-ગૂંથણ જે કંઇ મળે તે કામ કરીને છોકરાને ભણાવતી. દક્ષા તો પરણીને સાસરે ગઈ હતી. તેની માતાને ચિંતા ન હતી. આ બે બાળકોની ચિંતા છે. ખાનદાન શેઠાણી એવા બાળકોને ફૂલની જેમ સાચવતી હતી.

બંને બાળકો ખુબ દેખાવડા હતા. રમેશ હવે ભણીગણીને તૈયાર થયો. સારી નોકરી મળી. એટલે પૈસા કમાવા લાગ્યો તેથી માતાના મનમાં થયું કે હાશ....હવે દીકરો તૈયાર થઈ ગયો છે હવે મારૂં દુઃખ ટળશે ને હું શાંતિથી ધર્મધ્યાન કરીશ. પણ કુદરત એને માટે કંઇક જુદીજ યોજના ઘડી રાખે છે.

એક દિવસ રમેશ એની માતાને કહે છે. બા પેલા જામ-ફળીયામાં રહેતા પ્રેમચંદ શેઠની છોકરી પ્રેમીલાને તમે જોઈ છે. આ સાંભળીને માતાનું હૃદય કંપી ઉઠયું છતાં જેમતેમ કરીને બોલીકે હા....જોઈ છે, રૂપાળી નમણી ખુબ છે એટલે દીકરાએ કહ્યું એની સાથે મારા લગ્ન કરીએ તો શું ખોટું ? આ શબ્દ હથોડાની જેમ માતાના કાનમાં ગુંજવા લાગ્યા ને છાતીમાં ધબકારા ઉપડયા

એટલે ઉભી હતી તે ત્યાંની ત્યાં નીચે બેસી ગઈ. પણ હા કે ના કંઈ જવાબ ન આપ્યો તેથી રમેશ સમજી ગયો કે માતાને મારી વાત ગમતી નથી લાગતી પણ આ રમેશને માતા સિવાય ઘરમાં બીજું કોઈ કહેનાર ન હતું. અને માતા એમ માનતી કે એકનો એક દીકરો છે. એના ઉપર મારો બધો આધાર છે. હું કંઈ પણ એને કહું ને એ રિસાઈને ચાલ્યો જાય તો ? એટલે વધુ કહેતી ન હતી.

રમેશે એની માતાને કહી દીધું કે બા. તને એ છોકરી ગમે કે ન ગમે એની મને પરવા નથી મને ગમે છે. એટલે હું એની સાથે લગ્ન કરીશ. એમ કહીને એ તો ચાલ્યો ગયો.

## દીકરા માટે પ્રેમીલાની વાત સાંભળતા માતાને પડેલો ધ્રાસકો !

પ્રેમચંદ શેઠ ખુબ ધનવાન છે એમની દીકરી પ્રેમીલા ધરતીથી વેંત અદ્ધર ચાલે છે. એના મોજશોખ મારાથી કેવી રીતે પૂરા થશે ? એ આ ઘર કેમ ચલાવશે ને અત્યાર સુધી દુઃખ વેઠીને જાળવી રાખેલી આબરૂ એ કેવી રીતે સાચવશે ? એવા અનેક વિચારો એના દિલમાં રમવા લાગ્યા મા તો ઉંડા વિચાર સાગરમાં ડૂબી ગઇ ચિંતાનો કીડો એના અંતરને કોરી ખાવા લાગ્યો.

ઘણી વખત માતા પિતાઓ પોતાના દીકરાઓની ચિંતા કરે છે પણ એ દીકરાઓ પરદેશ રહેતા હોય એટલે લખે છે કે બા બાપુજી ! તમે અમારી ચિંતા કરશો નહિ. અમે પુનીત પંથે પગલા માંડી દીધા છે. આપ અમને આશીર્વાદ આપજો અહીં પણ એવું જ બન્યું. માતાએ પ્રેમીલા સાથે લગ્ન કરવામાં ના પાડી ત્યારે

રમેશે પોતાની જાતે લગ્ન કર્યાં ને એક દિવસ રમેશ પ્રેમીલાને લઈને ઘેર આવ્યો.

માતાને આવી ઉછાંછળી કન્યા સાથે રમેશને પરણાવવા બિલકુલ મરજી ન હતી. છતાં એકનો એક દીકરો પરણીને આવ્યા પછી શું કરે? થરથર ધ્રુજતા હાથે પુત્ર અને પુત્રવધુના ઓવરણા લઈને માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યાને કહ્યું આવો બેટા આટલું બોલતાં હૈયામાં ધ્રાસકો પડયો. અને ભાવિના ભણકારા વાગતા હોય તેમ અંદરથી તેનું હૃદય ધ્રુજવા લાગ્યું.

અંતર બોલવા લાગ્યું કે શું આ છોકરી મારા ઘરની આબરૂ જાળવશે? એ મારૂં ઘડપણ તો નહિ બગાડેને? ન કરે નારાયણ ને મારૂં કંઇ બની જાય તો આ મારી લાડકી રમીલાનું શું થશે? માતાના મનમાં આવા વિચારો આવવા લાગ્યા. ત્યારે ફૂલ જેવી રમીલાને આવી ચિંતાનું નામનિશાન ન હતું એ તો ભાભીને જોઇને મારા ભાભીઆવ્યા. ભાભી આવ્યા એમ ગાંડી ઘેલી બની ગઇ.

## "રૂપાળા ભાભી પાછળ ઘેલી બનેલી રમીલા"

નાના બાળકને શું ખબર પડે કે આ ભાભી કેવા છે? એ તો પતંગીયાની જેમ ભાભીની આસપાસ ઘૂમવા લાગી ને રાજી થતી બોલવા લાગી કે બા! તું જો તો ખરી આ મારા ભાભી કેવા રૂપાળા છે! ભાભીની રેશમી સાડી કેવી સરસ છે અને આ સોનાના ચળકતા નવા નવા દાગીના ભાભીના શરીરે કેવા શોભી ઉઠયા છે! એમના વાળ કેવા લાંબા અને કાળા ભમર જેવા છે!

એને તો એવો હર્ષ કે જાણે એનો ભાઇ મોટી રાજકુમારી ને પરણીને ન આવ્યો હોય! એના હર્ષનો પાર નથી ને માતાને ચિંતાનો પાર નથી, પ્રેમીલાને પરણ્યાને આઠ દિવસ થયા પછી સાસુ રોટલી કરવા બેઠા એટલે તે રોટલી વણાવવા બેઠી ત્યારે સાત વર્ષની રમીલા કહે બા! આવા રૂપાળા ભાભી પાસે તું રોટલી કેમ વણાવે છે?

ત્યારે માતાએ કહ્યું બેટા ભાભી રોટલી નહિ વણે તો કોણ વણે? હવે આ તારી માના હાથ ચાલતા નથી હવે તો ધીમે ધીમે ઘરનું

બધું કામ ભાભી કરશે. રમેશને પોતાની વહુ કામ કરે તે ગમતું ન હતું પ્રેમીલા સારાસારા કપડાં પહેરીને પોતાની સાથે હરવાફરવા આવે, હસે, બોલે એ ગમતું હતું. પણ ઘરનું કામ કરે તે ગમતું નથી.

**"મા સામે વાટકેલો દીકરો"**

દીકરાએ કહી દીધું કે બા પ્રેમીલાથી ઘરનું કામ નહિ થાય તું અત્યાર સુધી બધું કામ કરતી હતી ને? એ આવી એટલે એના માથે નાંખી દેવાનું ? એનું શરીર કેટલું નાજુક છે. ઘરના વૈતરા કરે એટલે એ તો કરમાઈ જ જાય ને? દીકરાના શબ્દો સાંભળીને માતા તો ઢગલો થઇને પડી ગઇ.

અરેરે....મારો દીકરો જ ઉઠીને વહુને કામ કરવાની ના પાડે છે. તો વહુને તો મારે કહેવું જ શું. માતાએ કહ્યું બેટા રમેશ ! વહુ ઘરનું કામ નહિ કરે તો કોણ કરશે ? તું મારા સામું તો જો. તમને ઉછેરવામાં કાળા વૈતરા કરીને મારી જાત ઘસાઈ ગઈ છે. બેટા ! હવે મારા હાથ, પગ નથી ચાલતા વધુ નહિ તો રસોઈ કરે એટલું તો કહે.

ત્યારે રમેશ રૂઆબ કરીને કહે છે. એ રસોઇ નહિ કરે એટલે માતાએ કહ્યું કે એ રસોઇ ન કરી શકે તો તું રસોઇયો રાખી લે.... પણ મારાથી નથી બનતું રમેશે કહ્યું ન કેમ બને ? અત્યાર સુધી બનતું હતુ ને હવે કેમ ન બને ? બધું જ કામ તમારે કરવાનું એ તો પાણીનો ગ્લાસ પણ નહિ ભરે, આંસુ સારતી માતા કાંઇ ન બોલી શકી.

**"માતાને રડતી મૂકીને ચાલ્યા ગયેલા દીકરા વહુ"**

એક દિવસ આ માતાને વાંસામાં ભયંકર દુઃખાવો ઉપડયો ન ઉઠી શકે ન બેસી શકે શ્વાસ લેતાં પણ ઘણો દુઃખાવો થતો હતો તેથી સવાર પડી સાત વાગ્યા પણ માજી ઉઠી શકયા નહીં. વહુરાણી સાડા-સાત વાગ્યાને રસોડામાં આવ્યાને જોયું શું તો રસોડું ઠંડુ છે. દુધ પણ ગરમ થયું નથી, દરરોજ તો વહુ આવે તે પહેલા સાસુજી ચા-દુધ અને ગરમ નાસ્તો તેયાર કરીને રાખતાં પણ આજે તો કંઈ કર્યું નથી એટલે પ્રેમીલા નાક ચઢાવી ઘૂંઘરાટો કરીને જોરથી બોલી કેમ હજૂ

ઉઠ્યા નથી? શું આજે બધાને ઉપવાસ કરવાનો છે. ત્યારે સૂતા સૂતા સાસુજી કહે છે બેટા ! કોઇને ઉપવાસ નથી પણ આજે મને વાંસામાં સખત દુઃખાવો થાય છે તેથી હું ઉઠી શકી નથી માટે આજે તું મને ચા બનાવીને પીવડાવ. ત્યાં તો રમેશકુમાર આવી પહોંચ્યા માતાના શબ્દો સાંભળીને કહે છે અમારે તો આજે રવિવારનો દીવસ છે. એટલે બહાર જવાનું છે. ઘણાં પ્રોગ્રામો ગોઠવેલા છે. એટલે પ્રેમીલાને ચા કે રસોઈ બનાવવાનો ટાઇમ નથી. માતા કંઈ બોલે તે પહેલા રમેશે કહ્યું ચાલ પ્રેમીલા જલ્દી તૈયાર થઈ જા. પ્રેમીલા અને રમેશ બંને તૈયાર થઇને ચાલતા ચાલતા કહે છે કે તમે મા-દીકરી તમારું ફોડી લેજો અમે તો આજે આખો દિવસ બહાર ફરવાના છે. અને મારા સાસરે જમી લઇશું મોડું વહેલુ થાય તો અમારી રાહ જોતા નહીં.

આમ કહીને દીકરો-વહુ ચાલ્યા ગયા. ભીંત બાજુ સુતેલી. માતાની આંખમાંથી આંસૂડાની ધાર વહેવા લાગી. અહો મેં રમેશને કેટલા લાડકોડથી ઉછેર્યો એના પિતાજી નાનો મુકીને ચાલ્યા ગયા ઘરમાં પૈસા ન હતા છતાં ઘરની આબરૂ જાળવવા માટે રાત્રે ઉજાગરા કરી છાના-માના કામ કર્યા ને કરકસર કરી પેટે પાટા બાંધી ભૂખી રહીને એને ખવડાવ્યું લોહીના પાણી કરી તેને ભણાવ્યો. બાળપણમાં તેને ઘણી હઠ કરી તે મેં પુરી કરી. આમ અનેક વિચારો કરતા કરતાં માતા ખૂબ રડી એટલે માથુ પણ દુઃખવા આવ્યું પણ કોણ એને કપ ચા કરીને પીવડાવે. દિલમાં ખૂબ આઘાત છે. માથુ ખૂબ ચઢયું છે તે દબાવીને મા સૂતી હતી. ત્યાં રમીલા બહારથી રમીને આવીને કહે છે. બા મને બહુ ભૂખ લાગી છે. ખાવાનું આપ.

## ખાવા માટે રમીલાએ લીધેલી હઠ.

માતાએ કહ્યું-બેટા આજે ખાવાનું નથી. આ તો બાળક હતું ! એને એમ ખબર નથી પડતી કે મારી માતાને ઠીક નથીને ભાઇ-ભાભી તો બહાર ગયા છે. કોણ ખાવાનું બનાવી આપશે ? એણે તો હઠ લીધી કે મારે ખાવું છે. ઘરમાં વાસણ કપડાં બધું જેમ તેમ ફેંકવા માંડયું. અવાજ થવાથી માતાને માથાનો દુઃખાવો ખુબ વધી ગયો.

એટલે પુત્રીના આવા વર્તનથી દુઃખ થયું હતું તે દુઃખ ક્રોધ રૂપે પ્રગટ થયું ને દીકરાની દાઝ દીકરી ઉપર કાઢી એને ખુબ મારી તેથી રમીલા રડવા લાગી. બસ....મારે ખાવું છે. ત્યારે મા કહે છે જો હું બતાવું તેમ કર ને ખીચડી બનાવ. આપણે બંને ખાઈએ. રમીલા કહે છે મારે ખીચડી નથી ખાવી. મારે દાળભાત ખાવા છે ખુબ કજીયો કર્યો.

એટલે માતાને દયા આવી કે મારી આ ફૂલ જેવી કોમળ દીકરી સવારની ભુખી છે. લાવ ત્યારે હું દાળ-ભાત બનાવું. માંડ માંડ ઉઠીને રાતે નવ વાગે દાળ-ભાત બનાવ્યા. રમીલા ખુબ માર ખાઇને રડીને ભૂખી તરસી ઉંઘી ગઇ હતી. માતાએ એને ઉઠાડીને કહ્યું બેટા ! રમીલા ઉઠ. આ દાળભાત બનાવ્યા છે તું જમી લે.

રમીલા જાગીને માતાના ખોળામાં બેઠી ને મોઢું ખોલ્યું એક સંતાન તરફથી આઘાત પામેલું માતાનું હૈયું અત્યારે વાત્સલ્યની સો સો સરવાણીઓ વડે બીજા સંતાન તરફ વહી રહ્યું હતું. માતા દાળ ભાતના કોળીયા રમીલાના મોઢામાં મૂકવા લાગી. હજુ ચાર-પાંચ કોળીયા ખવરાવ્યા હતા ત્યાં તો રમેશ અને પ્રેમીલા આવી પહોંચ્યા. માતાને દીકરીને દાળભાત ખવડાવતી જોઈને પ્રેમીલા રમેશને કહે છે ?

જુઓ આ તમારી માએ સવારે મારી પાસે કામ કરાવવા કેવો ઢોંગ કર્યો હતો ને અત્યારે એમનો રોગ મટી ગયો. એમની લાડકી કુંવરી માટે કેવી રસોઈ બનાવીને પ્રેમથી જમાડી રહ્યા છે.

**"દીકરાના કટાક્ષ ભરેલા વેણ"**

આ સાંભળીને માતાના હૃદયમાં વજ્ર જેવો આંચકો લાગ્યો વહુ કેવી મારા સામું બોલે છે ? હશે....એતો વહુ છે ને ? વહુતો ગમે તેમ બોલે પણ દીકરો તો પાસે છે ને ? એ વહુને ધમકાવશે એવી આશાથી દીકરાના સામું જોયું ત્યાં તો જુદુ જ બન્યું. દીકરો મોં બગાડીને કહે છે કે સવારે તો બૂમો પાડતી હતી કે મને બહુ દુઃખાવો થાય છે, ડોકટરને બોલાવો મારી પાસે ડોકટરની દવાના પૈસા ખર્ચાવવા તૈયાર થઇ હતી ને ! તને કામ કરવું ગમતું નથી એટલે

ઢોંગ કરે છે. રમેશના શબ્દો સાંભળીને માતાનું કાળજું ચીરાઇ ગયું અહો....આ મારો દીકરો તદ્દન પરાયો થઇ ગયો ? હે ભગવાન મેં પૂર્વે કેવાં પાપ કર્યા હશે કે મારે આવા દુઃખો ભોગવવાના આવ્યા ! દીકરો ને વહુતો રૂમમાં જઇને સૂઈ ગયા પણ માતાને આખી રાત ઉંઘ ન આવી.

મનમાં દીકરાના વિચારો ઘૂમ્યા કરતા હતા. અરેરે....દીકરા બરડામાં આટલો બધો દુઃખાવો થાય છે તો પણ તેં એકવાર પણ મારી પાસે આવીને ખબર પૂછી છે કે બા ! તને શું થાય છે અને ઉપરથી કહે છે કે તું ઢોંગ કરે છે. એક તો બરડામાં પારાવાર દર્દ થતું હતું બીજું હૃદય અપમાનથી ઘવાયું હતું ને ત્રીજી રમીલાની ચિંતા થતી હતી. એટલે માતાની આંખો રડી રડીને લાલઘૂમ થઈ ગઈ. આવી સ્થિતિમાં પણ માતાએ સવારમાં ઉઠીને રસોઇ બનાવી. બંને જણા જમવા આવ્યા માતા પરાણે કામ કરતી હતી. આ જોઇને રમેશે કહ્યું બા ! તને ઠીક ન હોય તો રહેવા દે પ્રેમીલા પીરસશે. એટલે પ્રેમીલા એ તેના હાથમાંથી થાળી વાટકો ઝુંટવી લીધા. તો પણ માતા એક શબ્દ ના બોલી ને બહારના રૂમમાં ગઈ.

ત્યાં રમીલા દોડતી આવીને કહે છે બા ! મને માથું ઓળી આપને ! એના વાળ ખુબ ગુંચાયેલા હતા ! એટલે દુઃખતા હાથે વાર લાગે ને ? ત્યાં અંદરથી પ્રેમીલા બોલી ઉઠી કે શણગાર પૂરા થઈ રહ્યા હોય તો બંને જણા જમવા આવજો.

## "દીકરાના તીર જેવા વચનો સાંભળતી માતા"

ગઈ કાલથી જ વહુરાણી વિફરેલા હતાં. તેમાં દીકરાના દેખતાં આવા શબ્દો માતાને કહ્યા તે માતાથી સહન ન થયું આ શબ્દે અગ્નિમાં ઘી હોમવાનું કામ કર્યું. માતાએ ખીજાઇને કહ્યું અમારે નથી જમવું. આ શબ્દો સાંભળીને રમેશ અંદરથી બહાર આવીને બોલ્યો. બા તમારા રોજના આવા કકળાટ અમારાથી સહન નહિ થાય. જો તો ખરી કકળાટમાં ને કકળાટમાં પ્રેમીલાની તબીયત કેવી થઈ ગઈ છે ! જો તમારે આવા નાટક કરવાના હોય તો અમે જુદા થઈ

જઇશું ત્યારે માતાએ કહ્યું કે મારા વહાલસોયા રમેશ ! તારે કોનાથી જુદા થવું છે ? તારે બીજો કોઈ ભાઈ તો છે નહિ. બાપ તો મરી ગયા છે. મોટી દીકરી દક્ષાને પરણાવ્યા પછી મેં કદી તેડાવી નથી. વધારામાં તો આ તારી કુમળી કળી જેવી બહેન અને આ ખર્યાપાન જેવી તારી રાંકડી માતા છે બેટા....જરા તો વિચાર કર. હવે મારૂં શરીર કામ આપતું નથી.

હું શું કરીશ ? આટલું બોલતા તો માતાના શરીરે છેદ વળી ગયા તો પણ દીકરાએ માતાની સામું ન જોયું. અત્યારે એ જુદા થવાનું કયા બળ ઉપર કૂદતો હતો તે જાણો છો ? પ્રેમીલાની સાથે પરણ્યો ત્યારે સાસુ સસરાએ કહ્યું હતું કે તમે જો મારી દીકરીને લઇને જુદા રહેશો તો મારી દુકાનમાં ચારઆનીકતો પણ કરી આપીશું એટલે રમેશે વિચાર કર્યો કે આ તક ઝડપી લેવામાં જ લાભ છે.

## "માતાનો કરૂણ ઝુરાપો"

આમ વિચાર કરીને એણે મકાનની પાછળના ભાગમાં બે નાની ઓરડી હતી તે મા દીકરીને રહેવા આપી. રાંધવા માટે થોડા વાસણો આપ્યાને કહ્યું મહિને પચ્ચીશ રૂપીયા ખોરાકીના આપીશ. તમે મા દીકરી આ ઓરડીમાં રહો, માતા ઓરડીમાં રહેવા ગઇ.

રડી રડીને એની આંખોના આંસુ હવે સૂકાઈ ગયા. પોતાના પાપકર્મને દોષ આપતી ભાગ્ય જેમ રાખે તેમ રહેવા લાગી પણ એનો મનમાં વારંવાર યાદ આવી જતું કે મેં દીકરાને કેવો સાચવ્યો તે રમેશ મારો આજે માતાને છોડીને એના સસરા અને વહુનો ચડાવ્યો ચડી ગયો અને મારાથી જુદો થયો. સસરાની દુકાનમાં ચારઆની ભાગ થયો તે પોતે માતાથી જુદો રહ્યો તેની ખુશાલીમાં કંસાર બનાવ્યો ને સાંજે માતાને ઘેર મોકલ્યો.

એટલે માતાએ આપવા આવનારને કહ્યું. અમારે કંસાર નથી ખાવો તમે પાછો લઇ જાવ. ત્યારે આવનારે કહ્યું તમારે ન ખાવું હોય તો કંઈ નહિ. આ રમીલા ખાશે રમીલાને પૂછયું કે તારે કંસાર ખાવો છે ? તે દિવસે રમીલાએ પણ ખાવાની ના પાડી દીધી એટલે

કહે પાછો લઇ જાવ. આ તમારા કંસારે મારો કસ કાઢી નાંખ્યો તેથી કંસાર પાછો ગયો. પ્રેમીલાએ કહ્યું સ્વામી નાથ ! દેખો તમારી માએ તો કંસાર પણ ન રાખ્યો. કેટલું અભિમાન છે ! પત્નીના વચન સાંભળી ધમધમાટ કરતો રમેશ માતા પાસે આવીને કહે છે બા ! આ ઠીક કર્યું નથી. આ ખોટું કરી રહ્યા છો હોં....આ સમયે માતાએ મોઢું ઠાવકું રાખીને કહ્યું. દીકરા ! ખોટું તો જેટલું થવાનું હતું તે થઇ ગયું હવે કંઈ બાકી રહ્યું નથી. માત્ર મને મારા કર્મો બતાવશે એટલા દિવસ જોઇશ. ત્યારે રમેશે ગુસ્સે થઇને કહ્યું બા....બા તું મારો કંસાર નથી રાખતી. હવે આજથી મારે ને તારે કંઈ સગપણ નથી હવે ૨૫ રૂા. નહી આપું. આ સાંભળી માડીના પગ ભાંગી ગયા માથે આભ તૂટી પડે તેવો આ[illegible] એટલે [illegible]ગયો.

## "રમીલાને ધમકાવતી એની ભાભી"

બીજી તરફ રમેશની વહુ નાનકડી રમીલાને ખાવાનું બતાવીને બોલાવતીને લેવા આવે ત્યારે મારીને ધમકાવીને કાઢી મૂકતી. એટલે રડતી રડતી મા પાસે આવતી ત્યારે માતા કહેતી બેટા ! હવે આપણે ત્યાં નહિ જવાનું. પણ આ તો બાળક છે ને ? એને કંઈ ભાન હોતું નથી. ગરીબાઇના દુ:ખો કેવા છે. એનો પણ એને ખ્યાલ ક્યાંથી આવે ?

દીકરાએ પૈસા આપવાના બંધ કર્યા એટલે પરાણે પરાણે પગ ઘસીને લોકોના કામ કરીને ગુજરાન ચલાવતી. આ દુ:ખનો રમીલાને ખ્યાલ આવતો ન હતો. તેથી બીજા છોકરાઓ પાસે જોયેલી વસ્તુઓ લેવા માટે હઠ કરતી ક્યારેક એને સારા કપડાં પહેરવાનું મન થતું ક્યારેક સારૂં સારૂં ખાવાનું મન થઇ જતું. તો ક્યારેક નવા નવા રમકડા રમવાનું એને મન થઇ જતું પણ આ બધું માતા લાવે ક્યાંથી ? રમીલા ખૂબ હઠ કરતી ત્યારે માતા ક્રોધના આવેશમાં આવી એને ખૂબ માર મારતીને કહેતી કે હવે ભાઇને ઘેર આપણે જવાનું નથી. તો પણ એ તો દોડીને જતી ત્યારે ભાભી ધમકાવતી ને રડતી રડતી મા પાસે આવતી તો માતા પણ એને મારતી આ જોઈને પ્રેમીલા રાજી થતી. ને ઉપરથી રમેશને મીઠું મરચું ભભરાવીને કહેતી કે.

તમારી મા બધાને મોઢે મારૂં વાંકુ બોલે છે. ને મને વગોવે છે. આમ કરવાથી એક બીજા વચ્ચે અંતર વધવા લાગ્યું અને એક બીજા સામું જોવાનું પણ બંધ થઈ ગયું.

**"માતાના સ્થાને આવેલી સાસુ"**

રમેશના ઘરમાંથી રમેશની માતા ગઈ અને પ્રેમીલાની માતા પડી પાથરી રહેવા લાગી. સમય જતાં પ્રેમીલાએ પુત્રને જન્મ આપ્યો. રમેશે પુત્ર જન્મની ખુશાલીમાં ઘેર ઘેર પેંડા વહેંચ્યા. માતાને ત્યાં પેંડાનું પેકેટ મોકલાવ્યું માતાને લેવાની બિલકુલ ઇચ્છા ન હતી. પણ વિચાર કર્યો કે મારા દીકરાને ઘેર દીકરો આવ્યો છે ને આવનાર દીકરા એ મારૂં શું બગાડયું છે? પેંડાનું પેકેટ રાખી લીધુ.

રમેશનો બાબો ખૂબ નબળો હતો એને ઉંચકતા પણ ડર લાગે એવો હતો. મોટી ઉંમરની બહેનો બાબાને રમાડવા આવી એટલે પ્રેમીલાની માતાએ પૂછયું કે આ બાબો ખુબ નબળો છે. એનું શરીર કેવી રીતે મજબૂત બનશે? આ વખતે રમેશ પણ હાજર હતો આવનાર બહેનોને રમેશની માતા પ્રત્યે ખુબ લાગણી હતી એનું દૂ:ખ જોયું જતું ન હતું એટલે લાગ જોઈ ને બોલી કે આનો બાપ પણ નાનો હતો ત્યારે આવો જ હતો.

એની માએ એને રૂના પોલમાં ઉછેર્યો હતો. એને સાજો કરવા એની માતા ઠેર ઠેર કાવડની જેમ લઇને ફરી છે કેટલાં વાનાં કર્યાં ત્યારે આ એક દીકરો મોટો કર્યો છે. એની માએ તો એને કંઇ લાડ લડાવ્યા છે દુ:ખમાં પણ એણે દીકરાને દુભવ્યો નથી આ શબ્દો રમેશે સાંભળ્યા એના હૃદયમાં આંચકો આવ્યો. એને એનું બાલપણ પ્રત્યક્ષ દેખાવા લાગ્યું. અહો....હું કેવો અધમ દુ:ખ વેઠીને મને ઉછેરનારી માતા ઘડપણમાં માંડમાંડ કામ કરે છે. ને એક નોકરડી કરતા પણ બુરી હાલતમાં દિવસો વીતાવે છે આ વિચાર એના મગજમાં ઘૂમવા લાગ્યો ઘેરથી પેઢી ઉપર ગયો પણ એનું મન કામકાજમાં ન લાગ્યું. સાંજ પડીને ઘેર આવીને સૂઈ ગયો. પણ ઉંઘ આવતી નથી. એક પછી એક બાલપણનાં પ્રસંગો તેને યાદ આવવા લાગ્યા.

## "ભાઇને રાખડી બાંધવાની હઠ કરતી બહેન"

બીજે દિવસે રક્ષાબંધનનો દિવસ હતો બધી છોકરીઓ એમના ભાઈને બાંધવા માટે રાખડી લેવા ગઈ. ત્યારે રમીલા કહે છે. બા ! મારે પણ મારા ભાઈને રાખડી બાંધવી છે માતા કહે છે. આપણે રાખડી બાંધવા માટે જવું નથી. પણ આતો સમજી નહિને રાખડી લઇ આવી. સવારના પ્રહરમાં કંકુ ચોખા નાડાછડી બધું લઈને રાખડી બાંધવા માટે ગઇ. બારણું ખખડાવ્યું પણ ભાભીએ ખોલ્યું નહિ એટલે પેલા કંકુ ચોખા નાડાછડી બધું ઓટલે મૂકીને રમીલા માતા પાસે આવીને કહે છે બા ભાભી બારણું ખોલતા જ નથી મેં તો તને નાજ પાડી હતી. શા માટે ગઈ?

આ તરફ પ્રેમીલાએ થોડી વાર પછી બારણું ખોલ્યું તો ઓટલે કંકુ ચોખાને નાડાછડી પડેલા જોઈને એની માતાને કહે બા જો તો ખરી આપણા ઓટલે આ બધું કોણે મૂક્યું હશે ? એની મા કહે છે બીજું કોઈ નહિ બેટા તારી સાસુ તારા છોકરાને સાજો નહિ થવા દેવા માટે અને તમને સુખી નહિ થવા દેવા માટે આ કામણ ટુમણ કરે છે. પ્રેમીલાની માતા રમેશની માતા પાસે જઈને કહેવા લાગી કે મારી દીકરીને ઘેર દીકરો આવ્યો તે તમારાથી સહન થતું નથી તેથી આવા કમણ ટુમણ કરો છો ? આવા ધંધા કરશો તો ઓરડીમાં પણ નહિ રહેવાય આ શબ્દો સાંભળીને માતાને ખુબ ક્રોધ આવ્યો.

## "બેટા ! તારે ભાઇ જ કયાં છે ? એમ બોલતી માતા"

માતા રમીલાને કહે છે તને રાખડી બાંધવાના કેટલા કોડ છે તું ચોખા મૂકી આવી તેનું આ પરિણામ આવ્યું હવે જઇશ નહિ. પણ રમીલા હઠ છોડતી નથી. હું તો હમણાં ભાઇને રાખડી બાંધવા જઇશ ! તેથી માતાનો ક્રોધ હદ વટાવી ગયો ને લાકડીએ ને લાકડીએ રમીલાને મારવા લાગી અને બોલવા લાગી કે તારે ભાઇ છે જ કયાં કે તારે રાખડી બાંધવા જવું છે.

એમ કહેતી જાય ને મારતી જાય છે. એટલે રમીલા ખૂબ ચીસો પાડીને રડવા લાગી તેથી એનો ભાઇ જાગી ગયો ને કે અત્યારના

પ્રહરમાં આટલું બધું કોણ રડે છે ? તેમ વિચાર કરીને જ્યાં બારીએથી જુએ છે. તો પોતાની માતા નાનકડી રમીલાને સોટીએ સોટીએ મારે છે ને કહે છે કે તારે ભાઇ કયાં છે કે તારે રાખડી બાંધવા જવું છે ? બોલ હવે જવું છે ? રમીલા કહે છે ના, હવે નહિ જાઉં. તું મને મારીશ નહિ. બીજી તરફ સાસુજી લટકો કરતાં કહે છે જમાઈ રાજ ! સાત ખોટનો દીકરો ઘેર આવ્યો છે પણ આ તમારી મા કયાં સુખ પડવા દે છે. ફુલ જેવા દીકરાને કામણ ટુમણ કરે છે ને પાછી સતી થઈને અત્યારના પ્રહરમાં છોકરીને મારે છે એના જેવા કામણ ટુમણ કરનાર કોઈ નથી.

## "છેવટે રમેશનો હૃદય પલ્ટો"

રમેશ વિચારમાં પડયો કે એક બાજુ બહેન રાખડી બાંધવા હઠ કરે છે ને આ કહે છે. તમારી મા કામણ ટુમણ કરે છે ના.... ના મારી માતા એવી નથી એ તો પવિત્રતાની મૂર્તિ છે એનું હૃદય ભરાઈ ગયું. પોતાની માતા પર સાસુ જે આક્ષેપ આપી રહ્યા છે તે સહન કરી શકયો નહિ. તરતજ ઝડપભેર દાદરો ઉતરીને માતા પાસે પહોંચ્યો. હાથમાંથી સોટી ઝુંટવી લઈને દૂર ફેંકી દીધી ને થરતી કકળતી બહેનને ઉંચકી લીધીને પૂછયું બહેન કેમ રડે છે ? તને શું થયું છે ? મોટાભાઇનો સ્નેહ જોઇને તે ભાન ભુલી ગઇ ને તેને વધારે રડવું આવ્યું અને બોલવાનું ભાન ન રહ્યું એટલે જેમ તેમ બોલી હવે કોઈ દિવસ એવું નહિ કરૂં"

આજનો દિવસ મને જવા દો. રમેશે પૂછયું પણ બહેન ! તેં એવું શું કર્યું છે તે તો કહે. ભાઈ બધી છોકરીઓ એમના ભાઈને માટે રાખડી લેતી હતી તેથી હું પણ લઈ આવી. તને બાંધવા આવતી હતી. પણ બાએ મને ગુસ્સાથી કહ્યું કે બધી છોકરીઓનેતો ભાઇ છે. ઓ અભાગણ ! તારે કયાં ભાઇ છે તે તું રાખડી બાંધવ જાય છે. તારો ભાઈ હોય તો મારી આ દશા હોય ? આ સાંભળી રમેશની આંખમાં દડદડ આંસુ વહેવા લાગ્યા અને રૂંધાયેલા કંઠે બોલ્યો બહેન !

ગમે તેવા ખરાબ પણ તારે ભાઈ તો છે તું આજે રક્ષાબંધનને દિવસે મને એવા આશિષ આપ કે ભગવાન મને માફ કરે અને લે બેન તું મને રાખડી બાંધ. રમીલાએ પ્રેમથી ભાઇને રાખડી બાંધી પછી રમેશ માતાના ચરણમાં પડયો ને કહ્યું હે માતા ! આ તારા દુષ્ટ દીકરાને માફ કર. મેં પાપીએ તને દુઃખ દેવામાં બાકી રાખ્યું નથી. માતાના હૃદયમાંથી સંતાનો પ્રત્યે વાત્સલ્યના વહેણ વહેતા હોય છે. માતાએ દીકરાને છાતી સરસો ચાંપી દીધો. પ્રેમીલા અને તેની માતા આ દૃશ્ય જોઇજ રહ્યાં રમેશે માતા અને બહેનને લઇને ઘેર આવ્યો ને પ્રેમીલાને કહી દીધું કે આજથી તારી માતા જેવી મારી માતાને ગણવી હોય ને તારી બહેન જેવી મારી બહેનને ગણવી હોય તો આ ઘરમાં રહો નહિતર આ તમારી માતા સાથે પિયર પધારો. હવે પ્રેમીલા શું બોલે ? રક્ષાબંધનની તાંતણાથી બંધાયેલા એ માતા પુત્ર છિન્નભિન્ન બનેલા સંસારમાં તે દિવસે સુખની ભરતી આવીને સૌ આનંદથી રહેવા લાગ્યા. છેવટે રક્ષાબંધને વૈરના બંધન તોડાવ્યા ને પ્રેમના બંધન કરાવ્યા.

લબ્ધિ કણિકા :– મુનિરાજ ચંદ્રશેખર વિ. મ. (થરાવાળા)

આજે દેશમાં દેવપ્રત્યેની, દિવાલો, સંપ્રદાય પ્રત્યેની દિવાલો ધર્મપ્રત્યેની દિવાલો ઉભી થયેલી દેખાય છે તે તોડવાની જરૂર છે.

માર ખાઈ શકે, સહન કરી શકે, તેવાજ માણસો સમાજનું માણસનું ઉત્થાન કરી શકે

મેરી મેરી ક્યા કરે, ઇહા નાહે તેરી કોઇ
કાયા એ તેરી નથી, માયા કહાં સે હોય ।।૧।।
જ્ઞાની સે જ્ઞાની મિલે, રસકા લૂંટાલૂંટ
અજ્ઞાનીસે અજ્ઞાની મિલે તો બડી માથાકૂટ ।।૨।।

# "અભિમાન થી પતન પર"
# વિશ્વજિત પંડિતનું દ્રષ્ટાંત

## ૮

ઉજ્જયિની નગરીનો એક પંડિત ખુબ વિદ્વાન હતો. તેની વિદ્વત્તા અજોડ હતી. વેદ–વેદાંગ–યોગ–તર્ક–ન્યાય ઉપનિષદ વિગેરે એની જીભ ના ટેરવે રમતા હતા. ગમે તેવા અટપટા પ્રશ્નો જોત જોતામાં ઉકેલી નાંખતો જ્યારે રાજસભામાં જતો ત્યારે ખુદ ઉજ્જયિનીનો રાજા પણ

"પધારો વિશ્વજિત !" કહીને બહુમાન કરતો વિશ્વજિતને એના જ્ઞાનનો ઘમંડ આવ્યો. અહો! ખુદ મહારાજા પણ મારૂં કેટલું બહુમાન કરે છે. જ્યારે માણસમાં અભિમાન આવે છે. ત્યારે સારા સારાનો વિવેક ભૂલી જાય છે અભિમાનમાં અક્કડ વિશ્વજિત એની પત્નીને કહે છે ખુદ મહારાજા પણ મારૂં આટલું બહુમાન કરે છે તે સારાયે-વિશ્વમાં મારી ખ્યાતિ ફેલાયેલ છે પણ તું મને આવકાર આપતી નથી તો હવે હું તને આજ્ઞા કરૂં છું કે હું બહારથી આવું ત્યારે તારે મને "પધારો વિશ્વજિત પધારો" એમ કહીને મારો સત્કાર કરવો. એની પત્ની કહે છે ભલે આવતી કાલથી એમ કરીશ હવે વિશ્વજિતની પત્ની જ્યારે પંડિત બહારથી આવે છે ત્યારે તેનો આદર કરતી એક દિવસ એની શરતચુકથી "પધારો વિશ્વજિત" કહેવું ભૂલી ગઈ. એટલે વિશ્વજીતના હૃદયમાં ક્રોધની જવાળા ભભુકી ઉઠી. હદ ઉપરાંત ક્રોધ કર્યો અને પત્નીને કહે છે. તેં આજે મને આવકાર નથી આપ્યો એનો દંડ આપું છું. સાંભળતું–અત્યાર સુધી મને પધારો વિશ્વજીત કહેતી હતી પણ આજથી જ્યારે જ્યારે હું ઘરમાં પ્રવેશ કરૂં ત્યારે તારે કંકાવટી લઇને ઉભા રહેવાનું અને મારા કપાળમાં કંકુનો ચાંલ્લો કરવાનો અને 'પધારો વિશ્વજિત.' એમ કહેવાનું એ

જે દિવસે આ પ્રમાણે નહિ કરે તે દિવસે તને હું સાત જોડા મારીશ. અને તારો ને મારો સંબંધ કાયમ માટે તૂટી જશે આ સાંભળી તેની પત્ની તો ધ્રુજી ઉઠી.

**"જ્ઞાનનું અભિમાન એક પ્રકારનું અજીર્ણ છે."**

પત્ની રોજ આ પ્રમાણે કરવા માડી માંગીને લીધેલા માનમાં આનંદ ન હોય. વિશ્વજીતની પત્ની રોજ એના કપાલમાં કંકુનો ચાંલ્લો કરતી અને કહેતી કે "પધારો વિશ્વજીત" પણ હૈયામાં તો ભયની ભૂતાવળ ડોકીયું કરી રહી હતી. એક દિવસ એને કંટાળો આવ્યો. બસ આજે તો મારે આદરમાન આપવું જ નથી. જે થવું હોય તે થાય. વિશ્વજીત ઘેર આવ્યો પણ પત્ની ઉભી ન થઈ.

ચાંલ્લો ન કર્યો કે પધારો વિશ્વજિત એમ પણ ન કહ્યું ત્યારે એની ક્રોધની પારાશીશી ચઢી ગઈ. અને હાથમાં ખાસડું લઇને કહે છે મારા જુત્તાનો માર ખાવા તૈયાર થાવ ત્યારે એની પત્નીએ હિંમત કરીને કહી દીધું કે સ્વામીનાથ શું આપ જ્ઞાનનો સાગર પી ગયા છો?

પંડિત પૂછે છે આમ શાથી કહે છે? તો પત્ની કહે છે તમે તમારી જાતને વિશ્વજિત કહેવડાવો છે. તમે વિશ્વજિત હશો એની ના નથી. પણ એક ઉજ્જયિની ની વિદ્વત્સભાના માપદંડથી વિશ્વના જ્ઞાનસાગરનું માપ ન કાઢી શકાય જેવી ઉજ્જયિનીની વિદ્વત્સભા છે તેવી વારાણસીની વિદ્વત્સભા છે ત્યાં પણ મોટા મોટા ધુરંધર પંડિતો બેઠા છે.

તમે એમની સાથે શાસ્ત્રાર્થ કરીને વિજય મેળવો પછી હું જાણું કે તમે ખરા વિશ્વજિત છો. પત્નીના એકેકે શબ્દ ખૂબ ધ્યાનપૂર્વક સાંભળી ખૂબ વિચાર કરીને વિશ્વજિત બોલ્યો હે સ્ત્રી તું સાંભળ. હવે તું હું વારાણસીની વિદ્વત્સભાને હરાવીશ. ત્યારે જ ઉજ્જયિનીમાં પગ મૂકીશ જો હું પાછો ન આવું તો જાણજે કે હું કાયમ માટે ગંગામૈયાની ગોદમાં પોઢી ગયો છું.

ખૂબ આનંદની વાત પત્ની કહે છે સ્વામીનાથ! આપ આટલું બધું ખોટું શા માટે લગાડો છો! હું તો ફક્ત આપને એટલું જ

કહું છું કે જેમ આપે ઉજ્જયિનીના પંડિતોને જીત્યા જેમ વારાણસીના પંડિતોને જીતો. જ્ઞાન તો અગાધ છે તેનો પાર આવે તેમ નથી. વિશ્વજિત વારાણસી ગયો.

વારાણસીની વિદ્વત્સભા ચિક્કાર ભરાણી છે. દેશ દેશના વિદ્વાનો રાજમંત્રીઓ શ્રેષ્ઠીઓ ને નગરજનો છે. અને રાજસિંહાસને કાશીના મહારાજા બેઠા છે. ત્યાં અભિમાને અક્કડ બનેલો વિશ્વજિત આવ્યો ને રાજાને પ્રણામ કર્યા.

## "પંડિતજીનું વારાણસીમાં આગમન"

કાશીરાજે વિશ્વજિતના સામું જોઇને પૂછયું. મહાશય આપ કયાંથી પધાર્યા છો ? તો કહે છે. હે રાજન્ હું ઉજ્જયિનીથી આવું છું ને મારૂં નામ વિશ્વજિત છે. એના જવાબ ઉપરથી અને એનું મુખ જોઈને રાજા અને પંડિતો સમજી ગયા કે આ અભિમાનનું પૂતળુ છે. કાશીરાજ કહે છે. અહો ! આપતો ઉજ્જયિની નગરીના વિદ્વાનોમાં રત્ન સમાન છો. આપનું નામ તો અમે ઘણીવાર સાંભળ્યું છે પણ પ્રત્યક્ષ દર્શન તો આજે થયાં.

આપની વિદ્વત્તાનો અમને લાભ મળશે. આ પ્રમાણે રાજાએ કહ્યું. આપતો ઉજ્જયિની નગરીની વિદ્વાન્સભાના રત્ન સમા છો. પંડિત કહે છે. હે રાજન આપે કહ્યું તેમ હું ઉજ્જયિનીની વિદ્વત્સભામાં રત્ન સમાન છું પણ હવે તો વારાણસી નગરીની વિદ્વાનસભાનું રત્ન બનવા આવ્યો છું. વિશ્વજિતની આ વાત સાંભળી રાજા કહે છે. પંડિતજી એ તો મહાવિકટ કામ છે આપ અમારી સભાના રત્નની પદવી પામી શકો છો પણ શરત આકરી છે શી છે તમારી શરત ! રાજા કહે છે શરત એ છે કે આપ એક મહિના સુધી અહીં રહો. વિદ્વાનોની સાથે જ્ઞાન ચર્ચા કરો વિદ્વાનોના જટીલમાં જટીલ પ્રશ્નોના ઉત્તર આપો એ બધામાંથી પસાર થાવ તોજ અહીંની સભાના રત્ન બની શકો છો. આ સાંભળી વિશ્વજિત કહે છે. એમાં તે શી મોટી વાત છે ? વિશ્વજિત અને કાશીરાજ વચ્ચેની વાત સાંભળી ને વારાણસીના પંડિતો નખથી શીખ સુધી વિશ્વજિતને જોઈ રહ્યા. આ તો

અભિમાનનું પૂતળું છે. રાજા કહે છે. તમે ચર્ચામાં થયેલા કોઈપણ પ્રશ્નનો ઉકેલ ન કરી શકોતો તો રાજન્ આ સભાના રત્ન બનવાની વાત તો દૂર રહી પણ જે લલાટમાં આ કુમકુમનું તિલક દીપે છે ત્યાં ધગધગતા સળીયા ડામ દેજો. મારે વિશ્વજિત બનવું છે. એને એટલી તૈયારી સાથે જ અહીં આવ્યો છુ. કાશીરાજ કહે છે. તો આજથી તેનું મંગલ મુહૂર્ત કરો. વિશ્વજિતને પરાજિત કરવા એક પંડિત ઉભો થયો ને ખૂબ અઘરો પ્રશ્ન પૂછયો. પ્રશ્ન સાંભળતાંજ વિશ્વજિત ખડખડાટ હસ્યો. અને સ્હેજવારમાં પ્રશ્નનો જવાબ આપી દીધો.

વિશ્વજિતનો વિદ્વત્તાપૂર્ણ જવાબ સાંભળી આખી સભા ડોલી ઉઠી અને તમામના મુખમાંથી વાહ વાહના ઉદ્ગારો સરી પડયા. પછી તો એક એક ને ટપી જાય એવા પ્રશ્નો શરૂ થઇ ગયા વિશ્વજિત ખૂબ શાંતિપૂર્વક શાસ્ત્રોનો આધાર ટાંકી ટાંકીને જવાબ વાળે છે. આ રીતે ૨૮ દિવસો વીતી ગયા અને વિશ્વજિતે એકે એક પંડિતની જીભ બંધ કરી દીધી હતી. અને પંડિતો પણ સમજી ગયા હતાં કે વારાણસીની વિદ્વત્સભાનું નાક એક ઉજ્જયિની નો પંડિત કાપી જશે પંડિતોના મુખ ફિક્કા થઇ ગયા છે. શું પ્રશ્ન પૂછવા તેની પણ મૂંઝવણ હતી હવે તો ફક્તબે દિવસ જ બાકી હતાં. ઓગણત્રીસમે દિવસે વિદ્વત્સભા શરૂ થઇ. વારાણસીના પંડિતો નીચું ઘાલીને બેઠા હતા એકલા વિશ્વજિત ઉન્નત મસ્તકે બેઠો હતો એ જોતો કે હવે પ્રશ્ન મૂકનારો કોણ બાકી છે? ટાંકણી પડે તોય સાંભળી શકાય એવી શાંતિ સભામાં વ્યાપી હતી. ત્યાં એક સોળ વર્ષનો કિશોર સભામાં આવ્યો ગૌર વર્ણ એનો દેહ છે. વાંકડીયા વાળ ને તેજસ્વી લલાટ છે.

અબોટીયું પહેર્યું છે ને ખભા પર જનોઇ લટકે છે કાશીરાજને નમન કરી કહ્યું રાજન્ મને બે ચાર પ્રશ્નો મૂંઝવી રહ્યા છે. એનો ઉકેલ લેવા અહીં આવ્યો છું ઉકેલ ઉકેલ શું કરે છે? જલ્દી પ્રશ્ન પૂછ અને ઉકેલ લઈ તારે રસ્તે પડીજા. પછી કિશોરે ચાર પ્રશ્ન પૂછયા અને તે દૈવિક પ્રશ્નનો ઉત્તર આપવા પંડિતજી અસમર્થ બન્યા અને છેવટે પોતાનો પરાજ્ય કબૂલ કર્યો અને બાળકે ચારે પ્રશ્નનો જવાબ આપ્યો. લલાટમા ધગધગતા સળીયાના ડામ દીધા.

# માતાનું વાત્સલ્ય અને દીકરાની ભુલ. દ્રષ્ટાંત

## ૯

એક કુટુંબમાં દીના નામની સાત વર્ષની નાનકડી બાળકી હતી. તેની માતાનું નામ સરલા હતું અને પિતાનું નામ સંજય હતું. આ સંજયની માતા બહુ જ વૃદ્ધ હતાં. માણસ જ્યારે ઘરડું થાય છે ત્યારે તેને સારૂં સારૂં ખાવાનું બહુ મન થાય છે. એટલે આ વૃદ્ધ ડોશીમા ખાવા માટે વારંવાર રસોડા પાસે આવે છે સરળા સ્વભાવે સરળ ન હતી. ડોશીમા જમવા આવે ત્યાં તાડુકે કેમ આવ્યા છો ? ચાલ્યા જાવ. ઘડીએ ઘડીએ ખાવાનું નહીં મળે. આમ કદી પુરૂ ખાવાનું ન આપે. ડોશીમા ને રહેવા એક ઓરડી આપેલી. તેમાં ડોશીમા પડયાં રહે. સરળાની પુત્રી દીનાને આ ગમતું નહીં તેને માજીની ખૂબ દયા આવતી. પોતાના ભાગમાંથી ખાવાનું બચાવીને આપતી એક વખત સંજયના પુત્રની બર્થડે (વર્ષ ગાંઠ) હતી. ઘણા માણસો જમવા આવેલ સારાં સારાં ફરસાણ–મિષ્ટાન બનાવેલ. માજી વિચારે છે કે આજે તો મારા દીકરાના દીકરાનો જન્મ દિવસ છે. આટલા મહેમાનો જમનારા છે મને પણ સારું જમવાનું મળશે. ડોશીમા રસોડામાં આવ્યા એટલે સરળા કહે છે. ડોશી ચાલ્યા જાવ. હજી મહેમાનો જમ્વા આવ્યા નથી ને તમારે શું ઉતાવળ છે. બિચારી ડોશીનું શું ગજું ! પોતાની ઓરડીમાં ચાલ્યા ગયા. દીનાને આ બધું જોઇ અત્યંત દુઃખ થયું કે દાદીને ભૂખ લાગી છે. મારી મમ્મી ખાવાનું આપતી નથી. દીના પોતાના ભાણામાંથી છાનીમાની ડોસીમા પાસે પૂરી, ખમણ લઈને આવી. લો માજી જમી લો. માજી કહે બેટા તારી મમ્મીએ મોકલી છે ? દીના કહે ના આ તો

મારા ભાણામાંથી લાવી છું. તમે જલ્દી ખાઈ લો. મારા મમ્મી-પપ્પા જાણશે તો વઢશે.

આ શબ્દો દીનાના મમ્મી-પપ્પાએ સાંભળ્યા. આ છોકરી શું બોલે છે? કે જલ્દી કરો. નહીં તો મમ્મી-પપ્પા વઢશે. આ શબ્દો સાંભળ્યા ત્યાં પુત્રનું હૃદય ચીરાઇ ગયું. અહો આટલા માણસો જમ્યા ઘરનાં બહારનાં જમ્યાં અહો! મારી પત્ની તો ભૂલી પણ હું કેવો અભાગી કે જન્મદાતા માતાને જ ભુલી ગયો. મારી મા ખાવા માટે વલખાં મારે છે. મારી નાનકડી દીના તેને ખવડાવે છે.

દીકરાના શબ્દોએ તેની આંખો ખોલી નાંખી. જે માતાએ મને કણ્ઠ વેઠીને ઉછેર્યો બાપતો બાલપણમાં જ ચાલ્યો ગયો હતો મને ઉછેર્યો ભણાવ્યો ગણાવ્યો તેનું આ પરિણામ?

માતાના ચરણમાં માથું મૂકીને ખૂબ રડયો. અહો હે માતા! તેં મારા માટે પથ્થર એટલા દેવ કર્યા ને મને મેળવ્યો. ઘંટીના પૈડાં ફેરવી મને ભણાવ્યો. હે માતા! મેં તારા સામું ન જોયું. હું તને ભૂલી ગયો. પોતાની ભૂલનો પશ્ચાતાપ કરે છે આ તો માતાનું હૃદય છે. કહે છે બેટા! એ તો ભૂલી જવાય પણ તને મારા પ્રત્યે સદાય પ્રેમ છે તું કાંઈ મને ઓછો જ ભુલ્યો છે. છોરૂં કછોરૂં થાય પણ માવતર થોડાંક કમાવતર થાય છે. તેમનું હૃદય તો સદાય પુત્ર પ્રત્યે લાગણીવાળુ જ હોય છે.

પુત્ર કહે છે માતા! મને જગાડનાર હોય તો આ તારી દીના છે ત્યાં ધીમે રહીને સાત વર્ષની દીના બોલી પપ્પા! હું એજ જોતી હતી કે મારા પપ્પા તેમની માતાને સુખ આપતા નથી તો બાબો તમને સુખ કયાંથી આપશે! સૌથી પહેલા પોતે આચરણ કરો પછી બીજાને કહો. માહાપુરૂષોએ પોતે પહેલાં અપનાવ્યું અને પછી બીજાને ઉપદેશ કર્યો છે.

# યુવાની દિવાની પર બાવાજીનું દ્રષ્ટાંત

## ૧૦

એક વખત એક કૂવાની નજીકમાં એક ઝાડની નીચે બાવો ધુણી ધખાવીને બેઠો છે. આ કૂવે ઘણી બાઈઓ પાણી ભરવા માટે આવે છે. તેમાં સાંજના સમયે ગામડાની ત્રણસ્ત્રીઓ પાણી ભરવા માટે આવી. તેમાં પહેલી વાણીયણ હતી. બીજી રજપુતાણી હતી અને ત્રીજી બ્રાહ્મણી હતી. આ ત્રણે પાણી પણ એ રીતે લાઇનસર જ સીંચે છે. એ સમયે પેલો જોગી બોલે છે.

"અગલી ભી અચ્છી પીછલી ભી અચ્છી બીચલીકો જુતેકી માર" બાઇએ આ સાંભળ્યું. આ સાંભળી બ્રાહ્મણી અને વાણીયણ હસવા લાગી. રજપુતાણીએ પોતાનું અપમાન થતું જોઇ ખુબ લાગી આવ્યું પહેલી અને છેલ્લી ને સારી કહી અને મને ખરાબ કહી. દરેકને સ્વમાન વહાલું હોય છે. રજપુતાણીનો પિત્તો ગયો. તે તો ક્રોધથી ધમધમતી ઘેર ગઈ. ઘેર જઇને બેડું પછાડી ખુણામાં ભરાઈને રડવા લાગી. તેનો પતિ ઘેર આવ્યો પુછ્યું કેમ ખુણામાં ભરાઇને રડી રહી છે ? રજપુતાણી કહે જેનો ધણી ક્ષત્રિય હોય જીવતો હોય તેની પત્નીનું એક જોગી અપમાન કરી જાય તે કંઈ ઓછી શરમની વાત છે ? આ ક્ષત્રીય બચ્ચો હતો તેની સ્ત્રીને કહે છે. જલ્દી બોલ કોણે તારૂં અપમાન કર્યું છે. હું તલવારથી તેનું મસ્તક ઉડાવી દઉં. રજપુતાણીએ બધી વાત કરી તેની પારાશીશી ચઢી ગઈ. તેનું મસ્તક ઉડાવી દઉં. તેનું ક્ષત્રિયપણું ઝળકી ઉઠયું હાથમાં તલવાર લઈ જ્યાં કૂવાની નજીક ઝાડ નીચે જોગી રહેલો છે ત્યાં આવ્યો પણ આ સમયે ૧૦-૧૫ રજપુતોની મંડળી ત્યાં બેઠેલી હતી. યોગી તેને ઉપદેશ

ફરી રહ્યો હતો તેને થયું કે અહીં તો બધા મારા જેવા શુરવીરો જ બેઠા છે. એકદમ તેને સાહસ કરવું યોગ્ય ના લાગ્યું એટલે તે ઝાડની પાછળ જઇને સંતાઇ ગયો.

આ જોગી રજપુતોને આત્મજ્ઞાનની વાતો સાંભળાવી રહ્યો છે. એવો સુંદર ઉપદેશ કરે છે. આ સાંભળીને પેલી બાઈનો પતિ વિચાર કરે છે અહો ! જેની વાણીમાં આટલું બધું ઓજસ છે. ત્યાગ વૈરાગ્યની જેની પાસે વાતો છે. આવા જોગીને એવું બોલવાનું કારણ શું ? તે મારી સ્રીનું અપમાન કરે નહિ. રજપુતો ધીમે ધીમે વીખરાઇ ગયા. હવે પેલો યોગી એકલો પડયો. એટલે પાછો બોલવા લાગ્યો. "અગલી ભી અચ્છી પીછલી ભી અચ્છી બીચલીકો જુતેકી માર' ત્યાં પેલા રજપુતને વિચાર થયો કે અત્યારે તો અહીં કોઇ સ્રી છે નહિ છતાં આ જોગી આમ કેમ બોલતો હશે ?

આમાં કાંઈ રહસ્ય હોવું જોઇએ. મારી સ્ત્રીના વચન ઉપર વિશ્વાસ રાખવા જેવો નથી, યોગી પાસે આવીને કહે છે. મહાત્માજી આપ આમ શા માટે બોલો છો અને આમ બોલવાનું કારણ શું છે ? જોગી કહે છે ભાઈ એ તો મારે સમજવાની વાત છે તારે સમજવી હોય તો સમજાવું આ રજપુત કહે છે મને સમજાવો જોગી કહે છે. આપણા જીવનની ત્રણ અવસ્થા છે બાલ્યાવસ્થા–યુવાવસ્થા–વૃદ્ધાવસ્થા. તેમાં પહેલી અને છેલ્લી અવસ્થા સારી છે. કારણકે તે એ માં કોઇ વાંધો આવતો નથી. બાલપણ તો અજ્ઞાનપણામાં ચાલ્યું જાય છે અને વૃદ્ધાવસ્થામાં માણસને સંસારનો પુરો અનુભવ થઈ ગયો હોય છે. કડવા–મીઠા અનુભવથી તે થાકી ગયો હોય છે તેના ઇન્દ્રિયો પણ શિથીલ થઈ ગઇ હોય છે માટે હું પહેલી ભી અચ્છી અને પિછલી ભી અચ્છી એમ કહું છું. પણ વચલી યુવાવસ્થામાં ઇન્દ્રિયોના ઘોડા બેફામ રીતે દોડતા હોય છે એટલે તેને કાબુમાં રાખવાનું ઘણું મુશ્કેલ થઈ પડે છે એટલે તેને જુતે મારવી જોઇએ એટલે તેના ઉપર કાબૂ રાખવો જોઇએ માટે હું કહું છું "બિચલી કો જુતેકી માર'

આ રજપુત જોગીના આ વચનો સાંભળી જોગીના ચરણમાં નમી પડયો. અને કહે છે બાપજી ! મને માફ કરજો. આપના આવા રહસ્ય ભરેલો વચનો મારી સ્ત્રી પાણી ભરવા આવી તેણે સાંભળ્યા અને બન્યું પણ એમજ ત્રણ સ્ત્રીઓમાં તે વચલી હતી તેથી તેણે માન્યું કે આ બાવો મારૂં અપમાન કરે છે એટલે અપમાનનો બદલો લેવા માટે હું તલવાર લઈને આપનું ખૂન કરવા આવ્યો હતો. પણ આપ આ રીતે બોલ્યા ને મેં પુછયું આપે મને સમજાવ્યું. હવે મારી શંકાનું સમાધાન થઈ ગયું અને તેણે નિર્ણય કર્યો કે મારે વગર વિચાર્યે કોઇપણ અનર્થ થાય તેવા કાર્યમાં સાહસ કરવું નહિ.

લબ્ધિ કણિકા :– મુનિશ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા. (થરાવાળા) માનવની પ્રકૃતિ એવી છે કે તે બીજાના દોષ જુએ છે. અને પોતાના દોષ જોતા નથી. બોલનારા બહુ છે. આચારનારા ઓછા છે માટે પહેલાં અનુભવ લો. ને પછી બોલો પહેલાં ત્યાગો ને પછી ઉપદેશ કરો પાપ અને પરમાત્માથી સતત ડરીને ચાલો.

તમને ચા કડક જોઇએ, ખાખરો કડક જોઈએ કપડા ઈસ્ત્રીવાળા જોઇએ પણ ગુરૂની વાત આવે ત્યાં તમે નરમ ગુરૂને શોધવા નીકળી પડો છો તમે ફેમીલી ડોકટર રાખો છો, દૈનિક ચીજોની ખરીદી માટે નક્કી દુકાનેય રાખો છો, પણ તમારા માથે કોઈ ફેમીલી ગુરૂ છે ખરા, એક ગુરૂ એવા રાખવા જોઇએ જ્યાં હૈયું ખોલી શકાય તમે ભુલતા હો તો તમારી કાનબુટ્ટી પકડી શકે હેમચંદ્ર-સૂરીશ્વરજીને કુમારપાળે, શિવાજીએ રામદાસને રાખેલ તેમ

## ભાગ્યની બલીહારી તીડા જોષીનું દ્રષ્ટાંત

## ૧૧

કોઈ એક ગામમાં તીડા નામનો જોષી રહેતો હતો. તે ખૂબજ ગરીબ હતો. રોટલા ખરચનું પુરૂં થાય નહિં. તેની પત્ની ઘણી ગુણીયલ હતી તેને અનેક વખત કહેલું કે પુરૂષના નશીબ આડું પાંદડુ હોય છે તે ખસી જાય છે. ત્યારે દુશ્મન પણ મિત્ર બની જાય છે. માટે "પરદેશે પાંડિત્યં" બહાર ગામ જાવ બાપ દાદા વખતનું ટીંપણુ લેતાં જાવ, તીડો કહે પણ હું ભણેલો નથી મારી પાસે જોષ જોવડાવવા કોણ આવે ત્યારે ગોરાણી કહે આવડત પ્રમાણે પુછે તેને કહેવું સમય સંજોગ જોઈને બોલવું થોડો ડોળ બતાવવો આજે તો અભ્યાસ કરતાં ચાલુ જમાના પ્રમાણે ચાલનાર હોંશિયાર કહેવાય છે. માટે ગભરાયા સીવાય પુછે તેનો શાંતિથી ઉત્તર આપવો તીડા જોષી માથે પાઘડી પહેરી ખેસ નાંખી ટીપણું લઈને નીકળ્યા. બહાર જતાં બીલાડી આડી ઉતરી બધાંયે કહ્યું કે શુકન સારા થતા નથી. પરંતુ જોષી મહારાજ ભાગ્ય સારૂં હશે તો બધું સારૂં છે. તેમ માની અપશુકનની પરવા કર્યા સીવાય નીકળી પડ્યા. ૧૫, ૨૦ ગાઉ દૂર ગયા ત્યાં એક શહેર દેખાયું. શહેર ા માઈલ રહ્યું ત્યાં એક ટપલો નામનો કુંભાર રસ્તામાં ઊભો હતો. તેને પાઘડી તથા કપાળમાં ટીલુ જોઈને પુછ્યું, આપ કોણ છો તે કહે જોષી છીએ. તમારૂં નામ શું. તે કહે તીડેશ્વર તમારા બાપનું નામ શું તો કહે ગંડેશ્વર ક્યાં જવા નીકળ્યા છો તો કહે અંકલેશ્વર ક્યાં રહો છો તો કહે ભૂલેશ્વર ક્યાં પરણ્યા છો તો કહે વાલડેશ્વર ટપલા કુંભારે સવા રૂપીયો કાઢી જોષી મહારાજને આપ્યો અને કહ્યું કે મહારાજ મારો ગધેડો

ગઈ રાતનો ખોવાયો છે. તો તે ક્યાંથી મલશે. તે જોવાને તીડેશ્વરે ટીપણુ લાંબુ કરીને જોવા માંડયું અને બોલ્યા કે "ધન–મકર અને કુંભ બલાડા પાડે બુમ" આંગળીના વેઢા ગણીને કહે સામેના તળાવની પાળ પાછળથી મલશે. ટપલો તલાવની પાછળ ગયો. ત્યાં ટપલાએ ગધેડાને જોયો અને સાચો જોષી બાપો સાચો તમે કહેલું ત્યાં મલી ગયો. લ્યો સવા પાંચ રૂપીયા અને તમે ગામમાં ચાલો. ત્યાં એક ડોશીમાના ઘરે રહેજો હુ તમને તેમના ઘેર લઈ જવું મારી સાથે ચાલો ટપલો કુંભાર ગામમાં જોષીને લઇ માકોર ડોસીને ઘેર લઈ ગયો અને ડોશી રોટલા ઘડતા હતા તેથી ટપલો તથા તીડેશ્વર ચોકમાં ખાટલો પાથરીને બેઠા. ડોશી રોટલો તાવડામાં નાખે તે વખતે ટપ અવાજ થાય તેથી તીડેશ્વર ટપ અવાજ ઉપરથી ગણ્યું કે ડોશીએ રોટલા સાત ઘડયા છે. ડોશીમા રોટલા કરી બહાર આવ્યા એટલે ટપલા કુંભારે વાત કરી કે જોષી ત્રણ કાળના જાણકાર છે તેમને અહીં રહેવું છે. તો તમારૂં બાજુનું ઘર રહેવા આપો ડોસીમા કહે જોષી સાચા હોય તો મારા ઘરમાં કેટલા રોટલા છે તે કહે તો જોષી મહારાજ કહે મારે ટીંપણુ જોવું પડે ટીંપણુ લાંબુ કરીને આંગળીના વેઢા ગણી કહ્યું કે રોટલા સાત છે અને ડોશીમા કહે સાચો જોષી બાપો સાચો અને તેમને બાજુનું ઘર રહેવા માટે આપ્યું ટપલા કુંભારે આખા ગામમાં જાહેરાત કરી કે તીડા જોષી ગામમાં આવ્યા છે તેમના જોષ કોઇ દિવસ ખોટા હોય નહી. હવે તેજ દીવસે રાજાની રાણીનો સવા લાખનો હાર ચોરાયેલો તે તપાસ કરતાં મળે નહિં. કોઇએ રાજાને કહ્યું કે કોઇક જોષી ગામમાં આવ્યા છે તેમને બોલાવી પુછો તો ખરા રાજાએ તરત તીડા જોષીને બોલાવવા મોકલ્યા પ્રથમ તો અમારે ટાઈમ નથી. તેમ કહ્યું પછી બીજી વખત ઘોડાગાડી લઈ પ્રધાન તેડવા આવ્યા તેથી રાજમહેલમાં ગયા રાજાએ હાર ગઇ રાત્રે ચોરાયાની વાત કરી અને પુછયું કે હાર કોને લીધો છે તેમજ ક્યારે મળશે તરત તીડા જોષીએ ટીંપણુ લાંબુ કરીને બોલ્યા કે "મીન–કર્કને મેષ આંખે આંજો મેષ" આંગળીના વેઢા ગણીને કહ્યું કે કાલે તમારો હાર આવી જશે. અને તીડા જોષી તેમના

જ્યોતિષથી કાલે લાવી આપશે તેમ કહી તે ઘેર આવ્યા ઘેર આવી વિચાર્યું કે વહેલી પરોઢે છાના માના નાસી જવું ગપાટા મારીને આવ્યા છીએ. પણ હાર ક્યાંથી લાવી આપવાના છીએ. ચીંતામાં ને ચીંતામાં સુતા પરંતુ ઉંઘ આવે નહિં. રાતના ૧૨ વાગ્યા ત્યારે પોતે રૂદ્રાક્ષની માળાથી બોલે કે નીંદ્રાદેવી આજા નીંદ્રાદેવી આજા. જોગાનું જોગ નીંદ્રાદેવી નામની દાસી લઘુ શંકા (પેશાબ કરવા) માટે ઉઠી તીડા જોષીના ઘર પછવાડે આવી અને હાર ચોરનાર પણ નીંદ્રા દેવી જ હતી અને તેને સાંભળ્યું કે જોષી કહે છેકે નીંદ્રા દેવી આમ તેથી તેને હાર ચોર્યાની ખબર પડી ગઈ છે. તેથી જઇ હાર આપી દેવો પડશે નીંદ્રા દેવી જોષી મહારાજને સાદ દઈ ઘર ઉઘડાવ્યું અને પગે લાગી કહે જોષી બાપા તમે સાચા મેં હાર લીધો છે તે તમને આપી દઉં. પણ રાજાને વાત કરશો નહિં. પ્રથમ તો તીડેશ્વર કાંઇ સમજ્યા નહિં પણ નીંદ્રાદેવી ખૂબ જ કરગરવાથી તેમજ ફરી આવી ચોરી નહી કરૂં તેમ કહેવાથી જોષી મહારાજ સમજી ગયા કે હાર ચોરનાર બાઈનું નામ નીંદ્રાદેવી છે. અને તેનું નામ મેં કહેલું તેથી હાર આપવા આવી છે. મે તો ઉંઘ માટે નીંદ્રા દેવી કહેલું અને આતો મને હાર આપવા કબૂલ થાય છે. તો હવે જરા રૂઆબથી કામ લેવા દે તેમ વિચારી તીડેશ્વર કહે નીંદ્રાદેવી તમે ઘણી ચોરીઓ કરી છે. હું બધું જાણું છું. હું કોણ તીડેશ્વર ભુત ભવિષ્ય અને વર્તમાન જાણનાર જો તમારે વાત છાની રાખવી હોય તો બીજા પણ ઘરેણાં અને સોના મહોર આપવી પડશે. નીંદ્રાદેવી એ વાત છાની રાખવાની શરતે હાર લાવી આપ્યો. અને ઘરેણાં તથા સોના મહોર પણ આપી ગઇ. પછી જોષી મહારાજ ઉંઘી ગયા. સવારે જોષી મહારાજ ૧૦ વાગે જાગ્યા ત્યારે રાજ્યના માણસો બોલાવવા આવેલા અને કહે રાજાજી બોલાવે છે જોષી મહારાજ કહે નાહી પુજા વિગેરે કરીને આવીશ. ફરી ૧૨ વાગે પ્રધાન ગાડી લઇ બોલાવવા આવ્યા અને જોષી મહારાજ તેમની સાથે ગયા. જોષી મહારાજ ટીંપણુ લાંબુ કરી જોવા લાગ્યા અને બોલ્યા કે "મીન કર્ક ને મકર રાજા તમે ના કરશો ફિકર" તેમ કહી હાર

ખિસ્સામાંથી કાઢીને આપ્યો અને બધા આનંદમાં આવી ગયા અને સાચો જોષી બાપો સાચો તેમ કહી નાચવા લાગ્યા રાજા કહે કે તમે કહેલું કે હાર કાલે આવી જશે તે આવી ગયો હવે કહો કે કોને ચોર્યો હતો. તીડેશ્વર કહે કે તમારે તે જાણવાની જરૂર નથી હું બધું જાણું પણ કહું નહિં. રાજાએ સારૂં ઈનામ આપ્યું અને રાજ્યના મુખ્ય જોષી તરીકે નીમણુંક કરી. અને બંગલો રહેવા આપ્યો બીજા જોષીને આ વાત ગમી નહિ. તેમને રાજાને કહ્યું કે પરીક્ષા કર્યા સિવાય મુખ્ય જોષીપદ અપાય નહીં માટે કાલે રાજસભામાં જાહેર પરીક્ષા કરો પછી તમને યોગ્ય લાગે તેમ કરો. બીજા દિવસે જોષીને રાજ-સભામાં બોલાવ્યો અને તે આવ્યા તેમને તો ખબર પણ નથી કે મારી પરીક્ષા કરવા બોલાવ્યો છે. હવે રાજા પોતે રાજસભામાં આવતા હતા તે વખતે તીડોનું મોટું ટોળું નીકળ્યું તેમાં એક નાનું તીડ રાજાના હાથમાં આવ્યું તે રાજાએ મુઠીમાં રાખીને રાજસભામાં આવી કહ્યું કે જોષી મહારાજ તમે ત્રણ કાળના જાણકાર છો તો કહો મારી મુઠીમાં શું છે. જોષી તો નવી વાત સાંભળી ગભરાઇ ગયો અને કરગરી કહેવા લાગ્યો કે રાજન તીડાને બચાવો તીડો મરી જશે. રાજા તો સમજ્યા કે મેં તીડને મુઠીમાં રાખ્યો છે તે ગુંગળાઈ મરી જશે તેમ કહે છે તેથી રાજા આનંદમાં આવી સભાને કહે સાચો જોષી બાપો સાચો જુવો મારા હાથમાં તીડ છે અને જોષી તીડાને બચાવો કહે છે તેમ કહી જોષીને સારો સીરપાવ આપી વિદાય કર્યા જોષી રાજાની રજા લઈ જાત્રા કરવાનું કહી ઘેર ગયા અને ગોરાણીને લઇ જાત્રા કરવા ગયા ગોરાણીને પુછતા ગોરે કહ્યું કે

"રસ્તે જતા ગધ્ધા દીઠા" "ટપ ટપ કરતા ગણ્યા સાત"
"નીંદા રાણી કહેતા હાર આપ્યો." "તમે તીડાને બચાવ"

ઉપર મુજબ વાત કરી ગોરાણી કહે નશીબના દરવાજા ખુલવાના હોય ત્યારે કુંચી જોઈતી નથી અને અપશુકન નડતા નથી પુન્યનું બેલેન્સ થાય છે ત્યારે અવળા પાસા પણ સવળા પડે છે.

# વાણીના સંયમથી લાભ પર
# સાસુ વહુનુ દ્રષ્ટાંત

## ૧૨

એક સાસુ વહુને હમેશાં ઝઘડો થયા કરે. દિવસ ઉગે ને સાસુ વહુના સંયમ વિહોણા શબ્દો બાળકને સાંભળવા મળે. ઘરના બધા ત્રાસી ગયા પાડોશીઓ આ ઝઘડો જુએ સાંભળે. કુટુંબની ઇજ્જતનુ પાણી થાય લોક ટોળે મળી જોવા આવે કારણ કે તમાશાને તેડું નહિ. આવા ઝઘડાને કારણે ઘર કંકાસને કારણે જીવનમાં શાંતિ રહેતી નથી. ચિત્તની સ્થિરતા તો ક્યાંથી રહે? વેરની પરંપરા ચાલે અને તેથી ભવાંતરની પણ બરબાદી થાય.

એક વાર તે નગરમાં સંત પધાર્યા. વહુએ સાંભળ્યું કે બહુ જાણકાર છે. તે સંત પાસે ગઈ. તેમને વિનવવા લાગી. મને એક મંત્ર આપો. આપ બહુ જાણકાર છો તો આટલી કૃપા કરો. સંતે પુછ્યું. તમારે શેનો મંત્ર જોઇએ છે? વહુએ કહ્યું મારી સાસુ મને ખૂબ હેરાન કરે છે. તમે મંત્ર આપો તો તે મંત્ર વડે રાંડને સીધી કરૂં.

સંત તો તેના શબ્દોથી બધો ભાવ સમજી ગયા. તે વિચારવા લાગ્યા. આ અત્યારે આવેશમાં છે. તેથી તેના ઉપર ઉપદેશની કશી અસર નહિ થાય. તેથી એવું કંઈક કરૂં કે વગર ઉપદેશે એ વેરઝેરના પાપથી બચી જાય.

આમ વિચારી સંતે કહ્યું "હું મંત્ર તો આપું પણ એની વિધિ બહુ કડક છે. એ વિધિ સાચવી ન શકે તો મંત્ર નિષ્ફળ જાય. એટલે મન પાછું પડે છે. બાકી તારૂં દુઃખ દૂર કરવાની બહુ ઇચ્છા છે" આ સાંભળતા વહુની આતુરતા ખૂબ વધી ગઈ તેની અધીરાઈ જોઇને સંતે વિચાર્યું કે "હવે દાવ સીધો પડશે" આમ વિચારી કહ્યું "પણ એની વિધિ બહુ આકરી છે. કરી શકશે"

આટલું કહી વહુને કંઈક લખી આપવાની તૈયારી કરી ફરી ફરીથી કહ્યું "વિધિ ઘણી આકરી છે. તારાથી નહિ બને" આ સાંભળી વહુએ કહ્યું "હું એ બધું બરાબર કરીશ તમે વિશ્વાસ રાખો. વિધિ

ગમે તેવી આકરી હશે તો પણ હું આપ કહો તે પ્રમાણે કરીશ પણ "મારે એ રાંડને સીધી કરવી જ છે. માટે મને કૃપા કરીને તે મંત્ર આપો."

સંતે તેની આતુરતાની પુરી પરીક્ષા કરી લીધી પછી મંત્રિત માદળીયુ આપતા કહ્યું જો આના ઉપર તારી સાસુના મુખની હવા લાગશે તો મારો મંત્ર નિષ્ફળ જશે. આ વિધિ ખાસ સાચવવાની છે બોલ સચવાશે ? વહુએ જવાબ આપ્યો "હે સંત તમે મને શું એવી અબૂઝ માનો છો ? આ તો તદ્દન સામાન્ય વિધિ છે. "સંતે પુછયું શી રીતે એ વિધિ તું સાચવીશ" વહુએ કહ્યું "એ ઘણું જ સરળ છે" મારી સાસુ જ્યારે બોલવા માંડશે ત્યારે આ માદળીયુ હું મારા મુખમાં મૂકી દઇશ. પછી એને મારી સાસુના મુખની હવા કયાંથી લાગશે ?

સંતે આપેલા મંત્રનો વહુ એ કેવી રીતે ઉપયોગ કર્યો અને માદળીયુ લઇને વહુ તો ઘેર ગઈ. જ્યારે જ્યારે સાસુ ઝઘડો શરૂ કરતી કે તરતજ તે માદળીયુ પોતાના મુખમાં રાખી દેતી તેથી વહુ ને અનાયાસે મૌન પળાઈ જતું. ફરજીયાત વાણીના સંયમથી સાસુ તો બોલી બોલીને અંતે થાકી જતી આ ઝઘડો જોવા આવેલા આડોશી પાડોશીઓ પણ નિરાશ થઈને ઘરે પાછા ચાલ્યા જતા.

સાસુ બોલ બોલ કર્યા કરે અને વહુ મૌન હોય એ વાત જોઇને જોનારા સાસુની નિંદા કરતા કે "સાસુ કેવી ખરાબ છે ? વહુ તો બિચારી કંઇજ નથી બોલતી છતાં સાસુ ઝઘડાખોર છે. આ રીતે સાસુની નિંદા અને પોતાની પ્રશંસા થતી સાંભળીને વહુએ પોતે બોધ. પાઠ ગ્રહણ કર્યો કે મૌનમાંજ ખરી મજા છે. વાણીના સંયમથી જ મને આ લાભ મળ્યો છે. મૌનમાં આટલી બધી શક્તિ રહેલી છે.

આવા વિચારથી વહુએ પોતાના જીવનમાં સુધારો કર્યો. તે સમજણ પુર્વક શુદ્ધભાવથી મૌન પાળવા લાગી. સાસુ પણ સમજી ગઈ કે વહુ વાણીના સંયમથી યશસ્વી બની તો હું પણ વાણીનો સંયમ કેમ ન કેળવું ? એમ વિચારી તેણે પણ શુદ્ધભાવથી મૌનનું પાલન કરવાનું શરૂ કર્યું. તેથી ઘરમાંથી ઝઘડો કાયમને માટે દૂર થયો. કુટુંબમાં હવે સંપ–સુખશાંતિ અને વાત્સલ્ય ભાવનું સ્થાન મજબૂત થયું. ઘર આખું શાંતિની શીતલતા અનુભવવા લાગ્યું.

# કુટેવ છોડવા પર સંત અને તૈમુર લંગડાનું દ્રષ્ટાંત

## ૧૩

પગથી પગને આંટી નાંખવી એ અપલક્ષણ છે એ અપલક્ષણ પણ ભાગ્યની ખીલવણીમાં આડખીલી રૂપ છે. એક ભાગ્યશાલીની વાત છે. તેને પગની આંટી નાખવાની કુટેવ ઘર કરી ગઈ હતી. તેથી તે છતે ભાગ્યે ભીખારી બની ગયો હતો. જંગલમાં એક જોગી પાસે રહેતો હતો જોગીએ તેના ભાગ્યની પરીક્ષા કરી. આવી રેખાવાળો આવા લક્ષણોવાળો મહાન રાજા બનવો જોઈએ એમ યોગીને લાગ્યું છતાં તેની આવી સ્થિતિ શાથી છે. તે તુરતતો જોગીને સમજાયું નહિ દિવસો જતાં જોગીને જણાયું કે આ પગની આંટી નાખવાની કુટેવ આ છોકરાના ભાગ્યની આડે આવે છે. ઘણી વખત ટોકયા છતાં આ ટેવ તેનાથી દૂર કરી શકાતી ન હતી. ટેવ એવી બૂરી ચીજ છે કે જે સહેલાઇથી કાઢી શકાતી નથી તે દૂર કરવાને બળ વાપરવાની જરૂર અનિવાર્ય છે. એક વખત લાગ જોઇને જોગીએ પોતાનો ચીપીઓ ધગધગતો લાલચોળ બનાવીને તે છોકરાના પગ ઉપર જયાં તેની આંટી પડતી હતી ત્યાં જ એવો જોરથી માર્યો કે પગમાંથી માંસનો લોચો નીકળી આવ્યો પગ પાકી ગયો પીડા વધી પડી. પછી તો પગની આંટી નાખવા જાય ત્યારે અસહ્ય દુઃખ થાય ને પગની આંટી નાખી શકાય જ નહિ. ટેવ છૂટવાની સાથે ભાગ્યને અવકાશ મળ્યો તેનું ભાગ્ય ખીલી ઉઠયું તે મહાન રાજા બન્યો. રાજા થયા છતાં તેના પગની ખોટ કાયમ રહી ગઈ કહેવાય છે કે તે ખોટને કારણે તે લંગડો કહેવાયો. તેનું આખું નામ પણ એ લંગડાની અટક સાથે પ્રસિદ્ધ છે, તૈમુર લંગડો લક્ષ્મી પ્રાપ્ત કરવા માટે અને મળેલી ટકાવી રાખવા માટે પગથી પગની મિત્રતા વધારવાની ટેવ ત્યજી દેવી જરૂરી છે.

# ધર્મની અડગતા પર રૂપસુંદરીનું દ્રષ્ટાંત

## ૧૪

દિલ્હીમાં **અકબર** બાદશાહનું રાજ્ય હતું. અકબર બાદશાહના તાબામાં ઘણા રાજાઓ હતા. તેમાંના એક ઇન્દ્રનામના રાજાને **રૂપસુંદરી** નામે રૂપરૂપના અવતાર જેવી રાણી હતી. અકબર બાદશાહને કોઇએ કહ્યું જહાંપનાહ તમારા જનાનખાનામાં ગમે તેટલી બેગમો ભલે હોય પણ ઇન્દ્રનરેશની રાણી **રૂપસુંદરીની** તોલે કોઇ આવી શકે તેમ નથી. શું એનું સોંદર્ય છે ! જાણે ઇન્દ્રની અપ્સરા જોઈ લો.

રૂપસુંદરીના સૌંદર્યની વાતો સાંભળીને અકબર બાદશાહના અંતરમાં વાસનાનો કીડો સળવળવા લાગ્યો. અકબર બાદશાહને મૈથુન સંજ્ઞા સતાવવા લાગી. આહાર–ભય–મૈથુન અને પરિગ્રહ સંજ્ઞા આ ચાર સંજ્ઞાઓએ તો નખ્ખોદ વાળ્યું છે. ભલભલા પુરૂષો એની સત્તામાં સપડાઈ જાય છે. જાગૃત બનેલાને પણ પટકાવી દે છે.

અકબર બાદશાહ તો જૈન ન હતા. એમને સમજણ ન હતી કે **સંસાર સમો કોઈ રોગ નથી, જિનશાસન સમાન કોઇ ઔષધી નથી** અને વ્રત **પચ્ચખાણ જેવી કોઈ પરેજી નથી** તે સંજ્ઞાઓના સામ્રાજ્ય નીચે દબાયેલો હતો એટલે એણે વિચાર કર્યો કે ઇન્દ્ર રાજા મારા તાબામાં છે તેથી મારી સત્તા નીચે છે. હું એને કચડી શકું તેમ છું. એમ વિચાર કરીને એણે આજ્ઞા પત્ર લખ્યો કે,

,હે ઇન્દ્રનરેશ ! હીરાના હાર કાગડાના કંઠે ન શોભે, તેમ રૂપસુંદરી દિલ્હીના દરબારમાં રૂપના અજવાળા વેરે એમાં જ એની શોભા છે કોયલ કાગડાના સંગે બેસે એમાં કમીના તો કોયલની કીર્તિમાં

આવે છે માટે આ પત્ર મળતાં જ રૂપસુંદરીને રાજીખુશીથી દિલ્હીશ્વરની સેવામાં સમર્પિત કરશો. પત્ર ઇન્દ્રરાજાને મળ્યો.

આજ્ઞા પત્રનો એકેક અક્ષર વાંચતાં ઇન્દ્રનરેશનું કોમળ કાળજું વીંધાઈ ગયું. સાથે આત્માનું ખમીર ઉછળ્યું ! અહો ! બાદશાહ શું સમજે છે ! મારી રાણીના શીયળ ઉપર તરાપ મારવા ઉઠયો છે ! એ ત્રણ કાળમાં નહિ બને. ઈન્દ્રરાજાના અંગે અંગમાં ક્રોધની જ્વાળા વ્યાપી ગઈ. એમણે પત્ર લખાવ્યો કે.

હે દિલ્હીનરેશ્વર : તમે આ બરાબર કરતા નથી. કોયલના કુંજનથી મારૂં ઉપવન દિનરાત સંગીતમય રહે છે. તેથી એક વાત નક્કી છે કે રૂપસુંદરી કાગડાના કુસંગમાં નથી. કોઈના ઉપર કાગડાનું ખોટું કલંક ચઢાવવુ એ તમને શોભતું નથી. આપ દિલ્હીશ્વર છો તો હું પણ થોડી ઘણી ધરતીનો ધણી છું. આ પત્રનો પ્રતિધ્વનિ આપ પણ જણાવી શકો છે.

ઇન્દ્ર રાજાનો પત્ર વાંચી કામાંધ બનેલા અકબર બાદશાહ ક્રોધાંધ બની ગયો. એણે સણસણતો જવાબ લખાવ્યો કે કોના કપાળે કાગડાનું કલંક કોતરાયું છે. એનો નિર્ણય લેવા હું યુદ્ધ કરવા તૈયાર છું જો તમે શુરવીર હોય તો યુદ્ધ મેદાને હાજર થઈ જજો. કાયરને રૂપસુંદરી પર હક્કનો દાવો કરવાનો કોઈ અધિકાર નથી.

કામ અને ક્રોધથી અંધ બનેલો બાદશાહ વટની ખાતર ક્રૂરતાના કમાડ ખોલી અંદર સૂતેલી સમશેરોને છંછેડવા તૈયાર થઈ ગયો. આ તરફ વૈરના તણખા વેરતો પત્ર ઇન્દ્રરાજાને પહોંચ્યો. એણે યુદ્ધના દાનવને ઢંઢોળ્યો. શાંત સરોવર જેવું વાતાવરણ સમુદ્રના તોફાન જેવું બની ગયું. યુદ્ધની ભેરી વાગવા માંડી. રણશીંગા ફૂંકાવા લાગ્યા. આ બધું એકાએક તોફાન જોઈને રૂપસુંદરી એની દાસીને પૂછે છે.

આજે આપણી નગરીમાં શેનો ઉત્પાત મચી રહ્યો છે. રાણીને આ વાતની કંઇ ખબર નથી. દાસીએ કહ્યું મહારાણી ! આ સંગ્રામ આપના રૂપને માટે છે. આપ જ આ યુદ્ધનું નિમીત્ત છો. રાણીએ પૂછયું શું મારા રૂપ માટે આ મોટો સંગ્રામ છે ? બધી વાત જાણી લીધી. એનું હૃદય ધ્રુજી ઉઠયું. મારા રૂપે આવો મોટો અનર્થ કર્યો ?

રૂપસુંદરી રાણી મહારાજા પાસે જઇને હાથ જોડીને કહે છે. સ્વામીનાથ ! શું મારા રૂપ ખાતર ખૂનખાર જંગ જગાવશો ? શું મારૂં રૂપની આટલી બધી કિંમતી ચીજ છે કે એ રૂપની રક્ષા ખાતર કેટલાય રૂપની રાખ થઈ જાય ? યુદ્ધમાં કેટલાય હાથી ઘોડા વિગેરે નિર્દોષ પ્રાણીઓ મરી જશે.

મહેરબાની કરીને આપ યુદ્ધ કરવાનો વિચાર બંધ રાખો પણ ઇન્દ્રરાજાને યુદ્ધ કરવાનો નિર્ણય નક્કર હતો. એણે કહ્યું રૂપસુંદરી 'તને તો તારૂં રૂપ સાચવવું જ ગમે છે પણ તને રાજકારણના રંગની શું ખબર પડે ? આમાં તારા રૂપનો જ મુખ્ય સવાલ નથી પણ મારી ઇજ્જતનો સવાલ છે. શું તારૂં ચારિત્ર લુંટવા દઉં ? જો અત્યારે હું યુદ્ધનાં મેદાને ન ઉતરૂં તો મારા કપાળે કાયરનું કલંક ચોંટે અને મારા દેશની આબરૂ પાણીમાં મળી જાય.

રૂપસુંદરી રાણી રાજાના ચરણોમાં પડીને કહે છે નાથ મારા નિમીત્તે આ ભયંકર સંગ્રામ થાય એ મને પસંદ નથી. આપ મને એકવાર દિલ્હી મોકલો. આ સાંભળતા રાજા ક્રોધે ભરાઈને કહે છે. હે રૂપસુંદરી ! તું આ શું બોલી રહી છે ? શું તારે દિલ્હી જવું છે ? તારી ભાવના મલીન બની છે કે તું ત્યાં જવા ઇચ્છે છે ? આ સાંભળીને ચતુર રૂપસુંદરી કહે છે.

નાથ ! આપ એવો વિચાર પણ ન કરશો. હું દિલ્હીશ્વરની કિંમતી જવાળાઓમાં હોમાઈ જવા ઇચ્છતી નથી. આપ યુદ્ધનો રસ્તો છોડી દઇને એકવાર મને દિલ્હીના દરબારમાં હાજર થવાદો પછી હું બધું સંભાળી લઇશ. એ કામના કીડાને મારા રૂપનોઆટલો બધો તલસાટ છે. પણ હું ત્યાં જઈને એને મારી બુદ્ધિ પ્રમાણે સમજાવીશ. સમજાવવા છતાં, જો મને એમ લાગશે કે મારા ચારિત્રની ચાદર ચોખ્ખી રહેવી મુશ્કેલ છે. તો હું હસતે મુખે મોતને ભેટીશ પણ મારા દેહને આંગળી અડવા નહિ દઉં. અને આપની કીર્તિને કલંકિત કરીને મારી પવિત્રતા પર પુળો તો નહિ જ ચાંપવા દઉં

**રૂપસુંદરીના જવાબે જગાડેલી શ્રદ્ધા :—**

રૂપસુંદરી એક સતી સ્ત્રી હતી. એના આત્માનું ઓજસ અલૌકિક હતું એના અવાજમાં પવિત્રતા અને પરાક્રમનો પડઘો ગુંજતો હતો. તેથી રાજાના દિલમાં વિશ્વાસ બેઠો કે રૂપસુંદરી સતી અને વીરનારી છે. એ અબળા નહી પણ સબળા છે. એટલે દિલ્હી જવાની હા પાડી. યુદ્ધના રણશીંગા ફૂંકાતા બંધ થઇ ગયા. વાતા-વરણ શાંત થઈ ગયું- અને ઈન્દ્રરાજાએ અકબર બાદશાહને પત્ર લખ્યો કે. હે દિલ્હીપતિ! રૂપસુંદરી પોતે જ આપની સેવામાં હાજર થવા દિલ્હી આવે છે. પણ યુદ્ધ કરવાનું કોઈ પ્રયોજન નથી, પત્ર દિલ્હી પહોંચ્યો પત્ર વાંચીને અકબરનું હૈયું હર્ષથી નાચી ઉઠયું એના દેહમાં કામનાનો કીડો સળવળવા લાગ્યો. બીજે દિવસે રૂપ-સુંદરી દિલ્હી પહોંચી ગઇ બાદશાહ કાગડોળે એની રાહ જોવા એનું સ્વાગત કરવા ઉભા હતા. ખૂબ પ્રેમથી એનું સ્વાગત કર્યું. એના રૂપની જ્યોતિમાં બાદશાહ અંજાઇ ગયા. ને મનમાં વિચારવા લાગ્યા કે શું એનુ રૂપ છે.

ખરેખર આ રૂપજ્યોતિ મારા અંતઃપુરને અજવાળશે. દિવસ તો આશા ઓરમાનો સાથે પુર્ણ થયો. રાત્રે રૂમઝુમ ઝાંઝરના ઝણકાર સાથે રાણી રૂપસુંદરીએ બાદશાહના મહેલમાં પગ મૂકયો. આ સમજી બાદશાહે ખુબ મોહભર્યા શબ્દોથી એનો સત્કાર કરીને પલંગ ઉપર બેસવા કહ્યું. ત્યારે વાસના ભર્યા વાયુમંડળને કોઇ જુદો જ વળાંક આપવા માટે રૂપસુંદરીએ કહ્યું. જહાંપનાહ! મને પ્રશ્નોનો ખુબ શોખ છે. એટલે મારી ઇચ્છા એવી છે કે આપની સાથે થોડો વાર્તાવિનોદ અને પ્રશ્નોતરી કર્યા પછી આપણા મિલનનો પ્રારંભ કરીએ, એટલે આપને હું પ્રથમ એક પ્રશ્ન પૂછવા ઇચ્છું છું. મોહઘેલા અકબરે કહ્યું હે રૂપસુંદરી! તું એમાં સંકોચ શા માટે રાખે છે? દિલના દરવાજા ખોલીને એક શું? તારે જેટલા પ્રશ્ના પુછવા હોય તેટલા પુછ હું. તને જવાબ દેવા તૈયાર છું.

**વિષયના વિષને ઉતારતી રૂપસુંદરી :—**

રૂપસુંદરીએ કહ્યું—બાદશાહ! આ દુનિયામાં એંઠવાડમાં આનંદ માણનારો કામાંધ બનેલા બાદશાહને ખબર નથી કે આ રૂપસુંદરી

મને શા માટે આવો પ્રશ્ન કરે છે? એના મનમાં એમ થયું કે આ રૂપસુંદરી મને આવો મામૂલી પ્રશ્ન શા માટે પુછતી હશે? તરત જ બાદશાહે કોઈપણ જાતનો વિચાર કર્યા વગર વિના વિલંબ કહ્યું કે રૂપસુંદરી! આ દુનિયામાં એવા પાગલો ફક્ત બે જ છે કે જે એંઠવાડ અમૃતની જેમ આરોગતા હોય છે. તેમાં પહેલો ભિખારી અને બીજો કુતરો. એ બે જ એંઠવાડમાં મુખ નાંખે છે. બાદશાહનો જવાબ સાંભળીને જીવન–મરણની દરકાર કર્યા વિના રૂપસુંદરીએ કહ્યું બાદશાહ આપનો જવાબ સત્ય છે. તો હવે મારે આપનો નંબર શેમાં ગણવો? ભિખારીમાં કે કૂતરામાં?

આ સાંભળતાં બાદશાહની આંખો પહોળી થઈ ગઈ. એના શરીરમાં ક્રોધ–ક્રોધ વ્યાપી ગયો ને મનમાં વિચાર કરવા લાગ્યો કે હું મોટો દિલ્હીશ્વર અને ભારત સમ્રાટ હોવા છતાં આ રૂપસુંદરીને એના રૂપનો આટલો બધો ગર્વ છે કે મને ભિખારી અને કૂતરા જેવો ગણે છે? મર્યાદાનો ભંગ કરતાં એને શરમ નથી આવતી? બાદશાહે ક્રોધે ભરાઈને કહ્યું રૂપસુંદરી! તું મને સાબીત કરી આપ કે હું ભિખારી અને કૂતરો કઈ રીતે? એમાં મારો નંબર કેવી રીતે ગણે છે આ સમયે બાદશાહને એટલો બધો ક્રોધ હતો કે રૂપસુંદરી સિવાય બીજી કોઈ વ્યક્તિ હોતતો ચકચકતી તલવારથી એનું મસ્તક ધડથી જુદું થઇ જાત પણ રૂપસુંદરી પ્રત્યે પ્રેમ હતો એટલે એવું ન કર્યું. રૂપસુંદરીના દિલમાં ચારિત્રનું ખમીર ઝળકતું હતું. એણે એવો વિચાર ન કર્યો કે મોટા બાદશાહ છે. એના મહેલમાં હું એકલી જ છું. એમને મારી નાંખશે તો? આ તો સાચી સિંહણ હતી. નીડરતાથી કહ્યું કે હે દિલ્હીશ્વર ભિખારીની જેવા ચપ્પણીયું લઇને રૂપની ભીખ માગવા નીકળ્યા છો ને ઉપરથી પાછી સાબિતી માંગો છો? કૂતરાની જેમ વમેલું ચાટવા મોં લંબાવી રહ્યા છો અને ઉપરથી સિદ્ધ કરી આપવાની હોંશિયારી મારી રહ્યા છો? પણ જરા વિચાર કરો. તમે જે રૂપમાં મુગ્ધ બન્યા છો એ તો માત્ર ચામડીનું રૂપ છે આ ચામડીના રૂપને ઝાંખું પડતાં વાર નહિ લાગે. અત્યારે મારી યુવાની જોઈને દિવાના બન્યા છો પણ આ જોખમભરી યુવાનીને

કરમાતા વાર નહિ લાગે આ ઇન્દ્રિયોના નૂરને હણાતા વાર નહિ લાગે, એમાં તમે શું પાગલ બન્યા છો? ચારિત્ર વિનાનો દેહ મડદા જેવો છે. તમે તમારા ચારિત્રનું ભાન ભૂલીને મારી ભીખ માંગી કે નહિ! ભીખ માંગતા પણ જો હું ન મળતતો યુદ્ધ કરીને પણ તમે મને મેળવવાના મનસૂબા સેવ્યા છે કે નહિ? એટલે તમે ભિખારી ખરા કે નહિ? બીજું હું પરણેલી છુ અને મારા માથે પતિ છે એટલે હું ભોગવાઈ ચૂકેલી હોવાથી એંઠ છું. આપ આ એંઠને ખાવા તૈયાર થયા છો કે નહિ? આનાથી બીજો ભિખારી અને કૂતરો કોણ હોઈ શકે? રૂપસુંદરી આવા શબ્દો કહીને સાબદી બનીને ઉભી રહી હતી એણે નિર્ણય કર્યો હતો કે બાદશાહ ક્રોધે ભરાઇને મારા ઉપર બળત્કાર કરવા આવે તો મારી પાસે રહેલી ઝેરની ગોળી ચૂસીને મોતને ભેટીશ પણ મારૂં ચારિત્ર નહિ જવા દઉં બાદશાહની મતિ સુધરે માટે પ્રભુને પ્રાર્થના કરી.

## રૂપસુંદરીના પડકારથી રાજાને થયેલો પશ્ચાતાપ :–

રૂપસુંદરીનો જવાબ સાંભળીને ખરેખર બાદશાહનો મોહ મુરઝાઇ ગયો ને ગર્વ ગળી ગયો. અંતરમાંથી વાસનાનો વાયરો વિદાઇ થઈ ગયો. એ રૂપસુંદરીના ચરણમાં પડી ને ગળગળા સાદે કહે છે હે માતા! તેં તો મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે તેં આજે મને ભિખારી અને કૂતરાથી પણ અટકાવ્યો છે. હે માતા! તું મને ન મળી હોત તો હું ભિખારી અને કૂતરાથી હીણો બની જાત. કારણ કે ખાવા ન હોય તોજ ભિખારી ભીખ માંગે છે અને ન છૂટકે રડતી આંખે વમેલાને ચાટતો હોય છે પોતાની ભૂલ કબૂલ કરીને અકબરે રૂપસુંદરીની માફી માગી અને પોતાને સુધાર્યા બદલ એનો ઉપકાર માનીને એને વિદાય આપી. રૂપસુંદરી પોતાના ચારિત્રમાં કેવી અડગ રહી. પોતે અડગ રહી તો કામાંધ બનેલા બાદશાહને પણ સુધાર્યા આવા દ્રષ્ટાંતો–વાર્તાઓ સાંભળીને દરેકે મનુષ્યે ધર્મમાં અડગ બનવાની જરૂર છે જો અડગ બનીને ધર્મની આરાધના કરીશું તોજ સંસાર રૂપી રોગ મટશે. આ રોગને નાશ કરવા માટે જિનશાસનરૂપી ઔષધી મળી છે અને તપજપ વ્રત નિયમ રૂપી પરેજી પાળવાની છે.

# ૧૫

# અગંધન કુળના સર્પ યાને નગરશેઠના છોકરાનું દ્રષ્ટાંત

એક ગામમાં એક નગરશેઠને એક નો એક પુત્ર હતો, કોઈ જ્યોતિષીએ એનું ભવિષ્ય ભાંખ્યું હતું કે આ છોકરાને જે દિવસે પરણાવશે તે રાત્રે એને નાગ ઉપદ્રવ કરશે એ બચવો મુશ્કેલ છે. એને માથે ભયંકર ઘાત છે. આ સાંભળીને શેઠના હાજા ગગડી ગયા. એકનો એક લાડકવાયો પુત્ર છે. પૈસાનો પાર નથી. એટલે શેઠાણીને પરણાવવાના ખૂબ કોડ છે. દીકરો ભણીગણીને યુવાન થયો એટલે સારા ઘરની કન્યાઓના કહેણ આવવા લાગ્યા. પુત્રને પરણ્યાની પહેલી રાત્રે ભયંકર ઘાત છે, એ વાત શેઠ અને શેઠાણી વિના બીજું કોઈ જાણતું નથી.

એટલે શેઠ–શેઠાણી વિચાર કરે છે કે મારા દીકરાને કેવી કન્યા પરણાવવી ? જો પૈસા અને રૂપનો મોહ કરીશ તો મોટો વાંધો આવશે. કારણ કે જ્યોતિષીના કહેવા પ્રમાણે મારા દીકરાને ઘાત આવી જાય તો શ્રીમંત ઘરની કોમળ કન્યા દુઃખ સહન નહિ કરી શકે પણ જો સામાન્ય ઘરની ધર્મિષ્ઠ કન્યા હશે અને એને આવું કંઈ બનશે તો એ દુઃખ સહન કરી શકશે ધર્મ સમજેલી હશે તો એનામાં ધૈર્યતા રહેશે માટે એવી કન્યા શોધીએ તેથી ઘણી કન્યાઓના કહેણ આવે છે પણ શેઠ રૂપ કે શ્રીમંતાઈને પસંદ કરતાં નથી. શોધતા શોધતા મધ્યમ સુખી ઘરની ધર્મના સંસ્કાર પામેલી એક કન્યા પસંદ કરી અને તેની સાથે સગપણ કર્યું.

પોતાના પુત્રના લગ્ન થયા પછી પહેલી રાત રહેવા માટે શેઠે એક દંડીયો મહેલ તૈયાર કરાવ્યો. એક દંડીયો મહેલ એટલે એ

મકાનને છાપરૂં હોય પણ બારી બારણાં કંઈ ન હોય. આવા તબેલા જેવા મકાનને દંડીયો મહેલ કહેવામાં આવે છે. માત્ર હવા આવવા એકાદ નાની જાળી કે બારી મૂકાવી છે. તેને પણ ઝીણી બારીક જાળી જડાવી દીધી છે. સ્હેજ પણ છિદ્ર રાખે તો અંદર નાગ પ્રવેશ કરી શકે ને ?

શેઠે સુથારને કહ્યું હતું કે આ બારીએ જાળી જડી દેજો. સુથારે કહ્યું ભલે શેઠ ! ચિંતા ન કરો એ કામ હું પૂરૂં કરી દઇશ એટલે શેઠ તો નિશ્ચિંત બની ગયા અને શુભ દિવસે શેઠના દીકરાના ધામધૂમથી લગ્ન કર્યાં. આખો દિવસ આનંદથી પસાર થયો. રાત્રે શેઠે પોતાના પુત્ર અને પુત્રવધુ એ દંડીયા મહેલમાં સૂવા મોકલ્યા. બનવા યોગ બન્યું એવું કે સુથારને બારીએ જાળી જડવાનું શેઠે કહેલું તે લક્ષ ચૂકાઈ ગયું. શેઠે પણ ફરીને તપાસ કરેલી નહિ. મહેલને બીજા બારી બારણા ન હતા.

એટલે આ બંને પતિ–પત્ની બારી ખુલ્લી મૂકીને આનંદ વિનોદ કરીને નિશ્ચિંત બનીને સૂઈ ગયા કારણ કે એમને ખબર નથી કે આજે રાત્રે શું બનવાનું છે. એમાં ભલભલા જ્ઞાની કે બુદ્ધિવંત પુરૂષોનું પણ કંઈ ચાલતું નથી. આ બંને પતિ–પત્ની ઘસઘસાટ ઉંઘે છે. બીજી તરફ અગંધન કુળના નાગને એના ઉપરીએ આજ્ઞા કરી કે જા ફલાણા શેઠનો દીકરો આજે પરણીને આવ્યો છે એને તારે કરડવાનું છે મોટાની આજ્ઞા થાય એટલે નાગને જવું જ પડે. તેથી નાગ બારીમાંથી પ્રવેશ કરીને મહેલમાં આવ્યો.

બે માણસ પલંગમાં સૂતા છે આ જોઈને નાગના મનમાં વિચાર થયો કે આ નવદંપતિની જોડી કેવી શોભી રહી છે. હજુ પરણ્યાની પ્રથમ રાત છે હાથના મીંઢળ પણ છૂટયા નથી. પગની પાનીમાંથી કંકુ લૂછાયાં નથી આ કોડ ભરી કન્યા કેટલા મનોરથ લઈને પરણી હશે. હું એના પતિને ડંખ દઉં તો એનું શું થશે ? એના મનના મનોરથ ભાંગીને ભૂક્કો થઈ જશે. મારે નથી કરડવું નાગને દયા આવી એટલે કરડયા વિના પાછો ચાલ્યો ગયો.

ત્યારે ભરનિંદ્રામાં સૂતેલી કન્યાને સ્વપ્ન આવ્યું કે એના પતિને જાણે કોઈ ભયંકર નાગ ડંખ દઈ રહ્યો છે ને પતિનું મૃત્યુ થાય છે. આવું દૃશ્ય જોઇને પત્ની એકદમ જાગૃત થઇ ગઈ. એની છાતીમાં થડકારો થવા લાગ્યો. છતાં હિંમત કરીને પલંગમાંથી નીચે ઉતરીને બેસી ગઇ પણ પતિને જગાડયા નહિ.

આ છોકરી ઘણી ધર્મિષ્ઠ હતી એટલે એણે વિચાર કર્યો કે મને સ્વપ્ન આવ્યું છે ને કદાચ એમ બનશે તો નાગદેવ અહીંથી જ જશે ને ? ત્યારે હું એમને ખોળો પાથરીશ, વિનંતી કરીશ તો જરૂર કૃપા કરીને મારૂં સૌભાગ્ય અખંડ રાખશે. આવો વિચાર કરીને એ પલંગના પાયા પાસે બેસીને નવકાર મંત્રનું સ્મરણ કરવા લાગી. બીજી તરફ નાગ કરડયા વિના પાછો ગયો ત્યારે એના ઉપરીએ કહ્યું કે તું પાછો કેમ આવ્યો ? મારી આજ્ઞાનું પાલન કેમ ન કર્યું ? હવે પાછો જા. ઉપરીની આજ્ઞા થાય એટલે જવું જ પડે. એમાં ચાલે નહિ તેથી નાગદેવ પાછા આવ્યા. જોયું તો બાઈ પલંગનો પાયો પકડી બેઠી છે.

પાપ કર્મનો ઉદય કેવું કામ કરે છે ! બાઈ પતિને બચાવવા માટે તો બેઠી છે. પણ ભાગ્યવશ તે જ વખતે એને બેઠા બેઠા ઝોકું આવી ગયું એટલે નાગ આવ્યો તે ખબર ન પડી. નાગ પલંગ ઉપર ચઢયો પણ એને કરડવાની હિંમત ચાલતી નથી. અરેરે....આ બિચારી પલંગનો પાયો પકડીને બેઠી છે એનું સૌભાગ્ય રોળાઇ જશે. મારે નથી કરડવું ને પાછા પણ જવું નથી. હવે બે-ત્રણ કલાક રાત બાકી છે. જે છે તે આજની રાતનો જ પ્રશ્ન છે. આજની રાત વીતી ગયા પછી ચિંતા નથી તો હું એની બાજુમાં પડયો રહીશ. એટલે નાગ છોકરાની બાજુમાં પથારીમાં પડયો રહ્યો.

આ છોકરાને ખબર નથી કે એની પત્નીને પણ ખબર નથી. છોકરો ઉંઘમાં ને ઉંઘમાં પડખું ફર્યો એટલે નાગને જોરથી એના પગની લાત વાગી તેથી નાગને ક્રોધ ચઢયો અરે.... મેં તારા ઉપર કરુણા કરી ત્યારે તેં જ મને લાત મારી ? બસ હવે તને કરડું. ભાવિમાં બનવાનું છે એટલે કોઈ મિથ્યા કરી શકતું નથી. નાગે

અસ્થા એના પણ ડંખ દીધો ડંખ દીધો એવી એના મુખમાંથી કારમી ચીસ નીકળી ગઈ. નાગ ડંખ દઈને જલ્દીથી ચાલ્યો ગયો પતિની ચીસ સાંભળીને બાઈ બેબાકળી બની ઉભી થઇ જોયું તો નાગ જાય છે. બાઈએ પતિની ચીસ સાંભળીને બૂમો પાડી.

બા....બાપુજી દોડો એમને નાગ કરડી ગયો. બા-બાપુજી તો જાણતાં હતાં કે આજે રાત્રે કંઈક નવા જુની થેશે. એટલે ઝેર ઉતારનારા ગારુડીઓ અને વાદીઓને તૈયાર રાખ્યા હતા તરત જ બધા દોડતા આવ્યા. નાગ ભયંકર ઝેરી હતો. એટલે ડંખ દેતાની સાથે છોકરાનું શરીર લીલું કાચ જેવું થઈ ગયું. છોકરી કહે છે. બા-બાપુજી મને રાત્રે આવું સ્વપ્ન આવ્યું ત્યારથી હું જાગતી બેસીને નવકાર મંત્રનું સ્મરણ કરતી હતી પણ કોણ જાણે મને સ્હેજ ઝોકું આવી ગયું ને આ બનાવ બની ગયો. એમ બોલતી કાળો કલ્પાંત કરવા લાગી. સાસુ કહે બેટા! અમે તો જાણતા જ હતા એટલે જાગતા જ છીએ.

છોકરાને નાગ કરડયો છે એ ખબર મળતા મંત્રવાદીઓએ મંત્ર જાપ શરુ કર્યા. મંત્રની એવી શક્તિ છે કે મંત્રવાદી બોલે એટલે નાગને ત્યાં આવીને હાજર થવું જ પડે. વાદીઓએ કેસર આદિ સુગંધી પદાર્થો નંખાવીને દૂધ ઉકાળી ઠંડુ કરાવી મોટું કૂંડુ ભરાવ્યું અને બીજી તરફ અગ્નિનો ભડભડતો કુંડ તૈયાર કરાવ્યો.

અને સુગંધીદાર પુષ્પો લાવ્યા આ બધી તૈયારી કરીને વાદી મંત્ર ગણવા લાગ્યો. અગંધન કુળનો નાગ ત્યાં હાજર થયો. વાદીઓ કહે હવે તારૂં કાઢેલું ઝેર તું ચૂસી જા અને આ શેઠના દીકરાને બચાવ. જો આ એની નવપરણેતા સ્ત્રી કેટલો કલ્પાંત કરે છે. હે નાગદેવ આ ઝેર ચૂસી લેશો તો તમને આ ઠંડા અને મીઠા દૂધ પીવા મળશે. નહિ ચૂસો તો આ ભડભડતી અગ્નિના કૂંડમાં પડવું પડશે. અગંધનકુળમાં ઉત્તમ થયેલા નાગ વમેલુ ઝેર કદી પાછું ચૂસતા નથી માટે હું આ ઝેર પાછું નહિ ચૂસું. હું અગ્નિના કુંડમાં પડીને મરી જવું પસંદ કરીશ.

અગંધનકુળના નાગની જેમ મરણને ઇચ્છો તે શ્રેષ્ઠ કામભોગમાં દૃષ્ટિ કરવી તે ખરાબ છે.

આવ્યા અમ આંગણે ચંદ્રશેખર મહારાજ
શાહપુર સંઘ વંદન કરે હાથ જોડી ને આજ
ચંદ્રસેન મુની સાથમાં આવ્યા ચાર્તુમાસ
સુદી છઠે પ્રવેશ કર્યો રૂડો અષાડ માસ
આવો આવો ને મહારાજ તમોને વંદન કરીયે આજ
મારા આંગણા ઉજળા

વ્યાખાન સુણવા બેનો પણ મોટી સંખ્યામાં આવે
જપ તપ ને પચ્ચકખાણ કરેને નીત્ય નવી ગુહલી ગાવે
આયંબીલ એક જ ધાનના પુન્યશાળી કરાવે
છઠ્ઠ અને અઠ્ઠમ માં તો મોટી સંખ્યા થાવે
આવા થાતા અનુષ્ઠાન તેના ગાતા સૌ ગુણગાન
મારા આંગણા ઉજળા

તપસ્યામાં પણ મોટી સંખ્યામાં સૌ કોઈ જોડાયા
શાસન દેવી એ કરી કૃપા ને થયા લાભ સવાયા
મહોત્સવ સુંદર થયો અને વરઘોડામાં સૌ આયા
વર્ધમાન તપની ઓળી કેરા નખાવ્યા છે પાયા
ટ્રસ્ટીઓની સેવાનો નહિં પાર સંઘમાં વર્તો જય જયકાર
મારા આંગણા ઉજળા

ચંદ્રશેખર મહારાજ તમારી મીઠી મધુરી વાણી
વ્યાખ્યાન સાંભળનારા સૌ નરનારી થતા પાણી પાણી
રવીવારે બાળકોને સબીર માં હોય ઉજાણી
શાશ્વતી ઓળી આવે છે લેજો બરાબર જાણી
ગણજો મહામંત્ર નવકાર જપતા મયણાને શ્રીપાળ
મારા આંગણા ઉજળા

રચિયતા:- ગાંડાલાલ વાડીલાલ ચુનારાના ખાંચો શાહપુર.

# ગુરૂ ગુણ ગહુલી

૧ શાહપુર નગર રળીયામણું જ્યાં તપસ્યા મહોત્સવ થાય
નાના – મોટા સંઘમાં સૌને, હૈયે હરખ ન માય
શાસન દેવની કૃપા ભારી, તપસ્યાઓ થઇ ઘણી સારી
૨ જયચંદભાઇના સુપુત્ર છેને, થરા છે જેમનું ગામ,
કેશરબેન ની કુખ ઉજાળી, છોડયો વૈભવ તમામ
બન્યા પંચ મહાવ્રતધારી, ધન્ય ધન્ય જનની તમારી,
૩ લબ્ધિસુરી ના લાડકા શિષ્ય ચંદ્રશેખર મુનીરાજ
શાહપુર નગરે ડંકો દીધો, મુનિ ચંદ્રસેન સાથ
કાલીઘેલી એમની વાણી, જાણે વહેતુ ગંગાનું પાણી,
૪ પાંચપોળ ના ટ્રસ્ટીઓની સેવા અજોડ કે વાય,
પ્રસંગો સુંદર નિહાળીને હૈયું બહુ હરખાય,
તન – મન – ધનથી દીધી સેવા મોક્ષની ટીકીટ લેવા
૫ અનુષ્ઠાનો ઉપરા ઉપરી મોટી સંખ્યામાં થાય,
વર્ધમાન તપના પાયા માટે સૌ કોઇ તૈયાર થાય
પછી આવશે શાશ્વતી ઓળી, તેમાં બહેનોની જામશે ટોળી
૬ શાહપુરના નરનારીને અંગે ઉમંગ ના માય
જલયાત્રાના વરઘોડામાં સૌ કોઇ સામેલ થાય
શ્રાવિકાઓએ ગાયું ગાણું આવ્યું નહોતુ જાણ્યું ટાણુ
૭ કાનો – માત્ર ઓછું વતુ જો કોઈ બોલાયું હોય આજ
સકલ સંઘની ક્ષમા માંગુ જોડી ને બંને હાથ
કાલે ટાઇમસર આવો આવ્યા અવસર દીપાવો
ગોરીની ટોળી ન – ધનથી દીધી સેવા મેઅક્ષતે વધાવો
'ગાંડાભાઇ' ગુનો ઉપરા ઉપરી મોટી ખ ન માયે
રચયિતા : ગાંડાભ તપના પાયા માટે સૌ ો, શાહપુર

ચંદ્રજયોત દ્રષ્ટાંત સંગ્ર શાશ્વતી ઓળી, તેમાં ણ ભા ૩ રૂ. ૫
પ્રાપ્તિસ્થાન : ચંદ્રજયો નરનારીને અંગે . (તા. કાંકરેજ)
C/O. ચંપકલાલ ચીમનલાલ, શાહ કોલોની, શાહપુર, અમદાવાદ.